પ્રત : ૩૦૦૦
વિ. સં. ૨૦૩૬, આષાડ સુદ ૧૫, ગુરુપૂર્ણિમા, તા. ૨૭ જુલાઈ ૧૯૮૦.

મૂલ્ય : 'પરમ વિનય' અને 'હું કંઈ જ જાણતો નથી' એ ભાવ.

પરામર્શક :
રાધેશ્યામ શર્મા

સંકલન :
રમેશ મ. ભટ્ટ

મુખપૃષ્ઠ : મનવર

ત્રિમંત્ર :
જિતેન્દ્ર પટેલ

મુદ્રક : જિતેન્દ્ર આઈ. મહેતા, ચન્દ્રમણિ પ્રિન્ટરી, ૬, પૂનાજી ઔદ્યોગિક વસાહત, દૂધેશ્વરરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.



દાદા ભગવાનના
અસીમ જય જય કાર

પ્રકાશકીય

શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટની સ્થાપના પછી પૂ. દાદા ભગવાનની સંમતિપૂર્વક હાલ તૈયાર થઈ રહેલ પ્રથમ પ્રકાશન "આપ્તસૂત્ર" પછી આ દ્વિતીય પ્રકાશન છે.

પ્રસ્તુત પ્રકાશન પૂ. દાદાનાં જ્ઞાનગર્ભિત પ્રગટ વાક્યોની સંકલિત પ્રસાદી છે. અધ્યાત્મ-પ્રરસિક પ્રો. રમેશ મ. ભટ્ટનો, અમારા પરામર્શક શ્રી રાધેશ્યામ શર્માના સન્મિત્ર હોવાના નાતે પૂ. દાદા ભગવાનના સત્સંગોમાં અવારનવાર પરિચય થતો ગયો, જે માઉન્ટ આબુ મુકામે મે ૧૯૮૦માં યોજાયેલી આપ્તપુત્ર શિબિરમાં ગાઢ થયો. આથી રમેશ ભટ્ટે આપ્તવાણી-૩માંથી પતિ-પત્ની-પુત્ર, કહો કે પરિવારને અનુલક્ષી સાંસારિક વ્યવહારમાં કેવા પ્રકારનાં "એડજસ્ટમેન્ટ" સાધી સનાતન સુખ પામવું તે પૂ. દાદાશ્રીના જ શબ્દોમાં [illegible], સરસ સંકલના કરી આપી છે તે બદલ આ ટ્રસ્ટ તેમની ઉપકારપૂર્વક આભાર માનવાની તક લઈ છું.

[illegible]

[illegible]

પરમ જ્ઞાનીનું વ્યવહારદર્શન

'દાદા' જેવા વહાલસોયા શબ્દથી સંબોધાતા અને ઓળખાતા શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલના હૃદયમાં 'ભગવાન' પ્રગટ થયા છે. જીવમાત્રના હૃદયમાં જે 'ભગવાન' બિરાજે છે એનું પ્રાગટ્ય દાદાના દેહરૂપમાં થયું છે એ એક વિરલ ઘટના છે. એથી 'દાદા ભગવાન' સૌના હૃદયમાં છે એમ આ દાદા વારંવાર કહ્યા કરે છે. આ પ્રગટ પુરુષ પાસે આવીને,—આ પ્રગટ જ્ઞાનજ્યોત પાસે સરી સરીને-પોતાના અંતરમાં રહેલા દીપને પ્રગટાવવાનું એક અનોખું નિમિત્ત આ દેહરૂપ દાદા છે. દાદાશ્રી વારંવાર કહે છે કે આ શરીર એ 'દાદા ભગવાન' નથી; એ તો અંદર પ્રગટ થયા છે. એવી નિમિત્ત સંયોગે સમીપ આવનાર જીવના અંતરમાં તેઓશ્રી કરુણાભાવે જ્ઞાનજ્યોત પ્રગટાવે છે. એ કરવામાં એ કશું આપતા નથી, તેમજ એમની પાસે આવનાર કશું લેતો નથી—એવી સહજ રીતે બધું બની રહે છે. કેમકે સહજતા એ આત્માનો ગુણધર્મ છે.

જાગ્રતિ પેદા કરતી તેઓશ્રીની સહજક્રિયાનું નવું નામ 'અક્રમ' છે. માનવજીવનનો એક માત્ર ધ્યેય પરમાત્મસ્વરૂપમાં આવવાનો છે. આવા જીવનધ્યેય તરફ અંતરની આંખ ઉઘાડી આપવાની શક્તિ કેવળ જ્ઞાની પુરુષમાં જ હોય છે. જે નિરંતર જ્ઞાનદશામાં પ્રવર્તે છે એ જ વિભૂતિ અન્ય જીવમાં આત્મજાગ્રતિ પ્રેરી શકે છે. દાદાશ્રી જ્ઞાનવિધિ દ્વારા જીવનના ધ્યેય પરત્વે જાગ્રતિ પ્રેરનાર છે. આવી જ્ઞાનવિધિમાંથી પસાર થનાર જીવને દાદાશ્રી 'મહાત્મા' તરીકે સ્વીકારે છે. આવા જીવે 'જ્વાળામુખી જેવી તમન્ના'થી દાદાશ્રીને મોખરે રાખીને દાદાપ્રેરિત પાંચ જ્ઞાનાજ્ઞાઓના સહજ પાલન દ્વારા જીવનમાં ગતિ કરવાની છે. તેઓશ્રીના અક્રમવિજ્ઞાનનું આ હાર્દ છે એવી મારી નમ્ર સમજ છે.

ઑગસ્ટ '૭૯ માં મારા મિત્ર શ્રી. રાધેશ્યામ શર્માએ 'આપ્તવાણી' પુષ્પ-૪ મને મોકલાવ્યું. 'આપ્તવાણી' વાંચતાં વાંચતાં હું હર્ષોલ્લાસ અનુભવતો હતો. કેમ કે એ શબ્દો પાછળ સાચુકલો, ગંભીરવંતો, અનોખી ખુમારીવાળો અને પરમનિશ્ચયવાળો રણકો સંભળાયા કરતો હતો. એ પછી ભાઈશ્રી જયંતભાઈ હીરાણી પાસેથી 'આપ્તવાણી' પુષ્પ ૨-૩ મળ્યાં. એમાં ત્રીજા પુષ્પમાં 'જીવન જીવવાની કળા' પછીનાં પ્રકરણોમાંનું દાદાશ્રીનું વ્યવહારુ માર્ગદર્શન મને ઘણું આકર્ષક લાગ્યું. દાદાશ્રીને સૌપ્રથમ મળવાનું ઑક્ટોબર '૭૯ માં થયેલું પણ ૧૯૮૦ના જાન્યુઆરીમાં મુંબઈમાં સત્સંગમાં મળ્યો ત્યારે 'આપ્તવાણી' પહેલું પુષ્પ (બીજી આવૃત્તિ) મળ્યું. આ રીતે આપ્તવાણી મને 'અક્રમ'માં મળી! આ પણ એક વિલક્ષણ 'વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવો' બની રહ્યો! એ વખતે મેં ઉમળકા

અને ઉલ્લાસમાં આવીને 'આપ્તવાણી' પુષ્પ-૩ માંના પતિ-પત્નીના વ્યવહાર તેમજ કુટુંબમાંના વ્યવહાર વિષેના ભાગનું પુનર્મુદ્રણ કરાવીને, હજારો લોકોને એ પહોંચાડવા સૂચવેલું. પણ સંસારમાં જીવનવ્યવહારનું માર્ગદર્શન આપતી જ્ઞાની પુરુષ દાદાની એ વાણીનું પુનઃસંપાદનકાર્ય મને સોંપાશે એની મને કલ્પનાય નહોતી. પૂ. દાદાશ્રીના મહાત્માઓ મુ. શ્રી. ખેતશીભાઈ શાહ તથા ડૉ. નીરુબહેન અમીને મને આ એક સેવાતક આપી ઘણો જ આભારી કર્યો છે. પરન્તુ આ પુસ્તકના સંપાદન-પ્રકાશનના ખરા યશભાગી તો એ બે મહાત્માઓ જ છે.

દાદાશ્રી જ્ઞાનાનુભવની અપેક્ષાએ આ સંસારને સાપેક્ષ-('રિલેટીવ') રૂપે સ્વીકારે છે. હાલ દાદાશ્રી જે પરમપદમાં છે, તે અંગાઉ તેઓશ્રીએ પોતાના રીઅલ(સત્) સ્વરૂપને પામવાના-અનુભવવાના ધ્યેયને લક્ષમાં રાખીને, સંસાર વ્યવહાર ઉકેલ્યો છે. હવે આપણે સંસાર વ્યવહારમાં ઉકેલ કેવી રીતે આણવો, અને સંસારમાં રહીને સનાતન સુખ અને હૃદયમાં પરમ શાંતિ કેવી રીતે અનુભવવાં એ દર્શાવે છે. કેમકે આ સંસારમાં રહીને પોતે અનુભવ્યું છે એવું સનાતન સુખ અનુભવી શકાય છે, એનો એક 'જીવતો જાગતો' પુરાવો તેઓ શ્રી સ્વયં છે. આ દષ્ટિએ સંસારમાંના વ્યવહાર માટેનું આ માર્ગદર્શન આત્માનુભવીનું દર્શન છે. તેઓશ્રી કહે છે કે,

ઉઈ સમજીને એને જ્ઞાનભક્તિ અને પ્રેમપૂર્વક પ્રયોજવા
ગૂંચો ઉકલે છે. અને જીવન સરળ અને શાંતિમ
દામ્પત્યસુખ માટે દાદાશ્રી 'ઍડજસ્ટમેન્ટ'ની રીત દર
'ઍડજસ્ટમેન્ટ'—અનુકૂલન—વ્યક્તિને નબળું પાડનારુ
બનાવનારું નથી જ નથી. કેમ કે એની સાથે જ્ઞાના
પ્રાપ્ત કર્મ સંયોગોનો સમભાવે નિકાલ કરવાનું દાદ
છે. આનો અર્થ એવો નથી કરવાનો કે બીજે બીજે -
નીચી મૂકીએ જે સંજોગો આવી મળે એ સહી લેવા
'સોલ્યુશન' આણવું. કેમકે દાદાશ્રી કહે છે કે કોઈ
શકતું નથી. એ તો એ વખતે પોતાના મનમાં
છે. અને પાછો સંયોગ આવી મળતાં એ વેરની આગ
જ્યારે દાદાશ્રીએ દર્શાવેલી ઉકેલ દૃષ્ટિથી ધૈર્ય, હામ,
જેવા ગુણો ખીલે છે. અને એ ગુણો આત્મશક્તિનો અનુ
સહાયરૂપ બની રહે છે. આ રીતે જ્ઞાનની 'વાત સમજી
ધ્યેયનું લક્ષ રાખીને વર્તાય તો પતિ અને પત્ની પર
અનુભવ કરી શકે. દાદાશ્રીએ પ્રેમ અને આસક્તિનાં
સ્પષ્ટ કર્યા છે, એ પરથી સૌ કોઈ પોતાની આંતરિ
પ્રમાણી શકશે.

જે રીતે લગ્નજીવનને સમજણપૂર્વક ઉજાળવાનું છે
માતા-પિતા તરીકેની યોગ્યતા પણ સમજણપૂર્વક કે
આપણા સમાજમાં જીવનવ્યવહારની આ મહાન
મહત્ત્વની અવસ્થા પ્રત્યે અણસમજ, ગેરસમજ અને
પ્રવર્તે છે. દાદાશ્રી આપણી આવી અવસ્થાના મૂળને
સ્પર્શે છે. જે રીતે દામ્પત્યભાવનાની યોગ્ય અને સ્પષ્ટ સમ
લગ્નજીવનમાં પ્રવેશ થાય છે તે રીતે માતા-પિતા તરી
જવાબદારીની સભાનતા વિના જ માતા-પિતા થઈ
વળી સંસારમાં તો આવી અવસ્થાપ્રાપ્તિનું ગૌરવ-મા
દાદાશ્રી આવા માતા-પિતાને 'અનસર્ટિફાઇડ' ગણાવે છે
'બાપ-મૂળો ને મા ગાજર' એ રૂઢિપ્રયોગને લાક્ષણિ
પ્રયોજ્યો છે. પિતા-માતા થતાં અગાઉ પતિ-પત્ની, યો
હૃદય ભૂમિકાવાળાં થયાં ન હોય, તેમ છતાં પિતા-માત
પણ પોતાના જીવનવ્યવહારમાં ઉચ્ચ હેતુની સભાનતા
હોય; તેવાં પિતા-માતા માટે તેઓશ્રીએ આ રૂઢિપ્રયોગ
આવાં પિતા-માતા પોતાનાં સંતાનો પરત્વે ઊંચી આશા-
રાખે તે અયોગ્ય છે.

હવે આવી અસાવધતામાં નિર્માયેલો જનસમાજ અ
અથડામણો ભોગવે—અનેક પ્રકારની અડચણોમાં
એમાં દોષ કોનો? ભૂલ કોની? મોટા ભાગના લો

માટે બીજાના દોષ ખોળે છે અને જુએ છે. અને બીજાઓને સુધારવાની ઉત્સાહી જહેમત આદરે છે. જ્ઞાની પુરુષની દૃષ્ટિએ આ તો અવળું ગણિત છે. આથી દાદાશ્રી કાળનાં લક્ષણો દર્શાવીને હાલની કૌટુંબિક અને સામાજિક અરાજકતા માટે વ્યક્તિની પોતાની જવાબદારી છે એમ જણાવે છે. દરેકને પોતાના દોષ જોવા અને પોતાને સુધારવા પ્રેરે છે.

આ રીતે પણ દરેક વ્યક્તિ પોતે પોતાને જુએ એવી પદ્ધતિ દાદાશ્રી દર્શાવે છે. અને પોતે 'સુધર્યા વિના–પાંસરા થયા વિના' જગતનો કોઈ ખૂણો સરખો થઈ શકવાનો નથી એવી ઊંચી આધ્યાત્મિક અને અનિવાર્ય પ્રતીતિ કરાવે છે.

આ નાના પુસ્તકમાં દામ્પત્યની તથા પરિવારની સુખાકારી માટેની અત્યંત વ્યવહારુ જ્ઞાનાત્મક ચાવી પડેલી છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે એમાંનાં શબ્દો કો'ક બૌદ્ધિક ઉપદેશકના ચિત્રમાંથી કે કો'ક સમાજશાસ્રીના ચિંતનમાંથી આવેલા નથી, પણ સંસારમાં સુખી થવા જે રીત દર્શાવાઈ છે એ રીત અજમાવીને–આચરીને પરમસુખ પામનારની અને વિશેષ કરીને તો આત્મ સ્વરૂપમાં રહેલા આ દાદાશ્રીના હૃદયની વાણીરૂપે છે. એમાં રહેલાં સચ્ચાઈ અને [illegible]નો રણકો કોઈ પણ વાચક અનુભવી શકે એમ છે. આ ઉપરાંત [illegible] ચિત્તનું 'દાદા ભગવાન' સાથે સહજ રીતે અનુસંધાન [illegible] એ તો એક અનેરો પ્રસાદ ગણાય. દાદાશ્રીનું આ વ્યવહારુ [illegible] સોંસરી વાણીમાં પ્રગટ્યું છે. એમાં રહેલા [illegible] વાચક અનુભવે અને પોતાના જીવનનો [illegible] પામે એવી પરમકૃપાળુ ભગવાનને [illegible] પ્રાર્થના કરું છું.

[illegible]

—રમેશ મ. ભટ્ટ



त्रिमंत्र

१. नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो ऊवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं ॥

२.ॐ नमो भगवते वासुदेवाय ॥

३. ॐ नमः शिवाय ॥

जय सच्चिदानंद ॥



લગ્નજીવન એટલે સંસારની સમતુલા.

પૈણશો નહીં તો જગતનું બેલેન્સ કેમ રહેશે? છોને પૈણો! દાદાને તેનો વાંધો નથી. પણ વાંધો અણસમજણનો છે. આપણે શું કહેવા માંગીએ છીએ કે બધું કરો, પણ વાતને સમજો કે આ શું હકીકત છે?

— ભરત રાજાએ ૧૩૦૦ રાણીઓ સાથે આખી જિંદગી કાઢી અને તે જ ભવે મોક્ષ લીધો! ૧૩૦૦ રાણીઓ સાથે!!! માટે વાતને સમજવાની છે. સમજીને સંસારમાં રહો. બાવા થવાની જરૂર નથી. અને જો આ સમજાયું તો બાવો થઈને એક ખૂણામાં પડી રહે. બાવો તો જેને સ્ત્રી જોડે સંસારમાં ફાવતું ના હોય તે થાય. અને સ્ત્રીથી દૂર રહેવાય છે કે નહીં એવી શક્તિ કેળવવા માટેની આ એક કસરત છે.

સંસાર તો ટેસ્ટ એક્ઝામિનેશન (કસોટી) છે. ત્યાં 'ટેસ્ટેડ' થવાનું છે. લોખંડ પણ 'ટેસ્ટેડ' થયા વગરનું ચાલતું નથી, તો મોક્ષમાં 'અનટેસ્ટેડ' ચાલતું હશે?

માટે મૂર્છિત થવા જેવું આ જગત નથી. મૂર્છાને લીધે આવું જગત દેખાય છે અને માર ખઈ ખઈને મરી જવાનું! ભરતને ૧૩૦૦ રાણીઓ હતી તે તેની શી દશા હશે? આ ઘેર એક રાણી હોય તોય તે ઢેડ ફજેતો કરાવ કરાવ કરે છે. તો ૧૩૦૦ રાણીઓમાં ક્યારે પાર આવે? અરે, એક રાણી જીતવી હોય તો મહા મુશ્કેલ થઈ પડે છે! જીતાય જ નહીં. મતભેદ પડે કે પાછો લોચો પડી જાય! ભરત રાજાને તો ૧૩૦૦ રાણીઓ જોડે નભાવવાનું. રાણીવાસમાંથી પસાર થાય તો પચાસ રાણીઓનાં મોઢાં ચઢેલાં! અરે, કેટલીક તો રાજાનું કાટલું જ કાઢી નાખવા ફરતી હોય. મનમાં વિચારે કે ફલાણી રાણીઓ એમની પોતાની ને આ પરભારીઓ! એટલે કંઈક રસ્તો કરો. કાંઈક કરે તે રાજાને મારવા માટે. ખૂન કરાવે નહીં; પણ પેલી રાણીઓને ખુદી કરવા સારુ! રાજા ઉપર દ્વેષ નથી; પેલી રાણીઓ

લગ્નજીવન એટલે સંસારની સમતુલા.

પૈણશો નહીં તો જગતનું બેલેન્સ કેમ રહેશે? છોને પૈણો! દાદાને તેનો વાંધો નથી. પણ વાંધો અણસમજણનો છે. આપણે શું કહેવા માંગીએ છીએ કે બધું કરો, પણ વાતને સમજો કે આ શું હકીકત છે?

ભરત રાજાએ ૧૩૦૦ રાણીઓ સાથે આખી જિંદગી કાઢી અને તે જ ભવે મોક્ષ લીધો! ૧૩૦૦ રાણીઓ સાથે!!! માટે વાતને સમજવાની છે. સમજીને સંસારમાં રહો. બાવા થવાની જરૂર નથી. અને જો આ સમજાયું તો બાવો થઈને એક ખૂણામાં પડી રહે. બાવો તો જેને સ્ત્રી જોડે સંસારમાં ફાવતું ના હોય તે થાય. અને સ્ત્રીથી દૂર રહેવાય છે કે નહીં એવી શક્તિ કેળવવા માટેની આ એક કસરત છે.

સંસાર તો ટેસ્ટ એક્ઝામિનેશન (કસોટી) છે. ત્યાં 'ટેસ્ટેડ' થવાનું છે. લોખંડ પણ 'ટેસ્ટેડ' થયા વગરનું ચાલતું નથી, તો મોક્ષમાં 'અનટેસ્ટેડ' ચાલતું હશે?

માટે મૂર્છિત થવા જેવું આ જગત નથી. મૂર્છાને લીધે આવું જગત દેખાય છે અને માર ખઈ ખઈને મરી જવાનું! ભરતને ૧૩૦૦ રાણીઓ હતી તે તેની શી દશા હશે? આ ઘેર એક રાણી હોય તોય તે ઢેડ ફજેતો કરાવ કરાવ કરે છે. તો ૧૩૦૦ રાણીઓમાં ક્યારે પાર આવે? અરે, એક રાણી જીતવી હોય તો મહા મુશ્કેલ થઈ પડે છે! જીતાય જ નહીં. મતભેદ પડે કે પાછો લોચો પડી જાય! ભરત રાજાને તો ૧૩૦૦ રાણીઓ જોડે નભાવવાનું. રાણીવાસમાંથી પસાર થાય તો પચાસ રાણીઓનાં મોઢાં ચઢેલાં! અરે, કેટલીક તો રાજાનું કાટલું જ કાઢી નાખવા ફરતી હોય. મનમાં વિચારે કે ફલાણી રાણીઓ એમની પોતાની ને આ પરભારીઓ! એટલે કંઈક રસ્તો કરો. કાંઈક કરે તે રાજાને મારવા માટે. ખૂન કરાવે નહીં, પણ પેલી રાણીઓને બુઠ્ઠી કરવા સારુ! રાજા ઉપર દ્વેષ નથી; પેલી રાણીઓ

[illegible]
છે. [illegible]
[illegible] જાણે [illegible]" [illegible]
જાણવાનું હશે? [illegible] જાણે છે, [illegible] કોઈ જાણતું જ ન[illegible]
આ લાકડાને કોઈ જાણે છે પણ લાકડાના સ્વભાવને કોઈ જાણે છે?
જે જાણવાનું હોય તેને જ જાણે છે. આમ આક્ષેપો આપે છે. [illegible]
તો ભાન જ નથી. મનુષ્યપણું બેભાન થઈ ગયું છે. નહીં તો ઘરમાં
આક્ષેપો અપાતા હશે? પહેલાંના જમાનામાં ઘરમાં માણસો એકબીજા
આક્ષેપો આપે જ નહીં. અરે, આપવાનો થાય તોય ના આપે. મન
એમ જાણે કે આક્ષેપ આપીશ તો સામાને દુઃખ થશે. અને કળિયુગ
તો લાગમાં લેવા ફરે. ઘરમાં મતભેદ કેમ હોય?

પ્રશ્ન : તો પછી મતભેદ થવાનું કારણ શું?

દાદાશ્રી : ભયંકર અજ્ઞાનતા. એને સંસારમાં જીવતાં નથી આવડ[illegible] દીકરાનો બાપ થતાં નથી આવડતું. વહુનો ધણી થતાં નથી આવડ[illegible] જીવન જીવવાની કળા જ આવડતી નથી. આ તો છતે સુખે [illegible] ભોગવી શકતા નથી.

પ્રશ્ન : પણ ઘરમાં વાસણ તો ખખડે જ ને?

દાદાશ્રી : વાસણ રોજ રોજ ખખડે એ કેમનું ફાવે? આ [illegible]સમજતો નથી તેથી ફાવે છે. જાગૃત હોય તેને તો એક મતભેદ પડ

૧૮૦૦ રૂપિયાની ઘોડી લે. પછી ભાઈ ઉપર બેસવા જાય. ભા
બેસતાં ના આવડે તે સળી કરવા જાય એટલે ઘોડીએ કોઈ દિ
સળી જોઈ ના હોય એટલે ઊભી થઈ જાય ! અક્કરમી પડી જાય ! પ
ભાઈ લોકોને કહે શું કે ઘોડીએ મને પાડી નાખ્યો. અને આ ઘો
એનો ન્યાય કોને કહેવા જાય ? ઘોડી પર બેસતાં તને નથી આવ
એમાં તારો વાંક કે ઘોડીનો ? અને ઘોડીય બેસતાંની સાથે સમ
જાય કે આ તો જંગલી જનાવર બેઠું ! આને બેસતાં ...

તેમ આ હિન્દુસ્તાની સ્ત્રીઓ એટલે આર્યનારી, તેની જોડે
લેતાં ના આવડે તો પછી એ પાડે જ ને ? એક ફેર ધણી જો સ્ત્રી
સામે થાય તો તેનો વક્કર જ ના રહે. આપણું ઘર સારી રીતે ચાલ
હોય, છોકરાં ભણતાં હોય સારી રીતે, કશી ભાંજગડ ના હોય
આપણને તેમાં અવળું દેખાયું અને વગર કામના સામા થઈ
એટલે આપણી અક્કલનો કીમિયો સ્ત્રી સમજી જાય કે આના
બરકત નથી !

જો આપણામાં વક્કર ના હોય તો ઘોડીને પંપાળ પંપાળ કરે
તોય એનો પ્રેમ આપણને મળે. પહેલો વક્કર પડવો જોઈએ. વાઈફ
કેટલીક ભૂલો આપણે સહન કરીએ તો તેના પર પ્રભાવ પડે. આ

ર ભૂલે ભૂલ કાઢીએ તો શું થાય ? કેટલાક પુરુષો સ્ત્રીના સંબંધમાં
ાણૂમ કરે છે. તે બધી ખોટી બૂમો હોય છે. કેટલાક સાહેબ એવા
ય છે કે ઑફિસમાં કારકૂન જોડે ડખાડખ કર્યા કરે. બધા કારકૂન
ુ સમજે કે સાહેબમાં બરકત નથી. પણ કરે શું-પુણ્યૈએ એને
સ તરીકે બેસાડયો ત્યાં ? કેટલાક મેજિસ્ટ્રેટો મેં એવાય જોયેલા કે
ર્ટમાં ૭ વર્ષની સજા ઠોકીને આવે—ને ઘેર તો બીબી જોડે પંદર પંદર
વસથી કેસ 'પેન્ડિંગ' પડેલો હોય ! સાહેબને પૂછીએ : કેમ ? તો કહે
એનામાં અક્કલ નથી. ને આ અક્કલનો કોથળો ! વેચે તો ચાર
ાનાય ના આવે !!! સાહેબની વાઈફને પૂછીએ તો એ કહેશે કે
વા દોને એમની વાત. કશી બરકત જ નથી એમનામાં !

સ્ત્રીઓ માનભંગ થાય તે આખી જિંદગી ના ભૂલે. ઠેઠ નનામી
ઢતાં સુધી એ રીસ સાબૂત હોય ! એ રીસ જો ભુલાતી હોય તો
ગત બધું ક્યારનુંય પૂરું થઈ ગયું હોત ! નથી ભુલાય એવું-માટે
તના રહેજો. બધું ચેતીને કામ કરવા જેવું છે !

સ્ત્રીચરિત્ર્ય કહેવાય છે ને ? એ સમજાય એવું નથી. પાછી
ીઓ દેવીઓ પણ છે ! એટલે એવું છે કે એમને દેવીઓ તરીકે
ેશો તો તમે દેવ થશો. બાકી તમે તો મરઘા જેવા રહેશો. હાથિયા
મરઘા જેવા. હાથીભાઈ આવ્યા ને મરઘાભાઈ આવ્યા ! એમને દેવી
રીકે જોશો તો તમે દેવ થશો. આ તો લોકોને રામ થવું નથી ને
રમાં સીતાજીને ખોળે છે ! ગાંડિયા, રામ તો તને નોકરીમાંય ના
ાખે. આમાં આમનો પણ દોષ નથી. તમને સ્ત્રીઓ જોડે 'ડિલિંગ'
રતાં નથી આવડતું. તમને વેપારી જોડે, ઘરાક જોડે ડિલિંગ કરતાં
ા આવડે તો એ તમારી પાસે ના આવે. એટલે આપણા લોક નથી
હેતા કે સેલ્સમેન સારો રાખો. સારો, દેખાવડો, હોશિયાર સેલ્સમેન
ોય તો લોક થોડો ભાવ પણ વધારે આપી દે. એવી રીતે આપણને
ત્રી જોડે ડિલિંગ કરતાં આવડવું જોઈએ.

ઢવા તલપી રહ્યા હોય. એટલે ખરો માણસ તો ઘરની બાબતમાં ાથ જ ના ઘાલે. એને પુરુષ કહેવાય. નહીં તો એ સ્ત્રી જેવો હોય. ટલાક માણસો તો ઘરમાં જઈને મરચાંનાં ડબ્બામાં જુએ કે આ . મહિના પર મરચાં લાગ્યાં હતાં તે એટલી વારમાં થઈ રહ્યાં! ાલ્યા, મરચાં જુએ છે તે ક્યારે પાર આવે? એ જેનું ડિપાર્ટમેન્ટ ાય તેને ચિંતા ના હોય? કારણ કે વસ્તુ તો વપરાયા કરે ને લેવાયાય રે. પણ આ વગરકામનો દોઢ ડાહ્યો થવા જાય! પછી બાઈએય ાણે કે ભઇની પાવલી પડી ગયેલી છે! માલ કેવો છે તે બેન ામજી જાય. ઘોડી સમજી જાય કે ઉપર બેસનાર કેવો છે, તેમ સ્ત્રી ાણ બધું સમજી જાય.

એના કરતાં 'ભાભો ભારમાં તો વહુ લાજમાં'. ભાભો ભારમાં ા રહે તો વહુ શી રીતે લાજમાં રહે? નિયમ અને મર્યાદાથી જ ્યવહાર શોભશે. મર્યાદા ના ઓળગશો ને નિર્મળ રહેજો.

પ્રશ્ન : સ્ત્રીએ પુરુષની કઈ બાબતમાં હાથ ના ઘાલવો?

દાદાશ્રી : પુરુષની કોઈ બાબતમાં ડખો જ ના કરવો. દુકાનમાં કેટલો માલ આવ્યો? કેટલો ગયો? આજે મોડા કેમ આવ્યા? પેલાને પછી કહેવું પડે કે, 'આજે નવની ગાડી ચૂકી ગયો.' ત્યારે બેન કહેશે કે, 'એવા કેવા ફરો છો કે ગાડી ચૂકી જવાય?' એટલે પછી પેલા ચિઢાઈ જાય. પેલાને મનમાં એમ થાય કે આવું ભગવાન પણ પૂછનાર હોત તો તેને મારત. પણ અહીં આગળ શું કરે હવે? એટલે વગર કામના ડખા કરે છે. બાસમતીના ચોખા સરસ રાંધે ને પછી મહીં કાંકરા નાંખીને ખાય! એમાં શો સ્વાદ આવે? સ્ત્રીપુરુષે એકમેકને 'હેલ્પ' કરવી જોઈએ ધણીને ચિંતા, 'વરીઝ' રહેતી હોય તે તેને કેમ કરીને ના થાય એવું સ્ત્રી બોલતી હોય અને ધણી પણ બૈરી મુશ્કેલીમાં ના મુકાય એવું જોતો હોય. ધણીએ પણ સમજવું જોઈએ કે સ્ત્રીને છોકરાં ઘેર કેટલાં હેરાન કરતાં હશે? ઘરમાં તૂટેફૂટે તો પુરુષે બૂમ ના પાડવી જોઈએ. પણ તેય લોકો બૂમ પાડે કે ગયે

...માં સરસ ડઝન કપરકાબી લાવ્યો હતો તે તમ...
...યાં ? બધું ખલાસ કરી નાંખ્યું. એટલે પેલી બેનને મનમાં
...મેં તોડી નાખ્યાં ? મારે કંઈ એને ખાઈ જવાં હતાં ? તૂટી
...ટી ગયાં, તેમાં હું શું કરું ? 'મી કાય કરૂં ?' કહેશે. હવે ત્યાંય
... જ્યાં કશી લેવાય નહીં ને દેવાય નહીં. જ્યાં વઢવાનું કોઈ
...ની ત્યાંય લઢવાનું ? !

દાદાશ્રી : આપણને રસોઈ જોઈએ અને ખાટલો પાથરી આપે પછી શું ? અને ખાટલો ના પાથરી આપે તો તેય આપણે પાથરી લઈએ ને ઉકેલ લાવીએ. શાંતિથી વાત સમજવી પડે. તમારા સંસારના હિતાહિતની વાત કંઈ ગીતામાં લખેલી હોય ? એ તો જાતે સમજવી પડશે ને ?

હસબન્ડ એટલે વાઈફની વાઈફ (પતિ એટલે પત્નીની પત્ની !) આ તો લોક ધણી જ થઈ બેસે છે ! અલ્યા, વાઈફ કંઈ ધણી થઈ બેસવાની છે ? હસબન્ડ એટલે વાઈફની વાઈફ. આપણા ઘરમાં મોટો અવાજ ના થવો જોઈએ. આ લાઉડ સ્પીકર છે ? આ તો અહીં બૂમો પાડે તે પોળના નાકા સુધી સંભળાય ! ઘરમાં ગેસ્ટ તરીકે રહો. અમેય ઘરમાં ગેસ્ટ તરીકે રહીએ છીએ. કુદરતના ગેસ્ટ તરીકે તમને. જો સુખ ના આવે તો પછી સંસારમાં શું સુખ આવવાનું છે ? !

૨. પસંદગી

પરણતાં પાત્રની પસંદગી

સુખ પડે એટલા માટે લોક શાદી કરે છે. તોય ઊલટું લોકને વધારે ફસામણ લાગે. મને કોઈ હેલ્પર (મદદનીશ) મળે, સંસાર સારો ચાલે એવો કોઈ પાર્ટનર મળે એટલા માટે શાદી કરે છે ને ?

સંસાર આમ આકર્ષક હોય પણ મહીં પેઠા પછી મૂંઝવણ થાય. પછી નીકળાય નહીં, "લક્કડકા લડ્ડુ, જો ખાય વો ભી પસ્તાય, જો ના ખાય વો ભી પસ્તાય"

પૈણીને પસ્તાવાનું. પસ્તાવાથી જ્ઞાન થાય. અનુભવજ્ઞાન થવું જોઈએ ને ? એમ ને એમ ચોપડી વાંચે તો કંઈ અનુભવજ્ઞાન થાય ? ચોપડી વાંચીને કંઈ વૈરાગ્ય આવે ? વૈરાગ્ય તો પસ્તાવો થાય ત્યારે આવે.

એક બેનને પરણવું જ નહોતું. એમનાં ઘરનાં મારી પાસે તેને તેડી લાવ્યાં, ત્યારે મેં એને સમજાવી. પૈણ્યા વગર ચાલે એમ નથી. અને

પૈણીને પસ્તાયા વગર પણ ચાલે તેમ નથી. માટે આ બધી શંકા રહેવા દે ને હું કહું છું એ પ્રમાણે તું પરણી જા. જેવો વર મં. એવો પણ વર તો મળ્યો ને? કોઈ પણ જાતનો વર જોઈએ. એટલે લોકોને આંગળી કરવાની ટળી જાય ને? અને કયા આધારે ધણી મળે છે એ મેં તેને સમજાવ્યું. બેન સમજી ગઈ. ને મારા કહ્યા પ્રમાણે પૈણી. પણ પછી વર જરા દેખાવડો ના લાગ્યો. એટલે એણે કહ્યું. કે મને દાદાજીએ કહ્યું છે એટલે પરણવું જ છે. બેનને પણતાં પહેલાં 'જ્ઞાન' આપ્યું અને પછી તો એણે મારો એકે શબ્દ ઓળંગ્યો નહિ ને બેન એકદમ સુખી થઈ ગઈ.

છોકરાઓ છોકરીની પસંદગી કરતાં પહેલાં બહુ ચૂંથે છે. બહુ ઊંચી છે, બહુ નીચી છે, બહુ જાડી છે, બહુ પાતળી છે જરા કાળી છે. મેર ચક્કર, આ તે કંઈ ભેંસભેંસ છે? છોકરાઓને સમજ પાડે કે લગ્ન કરવાની રીત શું હોય? તારે જઈને છોડીને જોવી ને આંખથી આકર્ષણ થાય એ આપણું લગ્ન જ નક્કી છે અને આકર્ષણ ના થાય તો આપણે બંધ રાખવું. ... ને આમ કર. તેમ કર એમ કરે! એક છોકરો આવું બોલતો હતો તેને મેં તો ખખડાવ્યો. મેં કહ્યું, "તારી મધર બહુ વહુ થઈ હતી. તું કઈ જાતનો માણસ છે ને? સ્ત્રીઓનું આટલું બધું ઘોર અપમાન! આજે છોકરીઓ વધી ગઈ છે તેથી સ્ત્રીઓનું અપમાન થાય છે. પહેલાં તો આ ડોબાઓનું ઘોર અપમાન થતું હતું. તેનો આ બદલો વાળે છે પહેલાં તો પાંચસો ડોબાઓ-રાજાઓ લાઈનબંધ ઊભા રહે ને એક રાજકુંવરી વરમાળા [illegible] નીકળે. ને ડોબાઓ ડોક આગળ ધરીને ઊભા રહે! કુંવરી [illegible] ચાલી કે ડોબાને કોણ તો [illegible] ના નીકળે! કેવું ઘોર અપમાન! આવું આ પૈણવાનું!! એના કરતાં ના પૈણ્યા હોય તો સારું!

[illegible] આજકાલ તો છોકરીઓ બહુ કાઢતી થઈ ગઈ છે કે જરા [illegible] છે? તમે જરા કેવા દેખાવ છો? જુઓ, આપણે આમ [illegible] (ટેન્ડર) કાઢી તો આ બેન શબ્દોને આપણા? એના

તાં સિસ્ટમ જ ના પાડીએ તો શું ખોટું ? આ આપણે લફરું લ્યું તો આપણને એ લફરું વધ્યું.

આ કાળમાં જ છેલ્લા પાંચેક હજાર વર્ષથી પુરુષો કન્યા લેવા ય છે. તે પહેલાં તો બાપ સ્વયંવર રચે ને તેની મહીં પેલા સો બા આવેલા હોય ! તેમાંથી કન્યા એક ડોબાને પાસ કરે ! આ રીતે ાસ કરીને પૈણવાનું તેના કરતાં ના પૈણવું સારું. આ બધા ડોબા ાઇનબંધ ઊભા હોય. તેમાંથી કન્યા વરમાળા લઈને નીકળી હોય. બધાંના મનમાં લાખ આશાઓ હોય તે ડોકી આગળ ધર્યા રે ! આ રીતે આપણી પસંદગી વહુ કરે એના કરતાં જન્મ જ ના લેવો સારો ! તે આજે એ ડોબાઓ સ્ત્રીઓનું ભયંકર અપમાન કરીને વેર વાળે છે! સ્ત્રીને જોવા જાય ત્યારે કહે : આમ ફર, તેમ ફર, એમ કહે.

કૉમનસેન્સ

હું બધાંને એમ નથી કહેતો કે તમે બધાં મોક્ષે ચાલો. હું તો એમ કહું છું કે જીવન જીવવાની કળા શીખો. કૉમનસેન્સ થોડી ઘણી તો જાણે શીખો લોકોની પાસે! ત્યારે શેઠિયાઓ મને કહે કે 'કૉમનસેન્સ' તો અમારી પાસે ઘણી છે. ત્યારે મેં તેમને કહ્યું, "તમને કૉમનસેન્સ હોય તો આવું હોય નહીં. તું તો ડફોળ છે" શેઠે પૂછ્યું : "કૉમનસેન્સ એટલે શું ?"

મેં કહ્યું, "Commonsense એટલે Everywhere applicable—Theoretically as well as practically." (બધે જ કામમાં આવે એવી !)

ગમે તેવું તાળું હોય, કટાયેલું હોય કે ગમે તેવું હોય પણ કૂંચી નાખે કે તરત ઊઘડી જાય એનું નામ કૉમનસેન્સ. તમારે તો તાળાં ઊઘડતાં નથી, વઢવાડો કરો છો અને તાળાં તોડો છો ! અરે, ઉપર ઘણો મોટો મારો છો, મતભેદ તમને પડે છે ? મતભેદ એટલે

ત્યારે શેઠે પૂછ્યું, 'મારે કરવું શું ?'

મેં કહ્યું, "વાતને સમજો ને કેવી રીતે જીવન જીવવું એ સમજો. એકલા પૈસા પાછળ ના પડો. શરીરનું ધ્યાન રાખતા રહો. નહીં તો હાર્ટ-ફેઈલ થશે. શરીરનું ધ્યાન, પૈસાનું ધ્યાન, છોકરીઓના સંસ્કારનું ધ્યાન, બધા ખૂણા વાળવાના છે. એક ખૂણો તમે વાળ વાળ કરો છો. હવે બંગલામાં એક જ ખૂણો ઝાપટ ઝાપટ કરીએ ને બીજે બધે પૂંજો પડયો હોય તો કેવું થાય ? બધા જ ખૂણા વાળવાના છે. આ રીતે તો જીવન કેમ જીવાય ?"

કૉમનસેન્સવાળો ઘરમાં મતભેદ થવા જ ના દે. એ કૉમનસે કયાંથી લાવે ? એ તો 'જ્ઞાની પુરુષ' પાસે બેસે, જ્ઞાની પુરુષ ચરણોનું સેવન કરે ત્યારે કૉમનસેન્સ ઉત્પન્ન થાય. કૉમનસેન્સવા ઘરમાં કે બહાર કયાંય ઝઘડો જ ના થવા દે. આ મુંબઈમાં મત વગરનાં ઘર કેટલાં ? મતભેદ થાય ત્યાં કૉમનસેન્સ કેમ કહેવાય ? ઘર વાઈફ કહે કે અત્યારે દહાડો છે તો આપણે 'ના, રાત છે' કરી ઝઘડા માંડીએ તો તેનો કયારે પાર આવે ? આપણે તેને કહીએ અમે તને વિનંતી કરીએ છીએ કે રાત છે, જરા બહાર તપાસ કર તોય એ કહે કે 'ના, દિવસ જ છે' ત્યારે આપણે કહીએ, 'શુ આ

રેકટ. મારી ભૂલ થઈ ગઈ!' તો આપણી પ્રગતિ મંડાય. નહીં તો ાનો પાર આવે તેમ નથી. આ તો બાયપાસર, વટેમાર્ગુ છે બધા. ાઇફ પણ બાયપાસર છે. આ બધી રિલેટિવ સગાઈઓ છે. રિઅલ ાગાઈઓમાં કોઈ છે જ નહીં. અરે, આ દેહ જ રિલેટિવ છે ને! આ હુ જ દગો છે તો એ દગાનાં સગાં કેટલાં હશે? આ દેહને આપણે ાજ નવડાવીએ, ધોવડાવીએ તોય પેટમાં દુઃખે તો એમ કહીએ કે ાજ તારી આટલી આટલી માવજત કરું છું તો આજે જરા શાંત હે ને તોય એ ઘડી વાર શાંત ના રહે. એ તો આબરૂ લઈ નાંખે. મરે, આ બત્રીસ દાંતમાંથી એક દુઃખતો હોય ને તોય એ બૂમો ાડાવડાવે. આખું ઘર ભરાય એટલાં તો આખી જિંદગીમાં દાતણ ર્યાં હોય, રોજ પીંછી મારમાર કરી હોય તોય મોઢું સાફ ના ાય! એ તો હતું તેવું પાછું. એટલે આ તો દગો છે. માટે મનુષ્ય અવતાર ને હિન્દુસ્તાનમાં જન્મ થાય, ઊંચી જ્ઞાતિમાં જન્મ થાય અને જો મોક્ષનું કામ ના કાઢી લીધું તો તું ભટકાઇ મર્યો. જા, તારું બધું જ નકામું ગયું.

ભલે મોજાંની જરૂર બધાંને ના હોય પણ કૉમનસેન્સની જરૂર તો બધાંને ખરી. આ તો કૉમનસેન્સ નહીં હોવાથી ઘરનું ખાઈ પીને અથડામણો થાય છે. બધાં કંઈ કાળાં બજાર કરે છે? છતાં ઘરના ત્રણ માણસોમાં સાંજ પડ્યે તેત્રીસ મતભેદ પડે છે. આમાં શું સુખ પડે? પછી નફ્ફટ થઈ જીવે. એ સ્વમાન વગરનું જીવન શું કામનું? એમાંય મેજિસ્ટ્રેટ સાહેબ કોર્ટમાં સાત વર્ષની સજા ઠોકીને આવ્યા હોય પણ ઘેર પંદર પંદર દા'ડાથી કેસ પેન્ડિંગમાં પડયો હોય! બાઈસાહેબ જોડે અબોલા હોય! ત્યારે આપણે મેજિસ્ટ્રેટ સાહેબને પૂછીએ કે કેમ? તો સાહેબ કહે કે, "બાઈ બહુ ખરાબ છે, બિલકુલ જંગલી છે."

હવે બાઈસાહેબને પૂછીએ કે, "કેમ, સાહેબ તો બહુ સારા માણસ છે ને!"

ત્યારે બાઈસાહેબ કહે. "જવા દો ને નામ. રેટન માલ

હવે આવું સાંભળીએ ત્યાંથી જ ના સમજી જઈએ કે આ પોલંપોલ છે જગત! આમાં કરેક્ટનેસ જેવું કશું જ નથી.

આજે રાત્રે નિરાંતે સૂઈ જવાય એવું હતું. વાઈફ જો શા ભાવનું લાવી હોય તો શાક જોઈએ અક્કરમી તરૂકે, "આટલા ભાવનું તે શાક લવાતું હશે?" ત્યારે બાઈ સાહેબ કહેશે. "આ મારી પર એટેક કર્યો." એમ કહીને બાઈ ડબલ એટેક કરે હવે પાર ક્યાં આવે?

થવા ગયા! ધણી થવા માટેની લાયકાતનું સર્ટિફિકેટ હોવું જોઈએ. તો જ બાપ થવાનો અધિકાર પ્રાપ્ત થાય. આ તો વગર અધિકારે બાપ થઈ ગયા ને પાછા દાદાય થાય! આનો ક્યારે પાર આવશે? કંઈક સમજવું જોઈએ. આ તો રિલેટિવ સગાઈઓ છે. જો રિઅલ સગાઇ હોય ને તો તો આપણે જક્કે ચઢેલા કામના કે તું સુધરે નહીં ત્યાં સુધી જક્કે ચઢીશ. પણ આ તો રિલેટિવ! રિલેટિવ એટલે એક કલાક જો બાઇસાહેબ જોડે જામી જાય તો બેઉને ડાઈવોર્સનો વિચાર આવી જાય પછી એ વિચારબીજનું ઝાડ થાય. આપણને જો વાઈફની જરૂર હોય તો એ ફાડફાડ કરે તો આપણે સાંધસાંધ કરવું. તો જ આ રિલેટિવ સંબંધ ટકે, નહીં તો તૂટી જાય. બાપ જોડેય રિલેટિવ સંબંધ છે.

લોક તો રિયલ સગાઈ માની બાપ જોડે ચઢે જક્કે. એ સુધરે નહીં ત્યાં સુધી જક્કે ચઢવું મેર ચક્કર, એમ કરતાં, સુધરતાં તો ડોસો મરી જશે! એના કરતાં એની સેવા કર ને બિચારો વેર બાંધીને જાય એના કરતાં એને નિરાંતે મરવા દે ને! એનાં શીગડાં એને ભારે કોઈને વીસ વીસ ફૂટ લાંબાં શીંગડાં હોય તેમાં આપણને શું ભાર? જેનાં હોય તેને ભાર. આપણે આપણી ફરજ બજાવવી. માટે જક્કે ના ચઢો. તરત વાતનો ઉકેલ લાવી નાખો. તેમ છતાં સામો માણસ બહુ બાઝે તો કહીએ કે, "હું તો પહેલેથી જ ડફોળ છું. મને તો આવું આવડતું જ નથી" એવું કહી દીધું એટલે પેલો આપણને છોડી દે જે તે રસ્તે છૂટી જાઓ અને મનમાં એમ નહીં માની બેસવાનું કે બધાં ચઢી બેસશે તો શું કરીશું? એ શું ચઢી બેસે? ચઢી બેસવાની કોઈ શક્તિ જ ધરાવતું નથી. આ બધા કર્મના ઉદયથી ભમરડા નાચે છે! માટે જેમ તેમ કરીને આજનો શુક્રવાર કલેશ વગર કાઢી નાખો. કલકી બાત કલ દેખ લેંગે. બીજે દહાડે કંઈક ટેટો ફૂટવાનો થયો તો ગમે તે રીતે તેને ઢાંકી દેવો. ફિર દેખ લેંગે. આમ દિવસો કાઢવા.

આદર્શ પતિપત્ની

ધણી કોને કહેવાય?
સંસારને નભાવે તેને.
પત્ની કોને કહેવાય?
સંસારને નભાવે તેને.

સંસારને તોડી નાખે એને પત્ની કે ધણી કેમ કહેવાય? એણે તો એના ગુણધર્મ જ ખોઈ નાખ્યા કહેવાય ને? વાઈફ પર રીસ ચઢે તો આ માટલી ઓછી ફેંકી દેવાય? કેટલાક કપરકાબી ફેંકી દે ને પછી નવાં લઈ આવે! અલ્યા, નવા લાવવાં હતાં તે ફોડયાં શું કામ? ક્રોધમાં અંધ બની જાય તે હિતાહિતનું ભાન પણ ગુમાવી દે.

આ લોક તો ધણી થઈ બેઠા છે.

ધણી તો એવો હોવો જોઈએ કે બાઈ આખો દહાડો ધણીનું મોઢું જોયા કરે.

પ્રશ્ન : પરણ્યા પહેલાં બહુ જુએ છે.

દાદાશ્રી : એ તો જાળ નાખે છે. માછલું એમ જાણે કે [illegible] માગ્યા છે તો મારું કામ થઈ ગયું. પણ [illegible] તો ને. કાંટો ભેગો જશે. આ તો ફસામણવાળું છે બધું.

[illegible] કોઈ નહીં [illegible] ક્યારે કાઢવાના કે ઘરનાંને આગ [illegible] વગર [illegible] ને ક્યારે આવે, ક્યારે [illegible] જોયા કરે.

[illegible] પ્રેમ નથી. આ તો માત્ર વિષયાસક્તિ [illegible] આસક્તિના [illegible] આવે [illegible] આસક્તિ કહેવાય. આસક્તિ

એટલે સંડાસ. પ્રેમ તો પહેલાં એટલો બધો હતો કે ધણી પરદેશ ગયો હોયને તે પાછો ના આવે તો આખી જિંદગી એનું એમાં જ ચિત્ત રહે. બીજા કોઈ સાંભરે જ નહીં. આજે તો બે વરસ ધણી ના આવે તો બીજો ધણી કરે. આને પ્રેમ કેમ કહેવાય? આ તો સંડાસ છે. જેમ સંડાસ બદલે છે તેમ. જે ગલન છે તેને સંડાસ કહેવાય.

પ્રેમમાં તો અર્પણતા હોય.

પ્રેમ એટલે લગની લાગે તે અને તે આખો દહાડો યાદ આવ્યા કરે. શાદી બે રૂપે પરિણામ પામે. કોઈ વખત આબાદીમાં જાય તો કોઈ વખત બરબાદીમાં જાય. પ્રેમ બહુ ઉભરાય તે પાછો બેસી જાય. જે ઉભરાય છે તે આસક્તિ છે. માટે જ્યાં ઉભરાય તેનાથી દૂર રહેવું. લગની તો આંતરિક હોવી જોઈએ. બહારનું ખોખું બગડી જાય, કહોવાઈ જાય તોય પ્રેમ એટલો ને એટલો જ રહે. આ તો હાથ દઝાયો હોય ને આપણે કહીએ કે જરા પીવડાવો તો ત્યારે ધણી કહેશે કે, 'ના, મારાથી નથી જોવાતું !' અલ્યા, તે દહાડે તો હાથ પંપાળ પંપાળ કરતો હતો ને આજે કેમ આમ? આ ઘૃણા કેમ ચાલે? જ્યાં પ્રેમ છે ત્યાં ઘૃણા નથી ને જ્યાં ઘૃણા છે ત્યાં પ્રેમ નથી. સંસારી પ્રેમ પણ એવો હોવો જોઈએ કે જે એકદમ ઓછો ના થઈ જાય કે એકદમ વધી પણ ના જાય. નોર્માલિટીમાં હોવો જોઈએ. જ્ઞાનીનો પ્રેમ તો ક્યારે પણ વધઘટ ના થાય. એ પ્રેમ તો જુદો જ હોય. એને પરમાત્મપ્રેમ કહેવાય.

બહેન : વ્યવહારમાં 'નોર્માલિટી'ની ઓળખાણ કેવી રીતે થાય ?

દાદાશ્રી : બધાં કહેતાં હોય કે તું 'મોડી ઊઠે છે, મોડી ઊઠે છે' તો આપણે ના સમજી જઈએ કે આ નોર્માલિટી ખોવાઈ ગઈ છે? રાત્રે અઢી વાગ્યે ઊઠીને તું ફરફર કરે તો બધાં ના કહે કે, "આટલા બધા વહેલાં શું ઊઠો છો?" આ પણ નોર્માલિટી ખોઈ નાખી કહેવાય. નોર્માલિટી તો બધાંને એડજસ્ટ થઈ જાય એવી છે.

ખાવામાં પણ નોર્માલિટી જોઈએ. જો પેટમાં વધારે નાખ્યું હોય તો ઊંઘ આવ્યા કરે. અમારી ખાવાપીવાની બધી જ નોર્માલિટી જોજો. સૂવાની, ઊઠવાની બધી જ અમારી નોર્માલિટી હોય. જમવા બેસીએ ને થાળીમાં પાછળથી બીજી મીઠાઈ મૂકી જાય તો હું જાણું કે હવે આમાંથી થોડુંક લઉં. હું પ્રમાણફેર થવા ના દઉં. હું જાણું કે આ બીજું આવ્યું માટે શાક કાઢી નાખો. તમારે આટલું બધું કરવાની જરૂર નથી. તમારે તો મોડું ઉઠાતું હોય તો બોલ બોલ કરવું કે આ નોર્માલિટીમાં નથી રહેવાતું. એટલે આપણે તો પોતાને ટકોર મારવી કે વહેલું ઊઠવું જોઈએ. તે ટકોર ફાયદો કરશે. આને જ પુરુષાર્થ કહ્યો છે. રાત્રે ગોખ ગોખ કરે કે વહેલું ઊઠવું

ચઢાવવો છે ? તું જીવતો છે કે મરેલો છે ? પોલીસની મદદ લેવાની હોય તો તું ધણી ના થઈશ. આવાં જીવડાં તો નર્કગતિમાં જાય.

ઘરનો ધણી હાફ રાઉન્ડ ચાલે જ નહીં, એ તો ઓલ રાઉન્ડ જોઈએ. કલમ, કડછી, બડછી, તરવું, તાંતરવું ને તસ્કરવું–આ છયે છ કળા નથી આવડતી તો એ માણસ નથી. ગમે તેટલો નાગામાં નાગો માણસ હોય તો પણ તેની જોડે એડજસ્ટ થતાં આવડે, મગજ ખસે નહીં તે કામનું. ભડકે ચાલે નહીં.

જેને પોતાની જાત ઉપર વિશ્વાસ છે તેને આ જગતમાં બધું જ મળે એવું છે. પણ આ વિશ્વાસ જ નથી આવતો ને ! કેટલાકને તો એય વિશ્વાસ ઊડી ગયો હોય છે કે આ વાઈફ જોડે રહેશે કે નહીં રહે ? પાંચ વરસ નભશે કે નહીં નભે ? અલ્યા, આ પણ વિશ્વાસ નથી ? વિશ્વાસ તૂટયો એટલે ખલાસ. વિશ્વાસમાં તો અનંત શક્તિ છે, ભલેને અજ્ઞાનતામાં વિશ્વાસ હોય. 'મારું શું થશે'–થયું કે ખલાસ ! આ કાળમાં લોક બગવાઈ ગયેલા હોય છે. દોડતો દોડતો આવતો હોય ને તેને પૂછીએ કે તારું નામ શું છે તો એ બગવાઈ જાય !

ભાઈ : હું વાઈફ જોડે બહુ એડજસ્ટ થવા જાઉં છું પણ થવાતું નથી.

દાદાશ્રી : બધું હિસાબસર છે. વાંકા આંટા ને વાંકી નટ. ત્યાં સીધી નટ ફેરવે તો શી રીતે ચાલે ? તમને એમ થાય કે આ સ્ત્રી-જાતિ આવી કેમ ? પણ સ્ત્રીજાતિ તો તમારું 'કાઉન્ટર વેઈટ' છે. જેટલો આપણો વાંક એટલી એ વાંકી. એટલે તો બધું "વ્યવસ્થિત" છે એવું કહ્યું છે ને ?

ભાઈ : બધા જ આપણને સીધા કરવા આવ્યા હોય એમ લાગે છે.

દાદાશ્રી : તે સીધા કરવા જ જોઈએ તમને. સીધા થયા સિવાય દુનિયા ચાલે નહીં ને ? સીધો થાય નહીં તો બાપ શી રીતે થાય ?

ખાવામાં પણ નોર્માલિટી જોઈએ. જો પેટમાં વધારે નાખ્યું હોય તો ઊંઘ આવ્યા કરે. અમારી ખાવાપીવાની બધી જ નોર્માલિટી જોજો. સૂવાની, ઊઠવાની બધી જ અમારી નોર્માલિટી હોય. જમવા બેસીએ ને થાળીમાં પાછળથી બીજી મીઠાઈ મૂકી જાય તો હું જાણું કે હવે આમાંથી થોડુંક લઉં. હું પ્રમાણફેર થવા ના દઉં. હું જાણું કે આ બીજું આવ્યું માટે શાક કાઢી નાખો. તમારે આટલું બધું કરવાની જરૂર નહીં. તમારે તો મોડું ઉઠાતું હોય તો બોલ બોલ કરવું કે આ નોર્માલિટીમાં નથી રહેવાતું. એટલે આપણે તો પોતાને ટકોર મારવી કે વહેલું ઊઠવું જોઈએ. તે ટકોર ફાયદો કરશે. આને જ પુરુષાર્થ કહ્યો છે. રાત્રે ગોખ ગોખ કરે કે વહેલું ઊઠવું છે. વહેલું ઊઠવું છે. મારી મચકોડીને વહેલા ઊઠવાનો પ્રયત્ન કરે એનાથી તો મગજ બગડશે.

ચઢાવવો છે ? તું જીવતો છે કે મરેલો છે ? પોલીસની મદદ લેવાની હોય તો તું ધણી ના થઈશ. આવાં જીવડાં તો નર્કગતિમાં જાય.

ઘરનો ધણી હાફ રાઉન્ડ ચાલે જ નહીં, એ તો ઓલ રાઉન્ડ જોઈએ. કલમ, કડછી, બડછી, તરવું, તાંતરવું ને તસ્કરવું—આ છયે છ કળા નથી આવડતી તો એ માણસ નથી. ગમે તેટલો નાગામાં નાગો માણસ હોય તો પણ તેની જોડે એડજસ્ટ થતાં આવડે, મગજ ખસે નહીં તે કામનું. ભડકે ચાલે નહીં.

જેને પોતાની જાત ઉપર વિશ્વાસ છે તેને આ જગતમાં બધું જ મળે એવું છે. પણ આ વિશ્વાસ જ નથી આવતો ને ! કેટલાકને તો એય વિશ્વાસ ઊડી ગયો હોય છે કે આ વાઈફ જોડે રહેશે કે નહીં રહે ? પાંચ વરસ નભશે કે નહીં નભે ? અલ્યા, આ પણ વિશ્વાસ નથી ? વિશ્વાસ તૂટ્યો એટલે ખલાસ. વિશ્વાસમાં તો અનંત શક્તિ છે, ભલેને અજ્ઞાનતામાં વિશ્વાસ હોય. 'મારું શું થશે'—થયું કે ખલાસ ! આ કાળમાં લોક બગવાઈ ગયેલા હોય છે. દોડતો દોડતો આવતો હોય ને તેને પૂછીએ કે તારું નામ શું છે તો એ બગવાઈ જાય !

ભાઈ : હું વાઈફ જોડે બહુ એડજસ્ટ થવા જાઉં છું પણ થવાતું નથી.

દાદાશ્રી : બધું હિસાબસર છે. વાંકા આંટા ને વાંકી નટ. ત્યાં સીધી નટ ફેરવે તો શી રીતે ચાલે ? તમને એમ થાય કે આ સ્ત્રી-જાતિ આવી કેમ ? પણ સ્ત્રીજાતિ તો તમારું 'કાઉન્ટર વેઈટ' છે. જેટલો આપણો વાંક એટલી એ વાંકી. એટલે તો બધું "વ્યવસ્થિત" છે એવું કહ્યું છે ને ?

ભાઈ : બધા જ આપણને સીધા કરવા આવ્યા હોય એમ લાગે છે.

દાદાશ્રી : તે સીધા કરવા જ જોઈએ તમને. સીધા થયા સિવાય દુનિયા ચાલે નહીં ને ? સીધો થાય નહીં તો બાપ શી રીતે થાય ?

થાય. આપણી જોડે દ્વેષભાવ ના થાય એ તો જાણે પહેલું સ્ટેપ, પણ પછી એને ખબર પણ પહોંચે છે.

પ્રશ્ન : એના આત્માને પહોંચે ખરું ?

દાદાશ્રી : હા, જરૂર પહોંચે પછી આત્મા એના પુદ્ગલને પણ ધકેલે છે કે ભઈ, ફોન આવ્યો તારો. આપણું આ પ્રતિક્રમણ છે તે અતિક્રમણ ઉપરનું છે, ક્રમણ ઉપર નથી.

ભાઈ : ઘણાં પ્રતિક્રમણો કરવાં પડે ?

દાદાશ્રી : જેટલું સ્પીડમાં આપણે મકાન બાંધવું હોય એટલા કડિયા આપણે વધારવાના. એવું છે ને કે આ બહારના લોકો જોડે પ્રતિક્રમણ નહીં થાય તો ચાલશે પણ આપણી આજુબાજુનાં ને નજીકનાં, ઘરનાં છે એમનાં પ્રતિક્રમણ વધારે કરવાં. ઘરનાં માટે મનમાં ભાવ રાખવા કે મારી જોડે જન્મ્યા છે, જોડે રહે છે તે કો'ક દહાડો આ મોક્ષમાર્ગ ઉપર આવે.

જેને એડજસ્ટ થવાની કળા આવડી એ દુનિયામાંથી મોક્ષ તરફ વળ્યો. એડજસ્ટમેન્ટ થયું એનું નામ જ્ઞાન. જે એડજસ્ટમેન્ટ શીખી ગયો તે તરી ગયો. ભોગવવાનું છે તે તો ભોગવવાનું જ છે, પણ એડજસ્ટમેન્ટ આવડે એને વાંધે ના આવે. હિસાબ ચોખ્ખો થઈ જાય. સુંવાળા જોડે તો સહુ કોઈ એડજસ્ટ થાય; પણ વાંકા, કઠણ, કડકા જોડે, બધાં જ જોડે એડજસ્ટ થતાં આવડ્યું તો થઈ ગયું. મુખ્ય વસ્તુ એડજસ્ટમેન્ટ છે. 'હા'થી મુક્તિ છે. આપણે 'હા' કહ્યું તો પણ "વ્યવસ્થિત"ની બહાર કાંઈ થવાનું છે ? પણ 'ના' કહ્યું તો મહા ઉપાધિ !

ઘરનાં ધણીધણિયાણી બેઉ જણ નિશ્ચય કરે કે મારે એડજસ્ટ થવું છે તો બન્નેનો ઉકેલ આવે. એ વધારે ખેંચે તો આપણે એડજસ્ટ થઈ જવું. તો ઉકેલ આવે. એક માણસનો હાથ દુઃખતો હતો. પણ તે બીજાને નહોતો કહેતો પણ બીજા હાથે હાથ દબાવીને બીજા હાથેથી એડજસ્ટ કર્યું ! એવું એડજસ્ટ થઈએ તો ઉકેલ આવે. મતભેદથી તો ઉકેલ ના આવે. મતભેદ પસંદ નહીં છતાં પડી જાય છે

[illegible]
સૂઈ જવું. જો [illegible] નહીં ને [illegible]
ના આવે ને આખી રાત જાગે. વ્યાપારમાં, નોકરીમાં, ભાગીદારીમાં કેવું સાચવીએ છીએ? તો આ સંસારની ભાગીદારીમાં આપણે ના સાચવી લેવાય? સંસાર એ ઝઘડાનું સંગ્રહસ્થાન છે. કોઈને ત્યાં બે આની, કોઈને ત્યાં ચાર આની ને કોઈને ત્યાં સવા રૂપિયા સુધી પહોંચી જાય છે!

અહીં ઘેર એડજસ્ટ થતાં આવડતું નથી ને આત્મજ્ઞાનનાં શાસ્ત્ર વાંચવા બેઠા હોય! અલ્યા, મેલને પૂળો અહીંથી. પહેલું 'આ' શીખને. ઘરમાં એડજસ્ટ થવાનું તો કશું આવડતું નથી. આવું છે આ જગત એટલે કામ કાઢી લેવા જેવું છે.

૪ ઘર–પ્રભુમંદિ

ક્લેશ વગરનું ઘર–મંદિર

જ્યાં ક્લેશ હોય ત્યાં ભગવાનનો વાસ રહે નહીં. એટલે આપ ભગવાનને કહીએ, "સાહેબ, તમે મંદિરમાં રહેજો. મારે ઘેર આવશો નહીં અમે મંદિર વધારે બંધાવીશું. પણ ઘેર આવશો નહીં!!" જ ક્લેશ ન હોય ત્યાં ભગવાનનો વાસ નક્કી છે એની તમને હું ગેર આપું છું. બુદ્ધિ અને સમજણથી ક્લેશ ભાંગી શકે એમ મતભેદ ટળે એટલી જાગૃતિ તો પ્રકૃતિગુણથી પણ આવી શકે એટલી બુદ્ધિ પણ આવી શકે તેમ છે. **જાણ્યું તેનું નામ કોઈની જોડે મતભેદ ના પડે.** મતિ પહોંચતી નથી તેથી મતભેદ થા છે. મતિ ફુલ (સંપૂર્ણ) પહોંચતી નથી તેથી મતભેદ થાય. મતભેદ અથડામણ છે, વિકનેસ (નબળાઈ) છે.

કંઈક ભાંજગડ થઈ ગઈ હોય તો તમે થોડીવાર ચિત્તને સ્થિ કરો અને વિચારો તો તમને સૂઝ પડશે. ક્લેશ થયો એટલે ભગવા જતા રહે કે ના જતા રહે?

દાદાશ્રી : આ લક્ષ્મીને લીધે જ આવું થયું છે હંમેશા જો લક્ષ્મી નિર્મળ હોય તો બધું સારું રહે. મન સારું રહે. આ માઠી લક્ષ્મી ઘરમાં પેઠી છે, તેનાથી કલેશ થાય છે. અમે નાનપણમાં નક્કી કરેલું કે બનતાં સુધી ખોટી લક્ષ્મી પેસવા જ ના દેવી, છતાં સંજોગ-વશાત્ પેસી જાય તો તેને ધંધામા રહેવા દેવી, ઘરમાં ના પેસવા દેવી. આજે છાસઠ વરસ થયાં પણ ખોટી લક્ષ્મી પેસવા દીધી નથી, ને ઘરમાં કોઈ દહાડો કલેશ ઊભો થયોયે નથી. ઘરમાં નક્કી કરેલું કે આટલા પૈસાથી ઘર ચલાવવું. ધંધો લાખો રૂપિયા કમાય પણ આ પટેલ સર્વિસ કરવા જાય તો શું પગાર મળે? બહુ ત્યારે છસો, સાતસો રૂપિયા મળે. ધંધો એ તો પુણ્યૈના ખેલ છે. માટે નોકરીમાં મળે એટલા જ પૈસા વપરાય બીજા તો ધંધામાં જ રહેવા દેવાય. ઇન્કમટેક્ષવાળાનો કાગળ આવે તે આપણે કહેવું કે પેલી રકમ હતી તે ભરી દો. ક્યારે કયો 'એટેક' (હુમલો) થાય તેનું કશું ઠેકાણું નહીં. અને જો પેલા પૈસા વાપરી ખાય તો ત્યાં ઇન્કમટેક્ષવાળાનો એટેક આવ્યો તે આપણે અહીં પેલો એટેક આવે! બધે એટેક પેસી ગયા છે ને? આ જીવન કેમ કહેવાય? તમને કેમ લાગે છે? ભૂલ લાગે છે કે નથી લાગતી? તે આપણે ભૂલ ભાંગવાની છે.

કલેશ ના થાય એવું નક્કી કરને? ત્રણ દહાડા માટે તો નક્કી કરી જુઓ ને? અખતરો કરવામાં શું વાંધો છે? ત્રણ દિવસના અપ-વાસ કરે છે ને તબિયત માટે? તેમ આ પણ નક્કી તો કરી જુઓ, આપણે ઘરમાં બધાં ભેગાં થઈ ને નક્કી કરો કે "દાદા વાત કરતા હતા તે વાત મને ગમી છે. તો આપણે કલેશ આજથી ભાંગીએ." પછી જુઓ.

યથાર્થ ધર્મ

જ્યાં કલેશ નથી ત્યાં યથાર્થ જૈન, યથાર્થ વૈષ્ણવ, યથાર્થ શૈવ ધર્મ છે. જ્યાં ધર્મની યથાર્થતા છે ત્યાં કલેશ ના થાય. આ ઘેર ઘેર કલેશ થાય છે. તો એ ધર્મ ક્યાં ગયા?

સંસાર ચલાવવા માટે જે ધર્મ જોઈએ છે કે શું કરવાથી ક્લેશ ના થાય, એટલું જ જો આવડી જાય તોય ધર્મ પામ્યા ગણાય.

ક્લેશરહિત જીવન જીવવું એ જ ધર્મ છે હિંદુસ્તાનમાં. અહીં
સંસાર થશે તો મોક્ષની વાત કરવી. નહીં
તો મો ાર્ગ નહીં તો સ્વર્ગની નજીકનું તો
થવું ન વું જોઈએ, તેથી શાસ્ત્રકારોએ કહ્યું
છે કે , ત્યાં ધર્મ નથી. જેલની અવસ્થા હોય
ત્યાં ‘ િ ડેલની અવસ્થા હોય ત્યાં ‘એલિવેશન’
(ઉલ્લ ક્લેશ વગર જીવન થયું એટલે મોક્ષની
નજીક ,ણી થાય જ. મોક્ષ દરેકને જોઈએ
છે, ક તું નથી. પણ ક્લેશરહિત થયો તો
જાણવુ સ્ટેશન છે મોક્ષનું.

પૂછ્યું, ‘તમારે ઘરમાં વઢવાડ થાય છે?’

ત્યારે એણે કહ્યું, ‘ઘણી થાય છે.’

મેં પૂછ્યું, ‘એનો તું શો ઉપાય કરે છે?’

વાણિયો કહે, ‘પહેલાં તો હું બારણાં વાસી આવું છું.’

મેં પૂછ્યું ‘પહેલાં બારણાં વાસવાનો શો હેતુ?’

વાણિયાએ કહ્યું, ‘લોકો પેસી જાય તે ઊલટી વઢવાડ વધારે. ઘરમાં વઢીએ પછી એની મેળે ટાઢું પડે.’

આની બુદ્ધિ સાચી છે મને આ ગમ્યું. આટલીય અક્કલવાળી વાત હોય તો તેને આપણે એક્સેપ્ટ (કબૂલ) કરવી જોઈએ. કોઈ ભોળા માણસ તો ઊલટાનું બારણું બંધ હોય તો ઉઘાડી આવે. અને લોકોને કહે, આવો જુઓ અમારે ત્યાં!

અલ્યા, આ તાયફો કર્યો!

આ લક્કુબાજી કરે છે. તેમાં કોઈની જવાબદારી નથી. આપણી પોતાની જ જોખમદારી છે. આને તો પોતે જ છૂટું કરવું પડે બા! જો

તું ખરો ડાહ્યો પુરુષ હોય તો લોકો ઊંધું નાખ નાખ કરે તેને છતું કર કર કર્યા કર, તો તારો ઉકેલ આવશે. લોકોનો સ્વભાવ ઊંધું નાખવું એ છે. તું સમકિત હોઉં તો લોકો ઊંધું નાખે આપણે છતું કરી નાખીએ. આપણે તો ઊંધું નાખીએ જ નહીં બાકી જગત તો આખી રાત નળ ઊઘાડો રાખે ને માટલું ઊંધું રાખ એવું છે! પોતાનું જ સર્વસ્વ બગાડી રહ્યા છે. એ જાણે કે હું લોકોનું બગાડું છું. લોકોનું તો કોઈ બગાડી શકે એમ છે જ નહીં. કોઈ એવો જન્મ્યો જ નથી.

હિન્દુસ્તાનમાં પ્રકૃતિ મપાય નહીં. અહીં તો ભગવાન પણ ગોથાં ખાઈ જાય! 'ફોરેન'માં તો એક દહાડો એની વાઈફ જોડે સાચો રહ્યો તો આખી જિંદગી સાચો નીકળે. અને અહીં તો આખો દહાડો પ્રકૃતિને જો જો કરે છતાંય પ્રકૃતિ મપાય નહીં આ તો કર્મના ઉદય ખોટ ખવડાવે છે. નહીં તો આ લોક ખોટ ખાય? અરે, મરે તોય ખોટ ના ખાય. આત્માને બાજુએ થોડી વાર બેસાડીને પછી મરે!

૫. વ્યવહારકળ

પત્ની સાથે સમાધાન

કાળ વિચિત્ર આવી રહ્યો છે. આંધીઓ ઉપર આંધીઓ થવાની છે! માટે ચેતતા રહેજો. આ જેમ પવનની આંધીઓ આવે છે ને તેવી કુદરતની આંધી આવી રહી છે મનુષ્યોને માથે મહામુશ્કેલીઓ છે. શક્કરિયું ભરહાડમાં બફાય તેમ લોકો બફાઈ રહ્યા છે! શેના આધારે જીવી રહ્યાં છે તેની પોતાને સમજણ નથી. પોતાની જાતની શ્રદ્ધા પણ જતી રહી છે! હવે શું થાય? ઘરમાં વાઈફ (પત્ની) જોડે મતભેદ થાય તો તેનું સમાધાન કરતાં આવડે નહીં, છોકરાં જોડે મતભેદ ઊભો થયો તો તેનું સમાધાન કરતાં ના આવડે અને ગૂંચાયા કરે.

પ્રશ્ન : વળી તો એમ જ કહે ને કે વાઈફ (પત્ની) સમાધાન કરે, હું નહીં કરું.

દાદાશ્રી : હંઅં, એટલે લિમિટ (મર્યાદા) પૂરી થઈ ગઈ. વાઈફ સમાધાન કરે ને આપણે ના કરીએ તો આપણી લિમિટ થઈ ગઈ પૂરી.

ખરો પુરુષ હોય ને તે તો એવું બોલે કે વાઈફ રાજી થઈ જાય અને એમ કરીને ગાડી આગળ ચાલુ કરી દે. અને તમે તો પંદર, પંદર દા'ડા, મહિના, મહિના સુધી ગાડી બેસાડી રાખો, તે ના ચાલે.

જ્યાં સુધી સામાના મનનું સમાધાન નહીં થાય ત્યાં સુધી તમારે મુશ્કેલી છે. માટે સમાધાન કરવું.

પ્રશ્ન : સામાનું સમાધાન થયું કેવી રીતે કહેવાય ? સામાનું સમાધાન થાય પણ તેમાં તેનું અહિત હોય તો ?

દાદાશ્રી : એ તમારે જોવાનું નહીં. સામાનું અહિત હોય તે તો સામાને જોવાનું છે. તમારે સામાનું હિતાહિત જોવું, પણ તમે હિત જોનારામાં, તમારામાં શક્તિ શું છે ? તમે તમારું જ હિત જોઈ શકતા નથી, બીજાનું હિત શું જુઓ છો ? સહુ સહુના ગજા પ્રમાણે હિત જુએ છે, એટલું હિત જોવું જોઈએ. પણ હિતની ખાતર અથડામણ ઊભી થાય એવું હોવું ના જોઈએ.

પ્રશ્ન : સામાનું સમાધાન કરવાનો આપણે પ્રયત્ન કરીએ પણ તેમાં પરિણામ જુદું આવવાનું એવી આપણને ખબર હોય તો એનું શું કરવું ?

દાદાશ્રી : પરિણામ ગમે તે આવે, આપણે તો સામાનું સમાધાન કરવું છે, એટલું નક્કી રાખવું. "સમભાવે નિકાલ" કરવાનું નક્કી કરો પછી થાય કે ન થાય તે પહેલેથી જોવાનું નહીં. અને નિકાલ થશે. આજે નહીં તો બીજે દહાડે થશે, ત્રીજે દહાડે થશે ચીકણું હોય તો બે વર્ષે, ત્રણ વર્ષે કે પાંચ વર્ષેય થશે. વાઈફનાં ઋણાનુબંધ બહુ ચીકણા હોય, છોકરાંઓનાં ચીકણા હોય, માબાપનાં ચીકણા

હોય ત્યાં જરાક વધુ સમય લાગે. આ બધાં આપણી જોડે ને જે જ હોય. ત્યાં ધીમે ધીમે થાય પણ આપણે નક્કી કર્યું છે કે જ્યારે ત્યારે આપણે સમભાવે નિકાલ કરવો છે એટલે એક દહાડો એ ર રહેશે. એનો અંત આવશે. જ્યાં ચીકણા ઋણાનુબંધ હોય ત્યાં જાગૃતિ રાખવી પડે. આવડો અમથો સાપ હોય પણ ચેતતા ને ચેતતા રહેવું પડે. અને બેફામ રહીએ, અજાગૃત રહીએ તો સમાધાન થાય નહીં. સામી વ્યક્તિ બોલી જાય ને આપણે પણ બોલી જઈએ. બોલી જવાનો વાંધો નથી. બોલી જવાની પાછળ આપણે "સમભાવે નિકાલ" કરવે છે એવો નિશ્ચય રહેલો છે તેથી દ્વેષ રહેતો નથી. બોલી જવું એ પુદ્‌ગલનું છે અને દ્વેષ રહેવો એની પાછળ પોતાનો ટેકો રહે છે માટે આપણે તો 'સમભાવે નિકાલ' કરવો છે એમ નક્કી કરી કામ કર્યે જાઓ. હિસાબ ચૂકતે થઈ જ જશે ને આજે માંગનારને ન અપાયું તો કાલે અપાશે, હોળી પર અપાશે, દિવાળી પર અપાશે માંગનારો લઈ જ જશે. **આ જગત ચૂકતે કર્યા પછી જાય છે. આ ભવમાં તો ચૂકતે કરી નાખે છે જ ગમે તે રસ્તે. પછી નવાં બાંધ્ય ને જુદાં.** હવે આપણે નવા બાંધીએ નહીં ને જૂનાં આ ભવમાં ચૂક [illegible] જ જવાનાં. બધો હિસાબ ચૂકતે થયો એટલે ભાઈ ચાલ્યા નનામી [illegible]! જ્યાં કંઈ પણ ચોપડામાં બાકી રહ્યું હોય ત્યાં થોડા દહાડા [illegible] પડે. આ ભવનું આ દેહના આધારે બધું ચૂકતે જ થ[illegible] જાય [illegible] કેટલી ગૂંચો પાડી હોય તે જોડે લઈ જાય ને [illegible] હિસાબ શરૂ થાય. માટે જ્યાં હો ત્યાંથી અથડામણ [illegible] અથડામણું કરી આ લોકનું તો બગાડે છે પણ પરલો[illegible]! જે આ લોકનું બગાડે ને પરલોકનું બગાડ્યા [illegible] તેનો પરલોક સુધરે. આ ભવમાં આપણ [illegible] ના આવી તો જાણવું કે પરભવે પણ અથ[illegible] આવી અથડામણ ટાળી હોય તો ને બધી ત્યાં [illegible]

પ્રશ્ન : અથડામણમાં અથડામણ કરીએ તો શું થાય ?

દાદાશ્રી : માથું ફૂટી જાય ! એક માણસ મને સંસાર પાર કરવાનો રસ્તો પૂછતો હતો. તેને મેં કહ્યું કે "અથડામણ ટાળજે".

મને કોઈએ પૂછ્યું કે "અથડામણ એટલે શું ?" ત્યારે મેં કહ્યું, "આપણે સીધા ચાલતા હોઈએ ને વચમાં થાંભલો આવે તો આપણે ફરીને જવું કે થાંભલાને અથડાવું ?" ત્યારે એ કહે, "ના, અથડાઈએ તો માથું તૂટી જાય."

આ પથરો આમ વચ્ચે પડેલો હોય તો આપણે શું કરવું જોઈએ ? ફરીને જવું જોઇએ. આ ભેંસના ભાઈ રસ્તામાં વચ્ચે આવે તો શું કરો ? ભેંસના ભાઇને ઓળખો ને તમે ? એ આવતો હોય તો ફરીને જવું પડે; નહીં તો માથું મારે તો તોડી નાખે બધું. તેવું માણસોય કોઈક એવા આવતા હોય તો ફરીને જવું પડે. તેવું અથડામણનું છે. કોઇ માણસ વઢવા આવે, શબ્દો બોમ્બગોળા જેવા આવતા હોય ત્યારે આપણે જાણવું કે અથડામણ ટાળવાની છે. આપણા મન ઉપર અસર બિલકુલ હોય નહીં છતાં કંઇક અસર ઓચિંતી થઈ ત્યારે આપણે જાણીએ કે સામાના મનની અસર આપણા પર પડી. એટલે આપણે ખસી જવું. એ બધી અથડામણો છે. એ જેમ જેમ સમજતા જશો તેમ તેમ ટાળતા જશો. અથડામણ ટાળે તેનાથી મોક્ષ થાય છે.

આ જગત અથડામણ જ છે. સ્પંદન સ્વરૂપ છે.

એક ભાઈને એકાવનની સાલમાં આ એક શબ્દ આપ્યો હતો. 'અથડામણ ટાળ' કહ્યું હતું. અને આવી રીતે તેને સમજણ પાડી હતી. હું શાસ્ત્ર વાંચતો હતો ત્યારે એ મને આવીને કહે કે 'દાદા, મને કશુંક આપો.' એ મારે ત્યાં નોકરી કરતો હતો. ત્યારે મેં એને કહ્યું, 'તને શું આપે ? તું આખી દુનિયા જોડે લઢીને આવે છે. મારામારી કરીને આવે છે. રેલવેમાંય ઠોકાઠોક કરે. આમ પૈસા પાણી કરે ને રેલવેને જે કાયદેસર ભરવાના છે તે ના ભરે. અને ઉપરથી ઝગડા કરે.'

આ બધું હું જાણું. તે મેં એને કહ્યું કે તું અથડામણ ટાળ. બીજું કશું તારે શીખવાની જરૂર નથી. તે આજ સુધી હજીયે પાળે છે અત્યારે તમે એની સાથે અથડામણ કરવાની નવી નવી રીતો ખોળી કાઢો, જાતજાતની ગાળો ભાંડો તો એ આમ ખસી જશે

માટે અથડામણ ટાળો. અથડામણથી આ જગત ઊભું થયું છે. એને ભગવાને વેરથી ઊભું થયું છે એમ કહ્યું છે દરેક માણસ, જીવમાત્ર વેર રાખે. વધુ પડતું થયું કે વેર રાખ્યા વગર રહે ન તો પછી સાપ હોય, વીંછી હોય, બળદિયો હોય કે પાડો હોય તે હોય પણ વેર રાખે. કારણ કે બધામાં આત્મા છે આત્મશ બધામાં સરખી છે. કારણ આ પુદ્ગલની નબળાઇને લઇને સ કરવું પડે. પણ સહન કરતાંની સાથે એ વેર રાખ્યા વગર રહે ન અને આવતે ભવે એ એનું વેર વાળે પાછું.

સહન કરવું

પ્રશ્ન : દાદા, અથડામણ ટાળવાનું આપે જે કહ્યું, એટલે સ કરવું એમ અર્થ થાય ને ?

દાદાશ્રી : અથડામણ ટાળવાનું એટલે સહન કરવાનું ન સહન કરશો તો કેટલું કરશો ? સહન કરવું અને સ્પ્રિંગ દબાવ એ બે સરખું છે. સ્પ્રિંગ દબાવેલી કેટલા દહાડા રહેશે ? મ **સહન કરવાનું તો શીખશો જ નહીં. સોલ્યુશન (ઉકેલ કરવાનું શીખો.**

અજ્ઞાન દશામાં તો સહન જ કરવાનું હોય છે પછી એક દહાં ઉછળે તેમ બધું પાડી નાખે -સ્પ્રિંગ પણ- એ તો કુદરતનો નિયમ એવો છે

એવો જગતનો કાયદો જ નથી કે કોઇને લીધે આપણે સહ કરવું પડે. જે કંઈ બીજાના નિમિત્તે સહન કરવાનું થાય છે તે આપણા જ હિસાબ હોય છે. પણ આપણને ખબર નથી પડતી કે આ ક્યા ચોપડાનો ને ક્યાંનો માલ છે. એટલે આપણે એમ જાણીએ કે

આણે નવો માલ ધીરવા માંડયો. નવો કોઇ ધીરે જ નહીં. ધીરેલો જ પાછો આવે. આપણા જ્ઞાનમાં સહન કરવાનું હોતું નથી. જ્ઞાનથી કો'કવાર તપાસ કરી લેવી કે સામો 'શુદ્ધાત્મા' છે. આ જે આવ્યું તે મારા જ કર્મના નિયમથી આવ્યું છે. સામો તો નિમિત્ત છે. પછી આપણને આ જ્ઞાન ઇટસેલ્ફ જ પઝલ સોલ્વ (કોયડાનો ઉકેલ) કરી આપે.

પ્રશ્ન : એનો અર્થ એમ થયો કે મનમાં સમાધાન કરવાનું કે આ માલ હતો તે પાછો આવ્યો છે એમ ને ?

દાદાશ્રી : એ પોતે શુદ્ધાત્મા છે. ને આ પ્રકૃતિ છે. આ પ્રકૃતિ આ ફળ આપે છે. આપણે શુદ્ધાત્મા છીએ, એ પણ શુદ્ધાત્મા છે. હવે બન્નેને વાયર(તાર) ક્યાં લાગુ થયો છે? આ પ્રકૃતિ ને તે પ્રકૃતિ. બન્ને સામસામી, બધાં હિસાબ ચૂકવે છે. એમાં આ પ્રકૃતિના કર્મના ઉદય તે પેલો આપે કંઇક, માટે આપણે કહ્યું કે આ કર્મનો ઉદય છે. ને સામો નિમિત્ત છે. એ આપી ગયો એટલે આપણો હિસાબ ચોખ્ખો થઇ ગયો. આ સોલ્યુશન હોય ત્યાં પછી સહન કરવાનું રહે જ નહીં ને?

સહન કરવાથી શું થશે ? આવો ફોડ નહીં પાડો તો એક દહાડો એ સ્પ્રિંગ કૂદશે. કૂદેલી સ્પ્રિંગ તમે જોયેલી ? મારી સ્પ્રિંગ બહુ કૂદતી હતી ઘણા દહાડા હું બહુ સહન કરી લઉં ને પછી એક દહાડો ઉછળે તો બધું જ ઉડાડી મૂકું આ બધું અજ્ઞાનદશાનું. મને એનો ખ્યાલ છે. એ મારા લક્ષમાં છે. એટલે તો હું કહી દઉં ને કે સહન કરવાનું શીખશો નહીં. એ અજ્ઞાન દશામાં સહન કરવાનું હોય. આપણે અહીં તો ફોડ પાડી દેવો કે આનું પરિણામ શું ? એનું કારણ શું ? ચોપડામાં પદ્ધતિસરનું જોઇ લેવું. કોઇ વસ્તુ ચોપડાની હોતી નથી.

નવી લેવડદેવડ

પ્રશ્ન : નવી લેવડદેવડ ના થાય એ કેવી રીતે બને ?

દાદાશ્રી : નવી લેવડદેવડ કોને કહેવાય ? કૉઝિજને (કારણને) નવી લેવડદેવડ કહેવાય. આ તો ઇફેકટ (કાર્યફળ) જ ખાલી.

પ્રશ્ન : સામો માણસ આપણું અપમાન કરે ને આપણને અપમાન લાગે એનું કારણ આપણો અહંકાર છે?

દાદાશ્રી : ખરી રીતે સામો અપમાન કરે છે તે આપણો અહંકાર ઓગાળી નાખે છે. અને તેય પેલો ડ્રામેટિક (નાટકીય) અહંકાર. એટલો એકસેસ (વધારાનો) અહંકાર હોય તે ઓગળે. એમાં બગડી શું જવાનું છે? આ કર્મો છૂટવા દેતાં નથી. આપણે તો નાનું બાળક સામું હોય તોય કહીએ, બા, હવે છૂટકારો કર.

તમને કોઈએ અન્યાય કર્યો ને તમને એમ થાય કે મને આ અન્યાય કેમ કર્યો તો તમને કર્મ બંધાય. કારણ તમારી ભૂલને લઈને સામાને અન્યાય કરવો પડે છે. હવે અહીં ક્યાં મતિ પહોંચે? જગત તો ઉકળાટ કરી મેલે! ભગવાનની ભાષામાં કોઈ ન્યાયેય કરતું નથી ને અન્યાયેય કરતું નથી, 'કરેક્ટ' કરે છે. હવે આ લોકોની મતિ ક્યાંથી પહોંચે? ઘરમાં મતભેદ ઓછા થાય, ભાંજગડ ઓછી થાય, આજુબાજુનાનો પ્રેમ વધે તો સમજીએ કે વાતની સમજણ પડી. નહીં તો વાતની સમજ પડી નથી.

જ્ઞાન કહે છે કે તું ન્યાય ખોળીશ તો તું મૂર્ખ છે! માટે એનો ઉપાય જ છે તપ.

કો'કે તમને અન્યાય કર્યો હોય તો તે ભગવાનની ભાષામાં 'કરેક્ટ' છે, જે સંસારની ભાષામાં ખોટું કર્યું એમ કહેશે.

આ જગત ન્યાયસ્વરૂપ છે, ગપ્પું નથી. એક મચ્છર પણ એમ ને એમ તમને અડે તેમ નથી. મચ્છર અડયો માટે તમારું કંઈક કારણ છે. બાકી એમ ને એમ એક સ્પંદન પણ તમને અડે તેવું નથી. તમે સંપૂર્ણ સ્વતંત્ર છો. કોઇની આડખીલી તમને નથી.

મનનું મૌન

પ્રશ્ન : અથડામણમાં મૌન હિતકારી ખરું કે નહીં?

દાદાશ્રી : મૌન તો બહુ હિતકારી કહેવાય.

પ્રશ્ન : વાઈફ જોડે ઘણી વાર ગથડાગણ થઈ જાય છે અને કંટાળોય આવે છે.

દાદાશ્રી : કંટાળો આવે એટલું જ નહીં પણ કેટલાક તો દરિયામાં પડતું નાખે. બ્રાંડી પીને આવે.

મોટામાં મોટું દુઃખ શેનું છે ? Disadjustmentનું (ડિસએડજસ્ટમેન્ટનું).—એડજસ્ટ એવરીવેર કરે તો શો વાંધો છે ?

પ્રશ્ન : એમાં તો પુરુષાર્થ જોઈએ.

દાદાશ્રી : કશો પુરુષાર્થ નહીં. મારી આજ્ઞા પાળવાની કે "દાદા"એ કહ્યું છે કે એડજસ્ટ એવરીવેર તે એડજસ્ટ થયા કરે. બીબી કહે કે તમે ચોર છો તો કહેવું કે 'યુ આર કરેક્ટ' અને થોડીવાર પછી એ કહે કે ના, તમે ચોરી નથી કરી, તોય You are correct કહીએ.

એવું છે-બ્રહ્માંડનો એક દિવસ, એટલી આપણી આખી જિંદગી ! બ્રહ્માંડનો એક દહાડો જીવવું ને આ શી ધાંધલ ? વખતે આપણને બ્રહ્માંડના ૧૦૦ વર્ષ જીવવાનું હોય તો તો આપણે જાણીએ કે ઠીક છે. એડજસ્ટ શા માટે થઈએ ? દાવો માંડી કહીએ, પણ આ તો જલ્દી પતાવવું હોય તેને શું કરવું પડે ? એડજસ્ટ થઈએ ? દાવો માંડો કહીએ ? પણ આ તો એક દહાડો જ છે. આ તો જલ્દી પતાવવાનું છે. જે કામ જલ્દી પતાવવું હોય તેને શું કરવું પડે ? એડજસ્ટ થઈને ટુંકાવી દેવું. નહીં તો લંબાયા કરે કે ના લંબાયા કરે ?

બીબી જોડે લઢે તો રાત્રે ઊંઘ આવે ખરી ? અને સવારે નાસ્તોય સારો ના મળે.

અમે આ સંસારની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. છેલ્લા પ્રકારની શોધખોળ કરીને અમે આ બધી વાતો કરીએ છીએ. **વ્યવહારમાં કેમ કરીને રહેવું તે ય આપીએ છીએ. અને મોક્ષમાં કેવી રીતે જવાય તે ય આપીએ છીએ.** તમને અડચણો કેમ કરીને ઓછી થાય એ અમારો હેતુ છે.

જે પાછું નવું થાય.

દાદાશ્રી : અથડામણ કઈ શક્તિથી થાય છે એ અમે જાણીએ છીએ. મવળું બોલે છે તેમાં કઈ શક્તિ કામ કરી રહી છે, બોલીને એડજસ્ટ થઈએ છીએ એ બધું જ્ઞાનથી સમજાય તેમ છે. ?સ્ટ થવાનું જગતમાં. કારણ કે દરેક વસ્તુ અંતવાળી હોય અને વખતે એ લાંબા કાળ સુધી ચાલે તોય તમે તેને 'હેલ્પ' ;) નથી કરતા, વધારે નુકસાન કરો છો. તમારી જાતને નુકસાન છો ને સામાનું નુકસાન થાય છે. એને કોણ સુધારી શકે ? જે રેલો હોય તે જ સુધારી શકે. પોતાનું જ ઠેકાણું ના હોય તે ાને શી રીતે સુધારી શકે ?

પ્રશ્ન : આપણે સુધરેલા હોઈએ તો સુધારી શકીએ ને ?

દાદાશ્રી : હા, સુધારી શકીએ.

પ્રશ્ન : સુધરેલાની વ્યાખ્યા ?

દાદાશ્રી : સામા માણસને તમો વઢો તોય એને એમાં પ્રેમ ાય. તમે ઠપકો આપો તોય એને તમારામાં પ્રેમ દેખાય કે હોહો ! મારા ફાધરનો મારા પર કેટલો બધો પ્રેમ છે !

ઠપકો આપો પણ પ્રેમથી આપો તો સુધરે. આ કોલેજોમાં જો ફેસરો ઠપકો આપવા જાય તો પ્રોફેસરોને બધા મારે !

સામો સુધરે એ માટે આપણા પ્રયત્નો રહેવા જોઈએ. પણ જે ત્નો રિએક્શનરી (પ્રત્યાઘાતી) હોય એવા પ્રયત્નોમાં ના પડવું. પણે એને ટૈડકાવીએ ને એને ખરાબ લાગે એ પ્રયત્ન ના કહેવાય. ત્ન અંદર કરવા જોઈએ, સૂક્ષ્મ રીતે. સ્થૂળ રીતે જો આપણને ના તું હોય તો સૂક્ષ્મ રીતે પ્રયત્નો કરવા જોઈએ. વધારે ઠપકો ના પવો હોય તો થોડાકમાં કહી દેવું જોઈએ કે આપણને આ શોભે ી. બસ આટલું જ કહીને બંધ રાખવું. કહેવું તો

બધાંએ નિશ્ચય કર્યો કે આમને વઢવું કે ઘરમાં પેસવા ના દેવા ? શો ઉપાય કરવો ? તે તેનો અનુભવ કરી આવ્યા. મોટાભાઇ કહેવા ગયા તો તે મોટાભાઇને કહે કે તમને માર્યા વગર છોડીશ નહીં. પછી ઘરનાં બધાં મને પૂછવા આવ્યા કે આનું શું કરવું ? આ તો આવું બોલે છે. ત્યારે મેં ઘરનાંને કહી દીધું કે કોઈએ તેને અક્ષરેય કહેવાનું નહીં. તમે બોલશો તો એ વધારે 'ફ્રંટ' થઇ જશે અને ઘરમાં પેસવા નહીં દો તો એ બહારવટું કરશે. એને જ્યારે આવવું હોય ત્યારે આવે ને જ્યારે જવું હોય ત્યારે જાય. આપણે રાઇટેય નહીં બોલવાનું ને રોંગેય નહીં બોલવાનું. રાગેય નહીં રાખવાનો ને દ્વેષેય નહીં રાખવાનો. સમતા રાખવાની, કરુણા રાખવાની. તે ત્રણચાર વર્ષ પછી એ ભાઇ સરસ થઇ ગયો ! આજે એ ભાઇના ધંધામાં બહુ મદદરૂપ થાય છે ! જગત નાકામનું નથી, પણ કામ લેતાં આવડવું જોઇએ. બધા જ ભગવાન છે. અને દરેક જુદા જુદા કામ લઇને બેઠા છે. માટે ના ગમતું રાખશો નહીં.

૭. 'થિયરી ઓફ રિવોલ્યુશન'

થિયરી ઑફ રિવોલ્યુશન

તારા રિવોલ્યુશન અઢારસોના હોય ને સામાના છસોના હોય ને તું તારો અભિપ્રાય એના પર બેસાડે તો સામાનું ઍન્જિન તૂટી જાય. એનાં બધાં ગિયર બદલવાં પડે.

પ્રશ્ન : રિવોલ્યુશન એટલે શું ?

દાદાશ્રી : વિચારની આ જે સ્પીડ (ગતિ) છે તે દરેકને જુદી જુદી હોય. કશું બન્યું હોય તો તે એક મિનિટમાં તો કેટલુંય દેખાડી દે ! એના બધા પર્યાયો એટ-એ-ટાઇમ દેખાડી દે. આ મોટા મોટા પ્રેસિડન્ટોને મિનિટના બારસો બારસો, 'રિવોલ્યુશન' ફરતા હોય તો અમારા પાંચ હજાર હોય. મહાવીરને લાખ 'રિવોલ્યુશન'

ફરતા ! આ મતભેદ પડવાનું કારણ શું ? તમારી વાઈફને સો રિ-લ્યુશન હોય ને તમારા પાંચસો રિવોલ્યુશન હોય અને તમને 'કાઉન્ટર પુલી' નાખતાં આવડે નહીં એટલે તણખા ઝરે, અથડા અરે ! કેટલીક વાર તો એન્જિન હઉ તૂટી જાય. 'રિવોલ્યુશન' તમે ? આ મજૂરને તમે વાત કરો તો તમારી વાત એને પહોં નહીં. એના રિવોલ્યુશન ૫૦ હોય ને તમારા પાંચસો હોય, હજાર હોય, કોઈને બારસો હોય. જેવું જેવું ડેવલપમેન્ટ (વિ હોય તે પ્રમાણે રિવોલ્યુશન (ગતિચક્ર) હોય. વચ્ચે 'કાઉન્ટર પુ નાખો તો જ એને તમારી વાત પહોંચે. કાઉન્ટર પુલી એટલે તમ વચ્ચે પટ્ટો નાંખી તમારા રિવોલ્યુશન ઘટાડી નાખવા પડે. હું માણસની જોડે કાઉન્ટર પુલી નાખી દઉં. એકલો અહંકાર કાઢી ના વાથી જ વળે તેમ નથી; કાઉન્ટર પુલી પણ દરેકની જોડે નાખવી તેથી તો અમારે કોઈની જોડે મતભેદ જ ના થાય ને ? અમે જાણીએ આ ભાઈનાં આટલાં જ રિવોલ્યુશન છે. એટલે તે પ્રમાણે હું કાઉ પુલી ગોઠવી દઉં. અમને તો નાના બાળક જોડે પણ બહુ ફાવે. ગમે તેમની જોડે ચાલીસ રિવોલ્યુશન ગોઠવી નાખો એટલે એને

નિર્દોષતા હોતી જ નથી. આ તો ઠોકાઠોક ચાલ્યા કરે છે. કર્મના ઉદય પ્રમાણે વાગે છે. તે ઘડીયે આપણે જરા આમ કરીએ તો કર્મ ઢીલું થઇ જાય, નહીં તો માથામાં વાગ વાગ થાય.

લાલ વાવટો–સ્વદોષ સંશોધક

કોઇ ભૂલ હશે તો સામો કહેતો હશે ને? માટે ભૂલ ભાંગી નાખો ને. આ જગતમાં કોઈ જીવ કોઈને તકલીફ આપી શકે નહીં, એવું સ્વતંત્ર છે. અને તકલીફ આપે છે તે પૂર્વે ડખલ કરેલી તેની, તે ભૂલ ભાગી નાખો પછી હિસાબ રહે નહીં.

'લાલ વાવટો' કોઈ ધરે તો સમજી જવું કે આમાં આપણી કંઈ ભૂલ છે. એટલે આપણે તેને પૂછવું કે, 'ભઈ, 'લાલ વાવટો' કેમ ધરે છે?' ત્યારે એ કહે કે, 'તમે આમ કેમ કર્યું હતું?' ત્યારે આપણે એની માફી માગીએ ને કહીએ કે, 'હવે તો તું લીલો વાવટો ધરીશ ને?' ત્યારે એ 'હા' કહે.

પત્ની સાથેનો વ્યવહાર

પ્રશ્ન : મારી પત્ની સાથે મારે બિલકુલ બને નહીં, ગમે તેટલી ...ર્દોષ વાત કરું, મારું સાચું હોય તો પણ એ ઊંધું લે. બાહ્યનો ...જીવનસંઘર્ષ ચાલે છે. પણ વ્યક્તિસંઘર્ષ શું હશે? કાં એટલા માટે ...ાય કે હું ભક્તિમાં રહું, ભગવાનની શોધમાં રહું?

દાદાશ્રી : એવું છે, માણસ પોતાના હાથ નીચેવાળા માણસને ...ટલો બધો કચડે છે, એટલો બધો કચડે છે કે કશું બાકી જ નથી રાખતા. ...તાના હાથ નીચે કોઈ માણસ આવ્યું હોય પછી એ સ્ત્રીરૂપે કે પુરુષરૂપે ...ાય, પોતાની સત્તામાં આવ્યા તેને કચડવામાં બાકી નથી રાખતા.

ઘરના માણસ જોડે કકળાટ ક્યારેય ના કરવો જોઈએ. એક જ ...ોરડીમાં પડી રહેવાનું ત્યાં કકળાટ શા કામનો? કોઈને પજવીને ...ાતે સુખી થાય એ ક્યારેય ના બને, ને આપણે તો સુખ આપીને ...ુખ લેવું છે. આપણે ઘરમાં સુખ આપીએ તો જ સુખ મળે. ...ાપાણીય બરોબર ના હોય તો તે બનાવીને આપે; નહીં તો ચા ...ણ બગાડીને આપે. નબળો ધણી બૈરી પર શૂરો. જે આપણા રક્ષણમાં ...ાય તેનું ભક્ષણ ક્યાંથી કરાય? **જે પોતાના હાથ નીચે આવ્યો ...નું તો રક્ષણ કરવું એ જ મોટામાં મોટું ધ્યેય હોવું જોઈએ.** ...ેનો ગુનો થયો હોય તોય એનું રક્ષણ કરવું જોઈએ. આ પાકિસ્તાની ...નિકો અત્યારે બધાં અહીં કેદી છે છતાંય તેમને કેવું રક્ષણ આપે ...! ત્યારે આ તો ઘરનાં જ છે ને! આ તો બહારના જોડે મિયાઉં ...ઈ જાય. ત્યાં ઝઘડો ના કરે ને ઘેર જ બધું કરે. **પોતાની સત્તા ...ીચે હોય તેને કચડકચડ કરે ને ઉપરીને સાહેબ સાહેબ કરે. ...ોતાનો ઉપરી ગુનો કરે તોય ત્યાં 'સાહેબ, સાહેબ' કરે.** હમણાં ...મા પોલીસવાળો ટૈડકાવે તો 'સાહેબ, સાહેબ' કહે અને ઘેર વાઈફ સાચી

વાત કહેતી હોય તો એને સહન ના થાય ને તેને ટોકે ચાના કપમાં કીડી ક્યાંથી આવી ? એમ કરીને ઘરનાંને કરતાં શાંતિથી કીડી કાઢી લેને. ઘરનાંને ફફડાવે ને આગળ ધ્રૂજે ! હવે આ ઘોર અન્યાય કહેવાય. આપણને નહીં. સ્ત્રી તો પોતાની ભાગીદાર કહેવાય. ભાગીદાર જોડે આ તો કલેશ થતો હોય ત્યાં કોઈ રસ્તો કાઢવો પડે. સમજ ઘરમાં રહેવું છે તો કલેશ શાને ?

પ્રશ્ન : આપણે કલેશ ના કરવો હોય પણ સામો આવી તો શું કરવું ? એમાં એક જાગ્રત હોય પણ સામાવાળો ત્યાં તો થાય જ ને ?

મરુ એવિડન્સ'–આમ વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા છે. આટલીય સત્તા આટલીય સત્તા વગરનું જગત છે. કોઈ શું કરવાનું છે ? આ ભીંતને સત્તા હોય તો આને સત્તા હોય ! આ ભીંતને આપણને વઢવાની સત્તા એવું આપણને છે. અને એના નિમિત્તે જે અથડામણ છે એ તે છોડ-વી નથી. નકામી બૂમાબૂમ કરવાનો શો અર્થ ? એના હાથમાં સત્તા નથી ત્યાં ! માટે તમે ભીંત જેવા થઈ જાઓ ને ! તમે બૈરીને કાયમ ટૈડકાવ કરો તો તેની માંહી ભગવાન બેઠેલા તે નોંધ કરે કે આ મને ટૈડકાવે છે. ને તમને એ ટૈડકાવે ત્યારે તમે ભીંત જેવા થઈ જાઓ. તો તમારી માંહી બેઠેલા ભગવાન તમને 'હેલ્પ' કરે.

ભોગવે તેની ભૂલ

પ્રશ્ન : કેટલાક એવા હોય છે કે આપણે ગમે તેટલું સારું વર્તન કરીએ તોય તે સમજતા નથી.

દાદાશ્રી : એ ના સમજતા હોય તો એમાં આપણી જ ભૂલ છે કે એ સમજણવાળો કેમ ના મળ્યો આપણને ? આમનો સંયોગ આપણને જ કેમ બાઝયો ? જે જે વખતે આપણને કંઈ પણ **ભોગવવું પડે છે તે ભોગવવાનું આપણી જ ભૂલનું પરિણામ છે.**

પ્રશ્ન : તો આપણે એમ સમજવાનું કે મારાં કર્મો એવાં છે ?

દાદાશ્રી : ચોક્કસ, આપણી ભૂલ સિવાય આપણને ભોગવવાનું હોય નહીં. આ જગતમાં એવું કોઈ નથી કે જે આપણને સહેજ પણ કિંચિતમાત્ર દુઃખ આપે અને જો કોઈ દુઃખ આપનાર છે તો તે આપણી જ ભૂલ છે તત્વનો દોષ નથી. એ તો નિમિત્ત છે. માટે **'ભોગવે તેની ભૂલ'.**

કોઈ સ્ત્રી ને પુરુષ બે જણ ખૂબ ઝઘડતાં હોય અને પછી આપણે બેઉ સૂઈ ગયા પછી છાનામાના જોવા જઈએ તો પેલી બહેન તો ઘસ-ઘસાટ ઊંઘતી હોય અને ભઈ આમતેમ પાસાં ફેરવતા હોય–તો આપણે સમજવું કે આ ભઈની જ ભૂલ છે બધી. આ બહેન ભોગવતી

આ ભીંત જોડે એક ફેરો માથું અથડાય તો આપણે એની
શું કરવું? માથું અથડાયું એટલે આપણે ભીંત જોડે લડવાડ
એટલે આપણે ભીંતને મારમાર કરવી? એમ આ બધા ક્લેશ કરાવ
હોય તો તે બધી ભીંતો છે! આમાં સામાને શું જોવાનું? આ
આપણી મેળે સમજી જવાનું કે આ ભીંત જેવી છે, પશુ જેવી
જડ જેવી છે! આવું સમજવાનું. પછી કોઈ મુશ્કેલી નથી.

ભાઈ : આપણે મૌન રહીએ તો સામાને ઊંધી અસર થા
કે આમનો જ દોષ છે, ને એ વધારે ક્લેશ કરે.

દાદાશ્રી : આ તો આપણે માની લીધું છે કે હું મૌન
તેથી આવું થયું. રાત્રે માણસ ઊઠ્યો ને બાથરૂમમાં જતાં અંધા
ભીંત જોડે અથડાયો તે ત્યાં આપણે મૌન રહ્યા તેથી તે અથ

**મૌન રહો કે બોલો તેને સ્પર્શતું જ નથી. કંઈ લાગ
વાગતું નથી. આપણા મૌન રહેવાથી સામાને અસર થા
એવું કશું હોતું નથી કે આપણા બોલવાથી સામાને ર
થાય છે એવું પણ કશું હોતું નથી. 'ઓન્લી સાયન્ટિફિક સરક**

ન્શિયલ એવિડન્સ'—માત્ર વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા છે. આટલીય સત્તા નથી. આટલીય સત્તા વગરનું જગત છે. કોઈ શું કરવાનું છે ? આ ભીંતને જો સત્તા હોય તો આને સત્તા હોય ! આ ભીંતને આપણને વઢવાની સત્તા છે ? એવું સામાને છે. અને એના નિમિત્તો જે અથડામણ છે એ તે છોડવાની નથી. નકામી બૂમાબૂમ કરવાનો શો અર્થ ? એના હાથમાં સત્તા જ નથી ત્યાં ! માટે તમે ભીંત જેવા થઈ જાઓ ને ! તમે બૈરીને ટૈડકાય ટૈડકાય કરો તો તેની મહીં ભગવાન બેઠેલા તે નોંધ કરે કે આ મને ટૈડકાવે છે. ને તમને એ ટૈડકાવે ત્યારે તમે ભીંત જેવા થઈ જાઓ. તો તમારી મહીં બેઠેલા ભગવાન તમને 'હેલ્પ' કરે.

ભોગવે તેની ભૂલ

બહેન : કેટલાક એવા હોય છે કે આપણે ગમે તેટલું સારું વર્તન કરીએ તોય તે સમજતા નથી.

દાદાશ્રી : એ ના સમજતા હોય તો એમાં આપણી જ ભૂલ છે કે એ સમજણવાળો કેમ ના મળ્યો આપણને ? આમનો સંયોગ આપણને જ કેમ બાઝ્યો ? **જે જે વખતે આપણને કંઈ પણ ભોગવવું પડે છે તે ભોગવવાનું આપણી જ ભૂલનું પરિણામ છે.**

પ્રશ્ન : તો આપણે એમ સમજવાનું કે મારાં કર્મો એવાં છે ?

દાદાશ્રી : ચોક્કસ, આપણી ભૂલ સિવાય આપણને ભોગવવાનું હોય નહીં. આ જગતમાં એવું કોઈ નથી કે જે આપણને સહેજ પણ કિંચિત્‌માત્ર દુઃખ આપે અને જો કોઈ દુઃખ આપનાર છે તો તે આપણી જ ભૂલ છે. તત્ત્વનો દોષ નથી. એ તો નિમિત્ત છે. માટે **'ભોગવે તેની ભૂલ'.**

કોઈ સ્ત્રી ને પુરુષ બે જણ ખૂબ ઝઘડતાં હોય અને પછી આપણે બેઉ સૂઈ ગયા પછી છાનામાના જોવા જઈએ તો પેલી બહેન તો ઘસઘસાટ ઊંઘતી હોય અને ભાઈ આમતેમ પાસાં ફેરવતા હોય—તો આપણે સમજવું કે આ ભાઈની જ ભૂલ છે બધી. આ બહેન ભોગવતી

નથી. જેની ભૂલ હોય તે ભોગવે. અને તે ઘડીયે જો ભઈ ઊંઘતા હોય ને બ્હેન જાગ્યા કરતાં હોય તો જાણવું કે બેનની ભૂલ છે 'ભોગવે તેની ભૂલ'.

આ બહુ ભારે સાયન્સ છે. હું કહું છું તે બહુ ઝીણું સાયન્સ છે. જગત આખું નિમિત્તને જ બચકાં ભરે છે.

મિયાં–બીબીની અભેદ ટોળી !

બહુ મોટું વિશાળ જગત છે. પણ આ જગત પોતાના રૂમ અંદર છે એટલું જ માની લીધું છે. અને ત્યાંય જો જગત માટે હોય તોય સારું પણ ત્યાંય વાઇફ જોડે લદ્દુબાજી ઉડાડે : અહીં આ ન્હોય તારું પાકિસ્તાન !

...દ ના પડે, એટલી એકતા કરવી જોઈએ. એવી એકતા કરી
...મે ?

...ભાઈ : આવું કોઈ દહાડો વિચારેલું નહીં. આ પહેલી વાર
...ારું છું.

દાદાશ્રી : હા, તે વિચારવું પડશે ને ? ભગવાન કેટલા વિચાર
...ા કરીને મોક્ષે ગયા ? મતભેદ ગમે છે ?

...ાઈ : ના.

...દાશ્રી : મતભેદ થાય ત્યારે ઝઘડા થાય, ચિંતા થાય. તે
...માં આવું થાય છે તો મનભેદમાં શું થાય ? મનભેદ થાય,
...ર્સ (છૂટાછેડા) લે અને **તનભેદ થાય ત્યારે નનામી નીકળે !**

...કલેશ તમારે કરવો હોય તો બહાર જઈને કરી આવવો.
...ં જો કકળાટ કરવો હોય તો તે દહાડે બગીચામાં જઈને ખૂબ
...ને ઘેર આવવું. પણ ઘરમાં 'આપણી રૂમમાં લડવું નહીં.' એવો
...દો કરવો. કો'ક દાડો આપણને લઢવાનો શોખ થઈ જાય તો
...બીને આપણે કહીએ કે ચાલો આજે બગીચામાં ખૂબ નાસ્તાપાણી
...ીને ખૂબ લઢવાડ ત્યાં કરીએ. લોકો વચ્ચે પડે એવી વઢવાડ કરવી.
...ણ ઘરમાં વઢવાડ ના હોય. **જ્યાં કલેશ થાય ત્યાં ભગવાન ના રહે.**
...ગવાન જતા રહે. ભગવાને શું કહ્યું ? ભક્તને ત્યાં કલેશ ના હોય.
...રોક્ષભક્તિ કરનારાને ભક્ત કહ્યા ને પ્રત્યક્ષ ભક્તિ કરનારાને ભગવાને
કહ્યા. ત્યાં તો કલેશ હોય જ ક્યાંથી ? પણ સમાધિ હોય !

એટલે કોઈ દહાડો લઢવાની ભાવના થાય ત્યારે આપણે પતિરાજને
...ું કે ચાલો આપણે બગીચામાં. છોકરાં કો'કને સોંપી દેવાં. પછી
...તેરાજને પહેલેથી કહી દેવું કે હું તમને પબ્લિકમાં બે ધોલ મારું
... તમે હસજો. લોકો ભલે ને જુએ. આપણી ગમ્મત ! લોકો આબરૂ
...ાંધવાવાળા. તે જાણે કે કોઈ દહાડો આપની આબરૂ ના ગઈ તે આજે
... તો કોઈની હોતી હશે ? આ તો ઢાંકી ઢાંકીને આબરૂ
... કહેવાય કે નાગો ફરે તોય રૂપાળો

દેખાય ! આ તો કપડાં પહેરે તોય રૂપાળા નથી દેખાતા. જાકીટ કોટ, નેકટાઈ પહેરે તોય બળદિયા જેવો લાગે છે ! શુંય માની બેઠ છે પોતાના મનમાં ! બીજા કોઈને પૂછતોય નથી. બઈનેય પૂછતે નથી કે આ નેકટાઇ પહેર્યા પછી હું કેવો લાગું છું ! અરીસામાં જોઈ પોતે ને પોતે ન્યાય કરે છે કે બહુ સરસ છે બહુ સરસ છે. આમ આ પટિયાં પાડતો જાય ! અને સ્ત્રી પણ ચાંદલો કરીને, પોતાના અરીસામ પોતે ચાળા પાડે ! આ કઈ જાતની રીત કહેવાય ? ! કેવી લાઇફ ? ! ભગવા જેવો ભગવાન થઈને આ શું ધાંધલ માંડે છે ? પોતે ભગવાન સ્વરૂ છે. કાનમાં લવિંગિયાં ઘાલે છે તે પોતાને દેખાય ખરાં ? આ તો લો હીરા દેખે એટલા માટે પહેરે છે. આવી જંજાળમાં ફસાયા છે. તો હીરા દેખાડવા ફરે છે ! અલ્યા, જંજાળમાં ફસાયેલા માણસને શો હોય ? ઝટપટ ઉકેલ લાવો ને ?

ધણી કહે તો ધણીને સારું દેખાડવા માટે પહેરીએ. શેઠ હજારના હીરાના કાપ લાવ્યા હોય ને પાંત્રીસ હજારનું બિલ લાવે ત શેઠાણી ખુશ ! કાપ પોતાને તો દેખાય નહીં. શેઠાણીને મેં પૂછ્યું રાત્રે ઊંઘી જાઓ છો ત્યારે કાનના લવિંગિયાં ઊંઘમાંય દેખાય છે નહીં ? આ તો માનેલું સુખ છે. રૉંગ માન્યતાઓ છે. તેથી અંતર શાંતિ થાય નહીં. ભારતીય નારી કોને કહેવાય ? ઘરમાં બે હજારની સાડી આવીને પડેલી હોય તે પહેરે. આ તો ધણીધણિયાણી બજારમ ફરવા ગયાં હોય ને દુકાને હજારની સાડી ભરવેલી હોયે તે સાડી સ્ત્રી ખેંચે ને ઘેર આવે તોય મોં ચઢેલું હોય ને કકળાટ માંડે. તેને ભારતીય નારી કેમ કહેવાય ? હિન્દુઓ તો મૂળથી જ કલેશી સ્વભાવના. તેથ કહે છે ને હિન્દુઓ ગાળે જીવન કલેશમાં પણ મુસલમાનો તો એવ પાકા કે બહાર ઝગડી આવે પણ ઘેર બીબી જોડે ઝગડો ના કરે. હવે તો અમુક મુસ્લિમ લોકોય હિન્દુઓ જોડે રહીને બગડી ગયા છે. પણ હિન્દુઓ કરતાં આ બાબતમાં મને તેઓ ડાહ્યા લાગેલા. અરે, કેટલાક મુસલમાનો તો બીબીને હીંચકો હુઉ નાખે. અમારે કૉન્ટ્રાક્ટરનો ધંધો એટલે અમારે મુસલમાનને ઘેર પણ જવાનું થાય. અમે તેની ચા

...ય ખરા ! અમારે કોઇની જોડે જુદાઈ ના હોય. તે એક દહા...
...ગયેલા તે મિયાંભાઇએ બીબીને હીંચકો નાખવા માંડ્યો. તે મેં
...પૂછ્યું કે, "તમે આવું કરો છો તે ચઢી બેસતી નથી?" ત્યારે
...કહે કે "એ શું ચઢી બેસવાની હતી ! એની પાસે હથિયાર નથી,
...શું નથી."

મેં કહ્યું કે, "અમારા હિન્દુઓને તો બીક લાગે કે બૈરી ચઢી
બેસશે તો શું થશે? એટલે અમે હીંચકો નથી નાખતા."

મીયાંભાઈ : આ હિંચકો નાખવાનું કારણ તમે જાણો છો ?
...રે તો આ તો બે જ ઓરડીઓ છે મારે કંઇ બંગલા નથી. આ
...ા બે જ ઓરડીઓ ને તેમાં બીબી જોડે વઢવાડ થાય તો હું ક્યાં
સૂઇ જઉં ? મારી આખી રાત બગડે. એટલે હું બહાર બધાંની જોડે
આવું પણ બીબી જોડે 'ક્લિયર' (ચોખ્ખેચોખ્ખું) રાખવાનું.

બીબી મિયાંને કહેશે કે સવારે ગોટા લાવવાનું કહેતા હતા ને
કેમ ના લાવ્યા ? ત્યારે મિયાંભાઈ રોકડો જવાબ આપે કે "કલ
...આઉંગા." બીજે દહાડે સવારે કહે, 'આજ તો કિધર સે ભી લે આઉંગા"
ને સાંજે ખાલી હાથે પાછો આવે ત્યારે બીબી ખૂબ અકળાય. પણ
મિયાંભાઇ ખૂબ પાકો તે એવું બોલે, "યાર, મેરી હાલત, મૈં જાનતા
હું !" તે બીબીને ખુશ કરી દે. ઝઘડો ના કરે ને આપણા લોકો શું
કહે ? "તું મને દબાય દબાય કરે છે ? જા, નથી લાવવાનો."

અલ્યા, આવું ના બોલાય. ઊલટું તારું વજન તૂટે છે. આવું
તું બોલે છે માટે તું જ દબાયેલો છે. અલ્યા, એ તને શી રીતે
દબાવે ? એ બોલે ત્યારે શાંત રહેવાનું પણ નબળા બહુ ચીઢિયા
હોય. એટલે એ ચિઢાય ત્યારે આપણે આપણું બંધ રાખીને એની રેકર્ડ
સાંભળવી. **જે ઘરમાં ઝઘડો ના થાય તે ઘર ઉત્તમ. અરે ! ઝઘડો
થાય પણ પાછું તેને વાળી લે તોય ઉત્તમ કહેવાય !** મિયાંભાઈને
એક દહાડો ખાવામાં ટેસ્ટ ના પડે. મિયાં ચિઢાય ને બોલે કે "તું ઐસી
...ે તૈસી હૈ." અને સામે જો પેલી ચિઢાય તો પોતે ચુપ થઈ જાય

આપણે એવું ચેતવું ના જોઈએ ? સ્ત્રી જાણે જાતિ એવી છે કે એ ના ફરે. એટલે આપણે ફરવું પડશે. એ સહજ જાતિ છે. એ ફરે એવી નથી. બૈરી ચિઢાય ને કહે. "હું તમારી થાળી લઈને નથી આવવાની. તમે જાતે આવો. હવે તમારી તબિયત સારી થઈ છે. ને હેંડતા થયા છો. આમ લોકો જોડે વાતો કરો છો, હરોફરો છો, બીડીઓ પીઓ છો અને ઉપરથી ટાઈમ થાય ત્યારે થાળી માગો છો. હું નથી આવવાની."

ત્યારે આપણે ધીમે રહીને કહીએ, "તમે નીચે, થાળીમાં કાઢો. હું આવું છું."

એ કહે નથી આવવાની તે પહેલાં જ આપણે કહીએ કે, "હું આવું છું. મારી ભૂલ થઇ ગઈ, લો" આવું કરીએ તો કંઇ રાત સારી જાય. નહીં તો રાત બગડે. પેલા ડચકારા મારતાં તહીં સૂઇ ગયા હોય ને આ બઇ અહીં ડચકારા મારતાં હોય. બેઉને ઊંઘ આવે નહીં. સવારે પાછા ચાપાણી થાય તે ચાનો પ્યાલો ખણડાવીને મૂકી ડચકારો મારે કે ના મારે ? તે આ ભાઈએય તરત સમજી જાય કે ડચકારો માર્યો. આ કકળાટનું જીવન છે. આખા વર્લ્ડમાં આ હિન્દુઓ ગાળે છે જીવન કલેશમાં.

૯. મતભેદ

ઘરમાં મતભેદ

દાદાશ્રી : જમતી વખતે ટેબલ પર મતભેદ થાય છે ?

ભાઈ : એ તો થાય ને !

દાદાશ્રી : કેમ પરણતી વખતે આવો કરાર કરેલો ?

ભાઇ : ના.

દાદાશ્રી : તે વખતે તો કરાર કરેલા કે સમય વર્તે સાવધાન.

ઘરમાં વાઇફ જોડે 'તમારું ને અમારું' એવી વાણી ના હોવી જોઈએ. વાણી વિભક્ત ના હોવી જોઇએ. વાણી અવિભક્ત હોવી જોઈએ. આપણે અવિભક્ત કુટુંબનાને ?

અમારે હીરાબા જોડે ક્યારેય મતભેદ થયો નથી ક્યારેય વાણીમાં 'મારી-તારી' થતું નથી. પણ એક ફેરો અમારે મતભેદ પડી ગયેલો. એમના ભાઈને ત્યાં પહેલી દીકરીનાં લગ્ન હતાં. તે તેમણે મને પૂછ્યું કે 'એમને શું આપવું છે?' ત્યારે મેં તેમને કહ્યું કે, "તમને ઠીક લાગે તે. પણ ઘરમાં ચાંદીનાં આ તૈયાર વાસણો પડેલાં છે તે આપજો ને? નવાં બનાવશો નહીં." ત્યારે એમણે કહ્યું કે, "તમારા મોસાળમાં તો મામાની દીકરી પરણે તો મોટા મોટા તાટ બનાવીને આપો છો!" એ 'મારા ને તમારા' શબ્દો બે લ્યા ત્યારથી હું સમજી ગયો કે આજ આબરૂ ગઈ આપણી. આપણે એકના એક ત્યાં મારા-તમારા હોય! હું તરત સમજી ગયો ને તરત ફરી ગયો. મારે જે બોલવું હતું તે ઉપરથી આખોય ફરી ગયો. મેં તેમને કહ્યું કે, "હું એવું નથી કહેવા માગતો. તમે આ ચાંદીનાં વાસણ આપજો ને ઉપરથી પાંચસો એક રૂપિયા આપજો. એમને કામ લાગશે."

"હંઅ. એટલા બધા રૂપિયા તે કંઇ અપાતા હશે? તમે તો જ્યારે ને ત્યારે ભોળા ને ભોળા જ રહો છો: જેને તેને આપ આપ જ કરો છો."

મેં કહ્યું, "ખરેખર, મને તો કશું આવડતું જ નથી."

જુઓ, આ મારે મતભેદ પડતો હતો પણ કેવો સાચવી લીધો, ફરી જઈને! સરવાળે મતભેદ ના પડવા દીધો. છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષથી અમારે નામેય મતભેદ નથી થયો. બા પણ દેવી જેવાં છે! મતભેદ કોઇ જગ્યાએ અમે પડવા ના દઇએ. મતભેદ પડતાં પહેલાં જ અમે સમજી જઈએ કે આમથી ફેરવી નાખો, ને તમે તો ડાબું ને જમણું બે બાજુનું જ ફેરવવાનું જાણો કે આમના આંટા ચઢે કે આમના આંટા ચઢે. અમને તો સત્તર લાખ જાતના આંટા ફેરવતાં આવડે. પણ ગાડું રાગે પાડી દઈએ. મતભેદ થવા ના દઇએ. આપણા સત્સંગમાં વીસેક હજાર માણસો ને ચારેક હજાર મહાત્માઓ, પણ અમારે કોઈ જોડે એકુંય મતભેદ નથી. જુદાઇ માની જ નથી મેં કોઇની જોડે!

જ્યાં આસક્તિ છે ત્યાં અજ્ઞાન છે ને જ્યાં આસક્તિ જ નથી ત્યાં વિજ્ઞાન છે. જ્યાં વિજ્ઞાન છે ત્યાં સર્વાંશ જ્ઞાન છે.

સેન્ટર(કેન્દ્ર)માં રહે તો જ આનંદ ના રહે, ત્યારે જ મોક્ષ થાય. પણ કોઈ ઉપર ભીંત ને 'મારું-તમારું' કરે તો એનો મોક્ષ ના થાય. નિષ્પક્ષપાતીનો મોક્ષ થાય.

આસક્તિની નિશાની શી ? તો કે' ઘરનાં બધાં ઊંધું કરી નાખે તોય પોતે સવળું કરી નાખે. બીજી ભાષામાં કહું તો આસક્તિની નિશાની છે. આપણું જ ભિખારીપણું છે કે આ પ્રકૃતિથી ઘેરી છે. એના ફ્રૂટ ખરી જાય તો શી રીતે ફ્રૂટ ખેંચાશે. આપણી પ્રકૃતિ એડજસ્ટ કરી આપવું જોઈએ. ત્યારે એ આપણો ફ્રૂટ ખરી જાય તોય આપણું એડજસ્ટમેન્ટ હોય. પણ આપણું એડજસ્ટમેન્ટ તૂટે તો શું થાય ? ફ્રૂટ પાકે એટલે ખરી તો એ ખીલે અપાય, પાકે અપાય. પણ પાયક તૂટ્યો નથી એટલે એ કોઈ ફ્રૂટ નાખી નાખે તો પાછું લાગે પડે. ત્યાં સુધી એ ચુંથાય. સંસાર છે એટલે આ તો પડવાના જ ને ? એ ખાઈ સાહેબ પણ કહેશે પાંચ કે હવે આ ફૂટાશે નહીં. પણ સંસારમાં પડે એટલે પાછા આ ફૂટાઈ જાય. બુદ્ધિશાળી પડે ને ? મોહને લઈને બુદ્ધિશાળી છે. મોહને લઈને આ ફૂટાઈ જાય. જો આ ના ફૂટાય તો તો વૈરાગ્ય જ આવી જાયને ?!

મોહ એનું નામ કહેવાય ? ઘણા બધા અનુભવ થયા હોય પણ ભૂલી જાય. ડાયવોર્સ (છૂટાછેડા) લેતી વખતે નક્કી કરે કે હવે કોઈ બીજે પરણવું નથી. તોય ફરી પાછો ઝંપલાવે !

ઘરમાં ઝઘડા

દાદાશ્રી : ઘરમાં ઝઘડા થાય છે ?

ભાઈ : હા.

દાદાશ્રી : માઈલ્ડ થાય છે કે ખરેખરા થાય છે ?

ભાઈ : ખરેખરા પણ થાય. પણ બીજે દિવસે ભૂલી જઈએ..

દાદાશ્રી : ભૂલી ના જાઓ તો કરો શું ? ભૂલી જઈએ તો ફરી ઝઘડો થાય ને ? ભૂલ્યા ના હોઈએ તો ફરી ઝઘડો કોણ કરે

મોટા મોટા બંગલામાં રહે છે, પાંચ જણ રહે છે છતાં [illegible] કરે છે ! કુદરત ખાવાપીવાનું આપે છે ત્યારે લોક ઝઘડા કરે છે આ લોકો ઝઘડા, કલેશ, કંકાસ કરવામાં જ શૂરા છે.

જ્યાં લડવાડ છે એ અંડરડેવલપ્ડ (અણુવિકસિત) પ્રજા ચરૈયું કાઢતાં આવડતું નથી એટલે લઢવાડ થાય છે.

જેટલા મનુષ્યો છે તેટલા ધર્મ જુદા જુદા છે. પણ પો[illegible] [illegible]નું કેરૂં બાંધે કેવી રીતે ? બાકી ધર્મ તો દરેકના જુદા છે. [illegible]યમાં સામયિક કરે તેય દરેકની ઢબ જુદી જુદી હોય. અરે, કેટલા [illegible] રહ્યા રહ્યા કાંકરી માર્યા કરતા હોય તેય એની સામયિક [illegible]માં ધર્મ રહ્યો નથી. મર્મ રહ્યો નથી. જો ધર્મેય રહ્યો હો[illegible] [illegible] [illegible] ના [illegible]. [illegible] તોય તે મહિનામાં એકાદ વાર [illegible] મહિનામાં એક દહાડો જ આવે ને ?

અંદરોઅંદર ના લઢે, બહારના લત્તાવાળાં આવે ત્યારે બધાં લોકો મળીને લઢે. ત્યારે આ અક્કરમીઓ માંહોમાંહ્ય લઢે છે! આ લોકો વિવેકશૂન્ય થઈ ગયા છે!

'ઝઘડાપ્રૂફ'

પ્રશ્ન : આપણે ઝઘડો ના કરવો હોય, આપણે કોઈ દહાડો ઝઘડો જ ના કરતા હોઈએ છતાં ઘરમાં બધાં ઝઘડો સામેથી રોજ કર્યા કરે તો ત્યાં શું કરવું ?

દાદાશ્રી : આપણે 'ઝઘડાપ્રૂફ' થઈ જવું. 'ઝઘડાપ્રૂફ' થઈએ, તો જ આ સંસારમાં રહેવાશે. અમે તમને 'ઝઘડાપ્રૂફ' આપીશું. ઝઘડો કરનારોય કંટાળી જાય એવું આપણું સ્વરૂપ હોવું જોઈએ. કોઈ વર્લ્ડમાંય આપણને 'ડિપ્રેસ' ના કરી શકે એવું થવું જોઈએ. આપણે 'ઝઘડાપ્રૂફ' થઈ ગયા પછી ભાંજગડ જ નહીં ને? લોકોને ઝઘડા કરવા હોય, ગાળો આપવી હોય તોય વાંધો નહીં. અને છતાંય નફ્ફટ કહેવાય નહીં. ઊલટી જાગૃતિ ખૂબ વધશે.

પૂર્વે જે ઝઘડા કરેલા તેનાં વેર બંધાય છે અને તે આજે ઝઘડા રૂપે ચૂકવાય છે. ઝઘડો થાય તે જ ઘડીએ વેરનું બીજ પડી જાય. તે આવતે ભવ ઊગશે.

પ્રશ્ન : તો એ બીજ કેવી રીતે દૂર થાય ?

દાદાશ્રી : ધીમે ધીમે "સમભાવે નિકાલ" કર્યા કરો તો દૂર થાય. બહુ ભારે બીજ પડ્યું હોય તો વાર લાગે. શાંતિ રાખવી પડે. આપણું કશું કોઈ લઈ લેતું નથી. ખાવાનું બે ટાઇમ મળે, કપડાં મળે, પછી શું જોઈએ ?

ઓરડીને તાળું મારીને જાય પણ આપણને બે ટાઇમ ખાવાનું મળે છે કે નથી મળતું એટલું જ જોવું. આપણને પૂરીને જાય તોય કંઈ નહીં, આપણે સૂઈ જઈએ. પૂર્વભવનાં વેર એવાં બંધાયેલાં હોય કે આપણને તાળામાં બંધ કરીને જાય! વેર ને પાછું અણસમજણથી

બંધાયેલું ! સમજણવાળું હોય તો આપણે સમજી જઈએ કે
સમજણવાળું છે. તોય ઉકેલ આવી જાય. હવે અણસમજણું હ
ત્યાં શી રીતે ઉકેલ આવે ? એટલે ત્યાં વાતને છોડી દેવી. હવે
બધાં છોડી નાખવાનાં માટે કો'ક ફેરો અમારી પાસેથી "સ્વરૂપજ્ઞા
મેળવી લેજો એટલે બધાં વેર છૂટી જાય. આ ભવમાં ને આ
જ બધાં વેર છોડી દેવાનાં. અમે તમને રસ્તો દેખાડીશું.
લોક કંટાળીને મોત શાથી ખોળે છે ? આ ઉપાધિઓ ગમે નહીં
વાત તો સમજવી પડશે ને ? ક્યાં સુધી મુશ્કેલીમાં પડી રહે
આ તો જીવડાં જેવું જીવન થઈ ગયું છે ! નર્યો તરફડાટ, ત
ને તરફડાટ ! મનુષ્યમાં આવ્યા પછી તરફડાટ કેમ હોય ? જે પ્રા
માત્રિક મ્હેતાગ તેની આ દશા ! આખું જગત તરફડાટમાં
તરફડાટ ના હોય તો મૂર્છામાં હોય. આ બે સિવાય બહાર
નથી. આને તો "જ્ઞાનઘન આત્મા" થયો તો ડગો ગયો. એ ભાગ

છે તો પછી વચ્ચેની બધી જ ભાષા ખોટી છે. અમારે આ લક્ષમાં જ હોય કે બે કલાક પછી ફરી બોલવાનું છે. એટલે એની કચકચ ના કરીએ. આ તો તમારે અભિપ્રાય ફરી બદલવાનો ના હોય તો જુદી વાત છે. અભિપ્રાય આપણો બદલાય નહીં તો આપણું કરેલું ખરું છે. ફરી જો વાઈફ જોડે બેસવાના જ ના હો તો ઝઘડયા એ ખરું છે. પણ આ તો આવતી કાલે ફરી જોડે બેસીને જમવાના છે. તો પછી કાલે નાટક કર્યું તેનું શું ? એ વિચાર તો કરવો પડે ને ? આ લોકો તલ શેકી શેકીને વાવે છે તેથી બધી મહેનત નકામી જાય છે. ઝઘડા થતા હોય ત્યારે લક્ષમાં હોવું જોઈએ કે આ કર્મો નાચ નચાવે છે. પછી એ 'નાચનો' જ્ઞાનપૂર્વક ઉકેલ લાવવો જોઈએ.

પ્રશ્ન : દાદાશ્રી, આ તો ઝઘડા કરનાર બન્ને જણાએ સમજવું જોઈએ ને ?

દાદાશ્રી : ના, આ તો સણ સણકી સમાલો; આપણે સુધરીએ તો સામેવાળો સુધરે. આ તો વિચારણા છે ને ઘડી પછી જોડે બેસવાનું છે. તો પછી કકળાટ શાને ? શાદી કરી છે તો કકળાટ શાને ? તમારે ગઈ કાલનું ભુલાઈ ગયું હોય ને અમને તો બધી જ વસ્તુ 'જ્ઞાન'માં હાજર હોય. જો કે આ તો સદ્‌વિચારણા છે તે 'જ્ઞાન' ના હોય. તેને પણ કાળ આવે. આ તો અજ્ઞાનથી માને છે કે એ ચઢી વાગશે. કોઈ અમને પૂછે તો અમે કહીએ કે તુંય ભમરડો ને એય ભમરડો–તે શી રીતે ચઢી વાગશે ? એ કંઈ એના તાબામાં છે ? તે તો "વ્યવસ્થિત"ના તાબામાં છે. અને વાઈફ ચઢીને ક્યાં ઉપર બેસવાની છે ? તમે જરા નમતું આપો એટલે એ બિચારીના મનમાંય ઓરિયો પૂરો થાય કે હવે ધણી મારા કાબૂમાં છે ! એટલે સંતોષ થાય એને.

ઘરમાં મોટાભાગની વઢવાડો અત્યારે શંકાથી ઊભી થઈ જાય છે. આ કેવું છે કે શંકાથી સ્પંદનો ઊડે ને એ સ્પંદનોના ભડકા જાગે. અને જો નિઃશંક થાય ને તો ભડકા એની મેળે શમી જાય. ધણીધણિયાણી બેઉ શંકાવાળાં થાય તો પછી ભડકા શી રીતે શમે ? એક ને તો

નિઃશંક થયે જ છૂટકો. માબાપની વઢવાડોથી બાળકોના સંસ્કાર બગડે. માટે બાળકોનાં ના બગડે એટલા માટે બન્ને જણાએ સમજીને નિકાલ લાવવો જોઈએ. આ શંકા કાઢે કોણ? આપણું 'જ્ઞાન' તો સંપૂર્ણ નિઃશંક બનાવે તેવું છે! આત્માની અનંત શક્તિઓ છે.

આ ટીપોય વાગે તો આપણે તેને ગુનેગાર નથી ગણતા, પણ બીજું મારે તો તેને ગુનેગાર ગણે. કૂતરું આપણને મારે નહીં ને ખાલી ભસભસ કરે તો આપણે તેને ચલાવી લઈએ છીએ. તે જો માણસ હાથ ઉપાડતો ના હોય ને એકલું ભસભસ કરે તો નભાવી લેવું ના જોઈએ? 'ભસ એટલે ટુ સ્પીક.' 'બાર્ક' એટલે ભસવું. આ બૈરી બધું ભસ્યા કરે છે એવું બોલે છે ને? આ વકીલોય કોર્ટમાં ભસતા નથી! એક બાજુ એક ડોગ ભસે છે ને બીજી બાજુ બીજો ડોગ ભસે છે; પેલો જજ બેઉને ભસતા જોયા કરે છે. આ વકીલો નિર્લેપતાથી ભ[illegible] છે ને? કોર્ટમાં તો સામસામી 'તમે આવા છો, તમે તેવા છો, ત[illegible] અમારા અસીલ પર આમ જુઠ્ઠા આરોપ કરો છો' એમ ભસે. આપણ[illegible] એમ લાગે છે આ બેઉ બહાર નીકળીને મારંમારા કરશે. પણ બહા[illegible] નીકળ્યા પછી જોઈએ તો બેઉ જોડે બેસીને ટેસથી ચ્હા પીતા હોય[illegible]

પ્રશ્ન : એ ડ્રામેટિક લઢ્યા કહેવાય?

દાદાશ્રી : ના. એ પોપટ મસ્તી કહેવાય. ડ્રામેટિક તો જ્ઞાની પુ[illegible] [illegible] કોઈને આવડે નહીં. પોપટો મસ્તી કરે તો આપણે ગભ[illegible] [illegible] કે [illegible] હમણાં મરી જશે. પણ ના મરે. એ તો આ[illegible] [illegible] મારા કરે. કોઈને વાગે નહીં એવી ચાંચો મારે.

અજ્ઞાનના આંટામાંથી છૂટવાની જ્ઞાનસમજ

[illegible] રેકર્ડ કહી છે ને? રેકર્ડ વાગ વાગ કરતી [illegible] [illegible] અક્કલ નથી, મણીમાં અક્કલ નથી' ત્યારે આપણેય [illegible] [illegible] મણીમાં અક્કલ નથી.'

[illegible] આમ કરતાં કરતાંય મણીનું પ્રતિક્રમણ [illegible] [illegible] મણિનાનું બેર ફ્રાર્ડ થાય. અને [illegible]

મહિના તો કપાઇ જાય છે ! પરણ્યા
થાય તો માનોને ત્રણ મહિના તો કપાઇ જાય છે ! પરણ્યા
ધણી જોડે મમતા હતી ? તે મમતા ક્યારથી બંધાઈ ? લગ્ન
ચોરીમાં સામસામી બેઠા એટલે તેં નક્કી કર્યું કે આ મારા
આવ્યા. જરા જાડા છે ને શામળા છે. આ પછી એમણે ય નક્કી
કે આ અમારાં ધણિયાણી આવ્યાં. ત્યારથી 'મારા, મારા'ના
આંટા વાગ્યા તે આંટા વાગ વાગ કરે છે. તે પંદર વર્ષની આ
મ છે તેને 'ન્હોય મારા ન્હોય મારા' કરીશ ત્યારે એ આંટા
કાશે ને મમતા તૂટશે. આ તો લગ્ન થયા ત્યારથી અભિપ્રાયો
.ભા થયા. પ્રેજ્યુડિસ (પૂર્વગ્રહ) ઊભો થયો કે આ આવા છે, તેવા
. તે પહેલાં કંઈ હતું ? હવે તો આપણે મનમાં નક્કી કરવું કે,
.છે-તે-આ છે.' અને આપણે જાતે પસંદ કરીને લાવ્યા છીએ.
કાંઈ ધણી બદલાય ?

જેનો રસ્તો નથી એને શું કહેવાય ? જેનો રસ્તો ના હોય
ની કાણ-મોકાણ ના કરાય આ ફરજિયાત જગત છે. ઘરમાં વહુનો
કલેશવાળો સ્વભાવ ના ગમતો હોય, મોટાભાઇનો સ્વાભાવ ના ગમતો
ય, આ બાજુ બાપુજીનો સ્વભાવ ના ગમતો હોય,–તેવા ટોળામાં માણસ
સાઈ જાય તોય રહેવું પડે. ક્યાં જાય તે ? આ ફસામણનો કંટાળો
આવે પણ જવું ક્યાં ? ચોગરદમની વાડો છે. સમાજની વાડો હોય,
'સમાજ મને શું કહેશે ?' સરકારની વાડો હોય. જો કંટાળીને જળ-
સમાધિ લેવા જુહુના કિનારે જાય તો પોલીસવાળા પકડે. 'અલ્યા, ભઈ
મને આપઘાત કરવા દેને નિરાંતે ! મરવા દેને નિરાંતે !' ત્યારે એ કહે,
'ના. મરવાય ના દેવાય અહીં. આગળ તેં આપઘાત કરવાના પ્રયાસનો
ગુનો કર્યો માટે તને જેલમાં ઘાલીએ છીએ' !!! મરાય નથી
દેતા ને જીવવાય નથી દેતા. આનું નામ સંસાર. માટે રહો ને નિરાંતે....
અને સિગારેટ પીને સૂઈ ના રહેવું ! આવું છે ફરજિયાત જગત !
... જીવવાય ના દે. માટે જેમ તેમ કરીને એડજસ્ટ

થઈને ટાઈમ પસાર કરી નાખવો એટલે દેવું વળી જાય. કોઈનું
વર્ષનું, કોઈનું પંદર વર્ષનું, કોઈનું ત્રીસ વર્ષનું. નાદૂરસ્ત

ગાડેલું. નવડાવી, ધોવડાવીને ચોખ્ખો કરી આલે! એવું આ જગત છે! બધાં મોઢાં ધોઇને બહાર નીકળેલા. બધાં પાકા ઠગ. એના કરતાં ખુલ્લું કર્યું હોય તો સારું. આપણા 'મહાત્માઓ'માંથી કોઇક જ મહાત્મા ખુલ્લું કરી દે કે દાદા, આજે તો બૈરીએ મને માર્યો! આટલી બધી સરળતા શેને લીધે આવી? આપણા જ્ઞાનને લીધે આવી. 'દાદાને' તો બધી જ વાત કહેવાય. આવી સરળતા આવી ત્યાંથી જ મોક્ષે જવાની નિશાની થઈ. આવી સરળતા હોય નહીંને? મોક્ષે જવા માટે સરળ જ થવાનું છે. આ બહાર તો ધણી ચીટ-ચીટ કર્યા કરે. બૈરીનો માર પોતે ખાતો હોય તોય બહાર કહે કે 'ના, ના, એતો મારી દીકરીને મારતી હતી!' 'અલ્યા, મેં જાતે તને મારતાં જોયું હતું ને?' આનો શો અર્થ? મિનિંગલેસ. એનાં કરતાં સાચેસાચું કહી દે ને? આત્માને ક્યાં મારવાનું છે? આપણે આત્મા છીએ. મારશે તો દેહને મારશે. આપણા આત્માનું તો કોઈ અપમાનેય કરી ના શકે. કારણ 'આપણને' એ દેખે તો અપમાન કરે ને? દેખ્યા વગર શી રીતે અપમાન કરે? દેહને તો આ ભેંસ નથી મારી જતી ને? ત્યાં નથી કહેતા કે આ ભેંસે મને મારી? આ ભેંસ કરતાં ઘરનાં બાઈ મોટાં નહીં? એમાં શું? શેની આબરૂ જવાની છે? આબરૂ છે જ ક્યાં તે? આ જગતમાં કેટલાં જીવો રહે છે? કોઈ લૂગડાં પહેરે છે? આબરૂ વાળા કપડાં પહેરે જ નહીં. જેને આબરૂ નહીં તે કપડાં પહેરી આબરૂ ઢાંક ઢાંક કરે. જ્યાંથી ફાટે ત્યાંથી સાંધ સાંધ કરે. કોઈ જોઈ જશે. કોઈ જોઇ જશે. અલ્યા, સાંધી સાંધીને કેટલા દહાડા આબરૂ રાખીશ? સાંધેલી આબરૂ રહે નહીં. આબરૂ તો જ્યાં નીતિ છે, પ્રમાણિકતા છે, દયા છે, લાગણી છે, 'ઓબ્લાઈજિંગ નેચર' છે, ત્યાં છે.

આ રોટલા ને શાક માટે શાદી કરવાની. ધણી જાણે કે હું કમાઈ લાવું પણ આ કરી કોણ આપે? બાઈ જાણે કે હું રોટલા બનાવું ખરી પણ કમાવી કોણ આપે? એમ કરીને બેઉ પરણ્યા ને સહકારી મંડળી કાઢી. પછી છોકરાંય થવાનાં. એક દૂધીનું બી વાવ્યું

પછી દૂધિયાં બેસ્યા કરે કે ના બેસ્યા કરે? વેલાને પાંદડે પાંદડે દૂધિયાં બેસે. એવું આ માણસો પણ દૂધિયાંની પેઠ બેસ્યા કરે છે. દૂધી એમ બોલતી નથી કે મારાં દૂધિયાં છે. આ મનુષ્યો એકલાં જ બોલે કે આ મારાં દૂધિયાં છે. આ બુદ્ધિનો દુરુપયોગ કર્યો, બુદ્ધિ ઉપર નિર્ભર રહી તેથી મનુષ્યજાતિ નિરાશ્રિત કહેવાઈ. બીજા કોઈ જીવ બુદ્ધિ પર નિર્ભર નથી. એટલે એ બધાં આશ્રિત કહેવાય. આશ્રિતને દુઃખ ના હોય. આમને જ બધું દુઃખ હોય!

આ વિકલ્પી સુખો માટે ભટકભટક કરે છે પણ બૈરી સામી થાય ત્યારે એ સુખની ખબર પડે કે આ સંસાર ભોગવવા જેવો નથી પણ આ તો તરત જ મૂર્છિત થઈ જાય. મોહનો આટલો બધો માર ખાય છે. તેનું ભાન પણ રહેતું નથી.

આમાં સુખ નથી એ સમજવું તો પડશે ને? ભાઈઓ અપમાન કરે, બાઈસાહેબ પણ અપમાન કરે, છોકરાં અપમાન કરે. આ તો બધો નાટકીય વ્યવહાર છે. બાકી આમાંથી કોઈ સાથે ઓછા આવવાનાં છે?

લટકતી સલામ

તમે પોતે શુદ્ધાત્મા ને આ બધા વ્યવહારો ઉપરછલ્લા એટલે 'સુપરફ્લુઅસ' છે. પોતે હોમ ડીપાર્ટમેન્ટમાં રહેવું અને ફોરેનમાં 'સુપરફ્લુઅસ' રહેવું. 'સુપરફ્લુઅસ' એટલે તન્મયાકાર વૃત્તિ નહીં તે. ડ્રામેટિક તે ખાલી આ ડ્રામા જ ભજવવાનો છે. ડ્રામામાં ખોટ ગઈ તો પણ હસવાનું ને નફો આવે તો પણ હસવાનું. ડ્રામામાં દેખાવ પણ કરવો પડે. ખોટ ગઈ હોય તો તેવો દેખાવ કરવો પડે. મોંઢે બોલીએ ખરા કે બહુ નુકસાન થયું. પણ મહીં તન્મયાકાર ના થઈએ. આપણે 'લટકતી સલામ' રાખવાની. ઘણાં નથી કહેતાં કે ભઈ, મારે તો એની જોડે 'લટકતી સલામ' જેવો સંબંધ છે! એવી જ રીતે આખા જગત જોડે રહેવાનું. જેને 'લટકતી સલામ' આખા જગત જોડે આવડી એ જ્ઞાની થઈ ગયો. આ દેહ જોડે પણ 'લટકતી સલામ'. અમે નિરંતર બધાં જોડે 'લટકતી સલામ' રાખીએ છીએ. તોય બધા કહે કે તમે અમારા પર બહુ સારો ભાવ રાખો છો. હું વ્યવહાર બધાય કરું છું, પણ આત્મામાં રહીને.

પ્રશ્ન : ઘણીવાર મોટી વઢવાડ ઘરમાં થઈ જાય છે તો શું કરવું?

દાદાશ્રી: લાખ રૂપિયા આપે તોય વઢવાડ ના કરે ને વગર પૈસે વઢવાડ કરે તો એ અનાડી નહીં તો શું? ભગવાન મહાવીરને કર્મો ખપાવવા સાઈઠ માઈલ ચાલીને અનાડી ક્ષેત્રમાં જવું પડેલું ને આજનાં લોક પુણ્યશાળી તે ઘેર બેઠાં અનાડી ક્ષેત્ર છે! કેવાં ધન્ય ભાગ્ય! આ તો અત્યંત લાભદાયી છે, કર્મો ખપાવવા માટે,—જો પાંસરો રહે તો.

એક કલાક નોકરને, છોકરાને કે બાઈને ટૈડકાવ ટૈડકાવ કર્યા હોય તો પછી એ ધણી થઈને કે સાસુ થઈને તમને આખી જિંદગી કચર કચર કરશે! ન્યાય તો જોઈએ કે ના જોઈએ? આ જ ભોગ-

[illegible] છે. તમે કોઈને દુઃખ આપશો તો દુઃખ તમારે માટે [illegible]
જિંદગીનું આવશે. એક જ કલાક દુઃખ આપો તો તેનું [illegible]
જિંદગી મળશે. પછી બૂમો પાડો કે વહુ મને આમ કેમ [illegible]
[illegible] કેમ થાય કે આ માણી જોડે મારાથી આમ કેમ થાય છે [illegible]
[illegible] થાય. પણ શું થાય? પછી મેં તેમને પૂછ્યું કે
[illegible] વાત હતી કે તમે વહુને ગોળી લાગ્યા હતા [illegible]
[illegible] લાગ્યો હતો.' ત્યારે એનો શો દોષ [illegible]
[illegible] નીકળે એમાં તે શું કરે? ક્યાં જાય [illegible]
[illegible]

થડામણુ છે. તે ભમરડા ખાતી વખતે, ઊઠતી વખતે અથડાયા જ કરે. ભમરડા પડી ટીચાય છે ને છોલાય છે ને લોહી નીકળે છે! આ તો માનસિક લોહી નીકળવાનું ને! પેલું લોહી નીકળતું હોય તો તે સારું. પટ્ટી મારીએ એટલે બેસી જાય. આ માનસિક ઘા પર તો પટ્ટીય ના લાગે કોઈ! ઘરમાં કોઈને કાંઈ કહેવું એ મોટામાં મોટો અહંકારનો રોગ છે. પોતપોતાનો હિસાબ લઈ ને જ આવ્યા છે બધાં. સહુ સહુની દાઢી ઊગે છે. આપણે કોઈને કહેવું નથી પડતું કે દાઢી કેમ ઉગાડતો નથી? એ તો એને ઊગે જ. સહુસહુની આંખે જુએ છે. સહુસહુના કાને સાંભળે છે. આ ડખો કરવાની શી જરૂરત છે? એક અક્ષર પણ બોલશો નહીં. એટલા માટે અમે આ "વ્યવસ્થિત"નું જ્ઞાન આપીએ છીએ. અવ્યવસ્થિત ક્યારે પણ થતું જ નથી. અવ્યવસ્થિત થાય છે તે પણ "વ્યવસ્થિત" જ છે. એટલે વાત જ સમજવાની છે. એક ફેરો પતંગ ગુલાંટ ખાય ત્યારે દોરો ખેંચી લેવાનો છે. દોરો હવે આપણા હાથમાં છે. જેના હાથમાં દોરી નથી એની પતંગ ગુલાંટ ખાય તે શું થાય? દોરી હાથમાં છે નહીં ને બૂમાબૂમ કરે છે કે મારી પતંગે ગુલાંટ ખાધી!

ઘરમાં અક્ષરેય બોલ બોલવાનું બંધ કરો. જ્ઞાની સિવાય કોઈથી બોલ બોલાય નહીં. કારણ જ્ઞાનીની વાણી કેવી હોય? પરેચ્છાનુસારી હોય. બીજાઓની ઇચ્છાને આધારે એ બોલે છે. એમને શા માટે બોલવું પડે? એમની વાણી તો બીજાઓની ઇચ્છા પૂર્ણ થવા માટે નીકળે છે. અને બીજા બોલે તે પહેલાં તો બધાંનું મહીં હાલી જાય. ભયંકર પાપ લાગે. સ્હેજે બોલાય નહીં. સ્હેજ પણ બોલો તો તેને કચકચ કહેવાય. બોલ તો કોનું નામ કહેવાય કે સાંભળ સાંભળ કરવાનું મન થાય. વઢે તોય એ સાંભળવાનું ગમે. આ તો જરાક બોલે તે પહેલાં જ છોકરાં કહે કે, 'કાકા, હવે કચકચ કરવાની રહેવા દો. વગર કામના ડખો કરો છો.' વગર કામનું? પૂર્વગ્રહ ના હોય તો. પૂર્વગ્રહ એટલે મનમાં [illegible] જ કે ગઈ [illegible] આણે આમ કર્યું હતું ને આમ વઢ[illegible] આવે

વવાનું છે. તમે કોઈને દુઃખ આપશો તો દુઃ[illegible]
જિંદગીનું આવશે. એક જ કલાક દુઃખ આપો
જિંદગી મળશે. પછી બૂમો પાડો કે વહુ મને
વહુને એમ થાય કે આ ધણી જોડે મારાથી આ[illegible]
પણ દુઃખ થાય, પણ શું થાય? પછી મેં તે[illegible]
તમને ખોળી લાવી હતી કે તમે વહુને ખોળી લા[illegible]
એ કહે કે, 'હું ખોળી લાવ્યો હતો.' ત્યારે એનો [illegible]
લઈ આવ્યા પછી અવળું નીકળે એમાં તે શું કરે

કેટલીક સ્ત્રી તો પતિને મારે હઉ. પતિવ્રતા
સાંભળતાં જ પાપ લાગે કે આવું બૈરી ધણીને મા[illegible]

પ્રશ્ન : જો પુરુષ માર ખાય તો તે બાયલો

દાદાશ્રી : એવું છે. માર ખાવો એ કાંઈ પુરુષા[illegible]
પણ એનાં આ ઋણાનુબંધ એવાં હોય છે. બૈરી દુઃ[illegible]
આવેલી હોય છે તે હિસાબ ચૂકવે જ.

વઢવાનું મૂળ અહંકાર

સંસારમાં વઢવાની વાત જ ના કરવી. એ તો [illegible]
[illegible] અહંકાર છે, ખુલ્લો અહંકાર છે. એ ગાંડો અહ[illegible]
[illegible] એમ માને કે મારા વગર ચાલશે નહીં. કોઈને
[illegible] બોજો લાગે. નર્યું માથું પાકી જાય. [illegible]
[illegible] ?

[illegible]

દેવાય નહીં. તે કોને ત્યાં જશે તેની શી ખબર? આપણે સીધી કરીએ ને આવતા જન્મે જાય કો'ક ને ભાગે!

પ્રશ્ન : એની જોડે કર્મ બંધાયા હોય તો બીજા તો ભેગાં તો થાય ને?

દાદાશ્રી : ભેગાં થાય પણ બીજી રીતે ભેગાં થાય. કો'કની ઓરત થઈને આપણે ત્યાં વાતો કરવા આવે. કર્મના નિયમ નહીં ને? એટલે આપણે એને સીધી કરવાની વાત જ છોડી દો ને? હાં, એવું બધાં ફોર્મ ઉપર લખી આપે કે પચાસ ભવ માટે તમારી જોડે રહેવાનું છે તો આપણે એને સીધી કરીએ! પણ આ તો ઠામ નહીં ને ઠેકાણું'ય નહીં. કોણ પુણ્યશાળી માણસ એવો હોય કે જે અમુક ભવ જોડે રહે. જુઓ ને નેમિનાથ ભગવાન રાજુલ સાથે નવ ભવથી જોડે ને જોડે જ હતા ને! એવું હોય તો વાત જુદી છે આ તો બીજા ભવનું જ ઠેકાણું નથી અરે, આ ભવમાં જ જતા રહે છે ને? એને ડાઈવોર્સ કહે છે ને! આ ભવમાં જ બે ધણી કરે, ત્રણ ધણી કરે!

માટે તમારે એમને સીધા કરવાં નહીં. એ તમને સીધાં કરે નહીં. જેવું મળ્યું એવું સોનાનું. પ્રકૃતિ કોઈની કોઈ દહાડો સીધી થાય નહીં. કૂતરાની પૂંછડી વાંકી ને વાંકી જ રહે એટલે આપણે ચેતીને ચાલીએ. જેવી હો તે ભલે હો. એડજસ્ટ એવરીવેર. ટૈડકાવાની જગ્યાએ તમે ના ટૈડકાવી તેનાથી વાઈફ વધારે સીધી રહે. જે ગુસ્સો નથી કરતો તેનો તાપ બહુ સખત હોય. આ અમે કોઈને કોઈ દહાડોય વઢતા નથી. છતાં અમારો તાપ બહુ લાગે.

પ્રશ્ન : તો પછી એ સીધી થઈ જાય?

દાદાશ્રી : સીધા થવાનો માર્ગ જ પહેલેથી આ છે, તે કળિયુગમાં લોકોને પોષાતું નથી. પણ એના વગર છૂટકો નથી.

ભાઈ : પણ એ અઘરું બહુ છે.

દાદાશ્રી : ના, ના. એ અઘરું નથી. એ જ સહેલું છે. ગાયનાં શીંગડાં ગાયને ભારે.

ઘરમાં વઢે એને ભગવાને મૂર્ખ કહ્યો છે. કોઈને દુઃખ આપીએ તેયે નર્ક જવાની નિશાની છે

મનુષ્ય સિવાય બીજા કોઈ ધણીપણું નથી બજાવતા, અરે આજ કાલ તો 'ડાયવોર્સ' લે છે ને? વકીલને કહે કે 'તને હજાર બે હજા રૂપિયા આપીશ, મને 'ડાયવોર્સ' અપાવી દે.' તે વકીલેય કહેશે 'હા, અપાવી દઈશ.'

અલ્યા. તું લઈ લે ને 'ડાયવોર્સ'. બીજાને શું અપાવ નીકળ્યા છો?

ભારતીય સંસ્કાર

પહેલાનાં વખતનાં એક ડોશીમાની વાત છે. તે કાકાની સરવ કરતાં હતાં. 'તારા કાકાને આ ભાવતું હતું, તે ભાવતું હતું' એ કરી કરીને ખાટલામાં વસ્તુઓ મૂકતાં હતાં. મેં તેમને કહ્યું, "કાકી તમે તો કાકા જોડે રોજ લઢતા હતા. કાકાય તમને ઘણીવાર માર હતા. તો આ શું?"

ત્યારે કાકી કહે, "પણ તારા કાકા જેવા ધણી મને ફરી ન મળે!" આ આપણા હિન્દુસ્તાનના સંસ્કાર!

૧૧. "સમભાવે નિકાલ

પત્નીને સીધી કરવી

કોઈ વાતમાં આપણે સામાને એડજસ્ટ થઈ જઈએ તો કેટ [illegible] થઈ જાય. આપણે જોડે શું લઈ જવાનું છે? કોઈ કહે કે [illegible], એને સીધી કરો. અરે, એને સીધી કરવા જઈશ તો [illegible] સીધી કરવા જેવા નથી'. જેની [illegible] એની જોડે કામનું એવું [illegible] [illegible] ક્યાંય [illegible] [illegible] નહીં'

પ્રશ્ન : વ્યવહારમાં રહેવાનું તો એડજસ્ટમેન્ટ એકપક્ષી તો ના હું જોઈએ ને ?

દાદાશ્રી : વ્યવહાર તો એનું નામ કહેવાય કે એડજસ્ટ થઈએ ટલે પડોશીય કહે કે બધાં ઘેર ઝઘડા છે પણ આ ઘેર ઝઘડો ી. એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે ત્યાં શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે? જેટલા એડજસ્ટમેન્ટ શે તેટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જશે. આશક્તિ ઘણા કાળથી હોય છે. સાચી સમજણ તો બીજી બધી સમજણને ળાં વાગશે ત્યારે જ થશે.

જ્ઞાની તો સામો વાંકો હોય તોય તેની જોડે એડજસ્ટ થાય. ાની પુરુષને જોઈને ચાલે તો બધી જાતનાં એડજસ્ટમેન્ટ કરતાં ાવડી જાય. આની પાછળ સાયન્સ શું કહે છે કે વીતરાગ થઈ જાઓ. ાગદ્વેષ ના કરો. આ તો મહીં કંઈક આસક્તિ રહી જાય છે. તેથી ાર પડે છે. આ વ્યવહારમાં એકપક્ષી, નિઃસ્પૃહ થઈ ગયા હોય તે ાંકા કહેવાય. આપણે જરૂર હોય તો સામો વાંકો હોય તોય તેને ાનાવી લેવો પડે. આ સ્ટેશન પર મજૂર જોઈતો હોય તો એ ાનાકાની કરતો હોય તોય તેને ચાર આના ઓછાવત્તા કરીને ાનાવી લેવો પડે. અને ના મનાવીએ તો એ બેગ આપણા માથા ર જ નાખે ને ?

Don't see laws, please settle

કાયદાઓ જોશો નહીં, કૃપા કરીને સમાધાન કરો.

સામાને સેટલમેન્ટ લેવા કહેવાનું, તમે આમ કરો. તેમ કરો, એવું કહેવા ટાઈમ જ ક્યાં હોય ? સામાની સો ભૂલ હોય તોય આપણે

[illegible]

[illegible]

[illegible]

…ાહી : અમારામાં તો આપની વાત માટે કંઈ કહેવાનું જ
…નું વ્યવહારમાંય આપની વાત જોવાની છે.

પર ચઢી બેસે. સ્ત્રીને ને મનને મારવું એ તો સંસારમાં ભટકવાનાં બે સાધનો છે. આ બેને મરાય નહીં. તેમની પાસે તો સમજાવીને કામ લેવું પડે.

અમારો એક ભાઈબંધ હતો. તે હું જ્યારે જોઉં ત્યારે બૈરીને એક તમાચો આપી દે. એની જરાક ભૂલ દેખાય તો આપી દે. પછી હું એને ખાનગીમાં સમજાવું કે આ તમાચો તેં એને આપ્યો પણ એની એ નોંધ રાખશે. તું નોંધ ના રાખે પણ એ તો નોંધ રાખશે જ. અરે, આ તારાં નાનાં નાનાં છોકરાં તું તમાચો મારે છે ત્યારે તને ટગર ટગર જોયા કરે છે. તેય નોંધ રાખશે. અને એ પાછાં માને છોકરાં ભેગાં મળીને આનો બદલો વાળશે. એ ક્યારે બદલો વાળશે? તારાં ગાતર ઢીલાં પડશે ત્યારે. માટે સ્ત્રીને મારવા જેવું નથી. મારવાથી તો ઊલટું આપણને જ નુકસાનરૂપ, અંતરાયરૂપ થઈ પડે છે.

આશ્રિત કોને કહેવાય? ખીલે બાંધી ગાય હોય તેને મારીએ તો એ ક્યાં જાય? ઘરના માણસો ખીલે બાંધેલાં જેવાં છે. તેને મારીએ તો આપણે નંગોડ કહેવાઈએ. એને છોડી દે ને પછી માર તો તે તને મારશે અથવા તો નાસી જશે. બાંધેલાને મારવું એ શૂરવીરનાં કામ કેમ કહેવાય? એ તો બાયલાનાં કામ કહેવાય.

ઘરના માણસને તો સ્હેજેય દુઃખ દેવાય જ નહીં. જેનામાં સમજ ના હોય તે ઘરનાંને દુઃખ દે.

ફરિયાદ

બહેન : દાદા, મારી ફરિયાદ કોણ સાંભળે?

દાદાશ્રી : તું ફરિયાદ કરીશ તો તું ફરિયાદી થઈ જઈશ. હું તો જે ફરિયાદ કરવા આવે તેને જ ગુનેગાર ગણું. તારે ફરિયાદ કરવાનો વખત જ કેમ આવ્યો? ફરિયાદી ઘણાખરા ગુનેગાર જ હોય છે. પોતે ગુનેગાર હોય તો ફરિયાદ કરવા આવે. તું ફરિયાદ કરીશ તો, તું ફરિયાદી થઈ જઈશ અને સામો આરોપી થશે. એટલે એની દૃષ્ટિમાં આરોપી તું ઠરીશ. માટે કોઈની વિરુદ્ધ ફરિયાદ ના કરવી.

સંસારમેં કદમ મિલાકે ચલો

સંસારનો અર્થ જ સમસરણ માર્ગ. એટલે નિરંતર પરિવર્તન-પણાને પામ્યા કરે. ત્યારે આ ઘૈડિયાઓ જૂના જમાનાને જ વળગી રહે. અલ્યા, જમાના પ્રમાણે કર, નહીં તો માર ખઈને મરી જઈશ! જમાના પ્રમાણે 'એડજસ્ટમેન્ટ' કરી લેવું જોઈએ. મારે તો ચોર જોડે, ગજવાં કાપનાર જોડે, બધાં જોડે એડજસ્ટમેન્ટ થાય. ચોર જોડે અમે વાત કરીએ તો એય જાણે કે આ કરુણાવાળા છે. ચોરને તું ખોટો છે એવું અમે ના કહીએ. કારણ કે એનાયે 'વ્યૂ પોઈન્ટ' છે. ત્યારે લોક એને નાલાયક કહીને ગાળો ભાંડે. ત્યારે આ વકીલો જૂઠા નથી? સાવ જુઠ્ઠો કેસ જીતાડી આપીશ એમ કહે તે એ ઠગારા ના કહેવાય? ચોરને લુચ્ચો કહે ને આ તદ્દન જુઠ્ઠા કેસને સાચો કહે તેનો સંસારમાં વિશ્વાસ કેમ કરાય? છતાં એનુંય ચાલે છે ને? કોઈનેય અમે ખોટો ના કહીએ. એ એના વ્યૂ પોઈન્ટ (View point)થી કરેક્ટ જ છે. પણ એને સાચી વાતની સમજ પાડીએ કે આ ચોરી કરે છે તેનું ફળ તને શું આવશે.

આ ઘૈડિયાં ઘરમાં પેસે તો કહેશે આ લોખંડનું કબાટ? આ રેડિયો? આ આવું કેમ? તેવું કેમ? એમ ડખો કરે. અલ્યા, કોઈ જુવાનની દોસ્તી કર. આ તો યુગ બદલાયા જ કરવાનો. તે વગર આ જીવે શી રીતે? કંઈક નવું જુએ એટલે મોહ થાય. નવું ના હોય તો જીવે શી રીતે? આવું નવું તો અનંત આવ્યું ને ગયું. તેમાં તમારે ડખો કરવાનો ના હોય. તમને ના ફાવે તો તે તમારે ના કરવું. આ આઈસ્ક્રીમ તમને એમ નથી કહેતો કે અમારાથી ભાગો. આપણે ના ખાવો હોય તો ના ખઈએ. આ તો ઘૈડિયાં એની પર ચિઢાયા કરે. આ મતભેદો તો જમાનો બદલાયાના છે. આ છોકરાં તો જમાના પ્રમાણે કરે. મોહ એટલે નવું-નવું ઉત્પન્ન થાય અને

નવું ને નવું જ દેખાય છે. અમે નાનપણથી બહુ જ બુદ્ધિ લીધેલું કે આ જગત ઊંધુ થઈ રહ્યું છે કે છતું થઈ રહ્યું એ પણ સમજાયેલું કે કોઈને સત્તા જ નથી આ જગતને છતાં અમે શું કહીએ છીએ કે જમાના પ્રમાણે એડજસ્ટ થ નવી જ ટોપી પહેરી આવે તો એવું ના કહીએ કે આવું ક્યાંથી લાવ્યો ? એના કરતાં એડજસ્ટ થઈએ કે આવી સરસ ટોપી લાવ્યો ? કેટલાની આવી ? બહુ સસ્તી મળી. આમ એડજસ્ટ થ

આ છોકરાંઓ આખો દહાડો કાને રેડિયો નથી અડાડી કારણ કે આ રસ નવો નવો ઉદયમાં આવ્યો છે ભિખારાં એનું નવું ડેવલપમેન્ટ છે. જો ડેવલપ થયેલો હોય તો ધ્યાન જ નહીં. એક ફેરો જોઈ લીધા પછી ફરી નવીન વસ્તુને એક ફેર જોવાની હોય. એનો ફાયરા ના હોય. આ તો કાનની નવેસરથી ઇન્દ્રિય આવી છે તો રેડિયો સાંભળ્યા કરે છે ! મનુષ્યપણાની તેમની શરૂઆત ગાયમાં ગાયને ... આવી ગયેલો ... તો ...

...થી એવું તમને તારણ નીકળે છે? છોકરાં મોટાં થયાં છે. એ કંઈ ...દરેથી પડી જાય છે? તમે તમારો આત્મધર્મ શું કરવા ચૂકો છો? આ છોકરાં જોડેનો તો રિલેટિવ ધર્મ છે. ત્યાં ખોટી માથાકૂટ કરવા જેવી ...થી. કકળાટ કરો છો તેના કરતાં મૌન રહેશો તો વધારે સારું રહેશે. કકળાટથી તો પોતાનું મગજ બગડી જાય ને સામાનું પણ બગડી જાય.

સુધરેલા જ સુધારે

એક ફેરો મનમાં વિખવાદ પડી ગયો પછી એની લિન્ક ચાલુ થઈ જાય. પછી મનમાં એના માટે ગ્રહ બંધાઈ જાય કે આ માણસ આવો છે. ત્યારે આપણે મૌન લઈ ને સામાને વિશ્વાસમાં લેવા જેવું છે. આ બોલ બોલ કરવાથી કોઈનું સુધરે નહીં. સુધરવાનું તો જ્ઞાની પુરુષની વાણીથી સુધરે. છોકરાં માટે તો માબાપની જોખમદારી છે. આપણે ના બોલીએ તો ના ચાલે? ચાલે. એટલે **ભગવાને કહ્યું છે કે જીવતાં જ મરેલાની જેમ રહે.** બગડેલું સુધરી શકે છે. બગડેલાને કાપી ના નાખવું. બગડેલાને સુધારવું એ 'અમારા'થી થઈ શકે. તમારે ના કરવું. તમારે અમારી આજ્ઞા પ્રમાણે ચાલવું. એ તો જે સુધરેલો હોય તે જ બીજાને સુધારી શકે. પોતે જ સુધર્યા ના હોય તે બીજાને શી રીતે સુધારી શકે? છોકરાંને સુધારવા હોય તો આ અમારી આજ્ઞા પ્રમાણે ચાલો. ઘરમાં છ મહિના મૌન લઈ લો. છોકરાં પૂછે તો જ બોલવાનું. અને તે પણ તેમને કહી દેવાનું કે મને ના પૂછો તો સારું. અને છોકરાં માટે અવળો વિચાર આવે તો તેનું તરત જ પ્રતિક્રમણ કરી નાખવું. છોકરાંને તો નવ મહિના પેટમાં રાખવાના, પછી ચલાવવાના, ફેરવવાના, નાના હોય ત્યાં સુધી. પછી છોડી દેવાના. આ ગાયો-ભેંસોય છોડી દે છે ને? છોકરાંને પાંચ વરસ સુધી ટોકવા પડે. પછી ટોકાય પણ નહીં અને વીસ વરસ પછી તો એની બૈરી જ એને સુધારે. આપણે સુધારવાનું ના હોય.

છોકરાં જોડે ઉપલક રહેવાનું. ખરી રીતે પોતાનું કોઈ છે જ ન... . આ દેહના આધારે મારાં છે. દેહ બળી જાય તો કોઈ જોડે આવે

છે? આ તો જે 'મારો' કહી કોટે વળગાડે છે તેને બહુ ઉપાધિ છે. કે
બહુ લાગણીના વિચાર કામ લાગે નહીં. છોકરો વ્યવહારથી છે. છોકરો
દાઝે તો દવા કરીએ પણ આપણે કંઈ રડવાની શરત કરેલી છે?

ઓરમાન છોકરાં હોય તે ઢીંચણે કરીને કંઈ ધાવણ આવે? તે
એવું રાખવું. આ કળિયુગ છે. રિલેટિવ સગાઈ છે. રિલેટિવને રિલેટિવ
રાખવું, રિયલ ના કરવું. આ રિયલ સંબંધ હોય તો છોકરાંને કહીએ
કે તું સુધરે નહીં ત્યાં સુધી જુદો રહે પણ આ તો રિલેટિવ સગાઈ
છે માટે–'એડજસ્ટ એવરીવેર'. આ તમે સુધારવા નથી આવ્યા. તમે
કર્મના સકંજામાંથી છૂટવા આવ્યા છો. સુધારવા કરતાં સારી ભાવના
ભાવો. બાકી કોઈ કોઈને સુધારી ના શકે. એ તો જ્ઞાની પુરુષ સુધ
રેલા હોય તે બીજાને સુધારી શકે. માટે તેમની પાસે લઈ જાવ.
બગડે છે શાનાથી? છંછેડવાથી. આખા વર્લ્ડનું કામ છંછેડતાં
બગડ્યું છે. આ કૂતરાંનેય છંછેડો તો કૈડી ખાય. બચકું ભરે. લોક
માટે લોક કૂતરાંને છંછેડતા નથી. આ મનુષ્યોને છંછેડે તો શું થાય
કોય બચકું ભરશે...

આ દુષમકાળ જબરજસ્ત વ્યાપેલો છે. સંસ્કાર માત્ર ખલાસ થઈ ગયા છે. માણસને કોઈને સમજણ પાડતાં આવડતી નથી. બાપ છોકરાંને કહે તો છોકરો કહેશે કે મારે તમારી સલાહ નથી સાંભળવી. ત્યારે સલાહ આપનારો કેવો ને લેનારો કેવો? કઈ જાતના લોક ભેગા થયા છે? આ લોક તમારી વાત શાથી નથી સાંભળતા? સાચી નથી તેથી. સાચી હોય તો સાંભળે કે ના સાંભળે? આ લોક શાથી કહે છે? આસક્તિને લીધે કહે છે. આ આસક્તિઓને લીધે પોતે પોતાના અવતાર બગાડે છે.

બધું "વ્યવસ્થિત" ચલાવે છે. કશું બોલવા જેવું નથી. "પોતાનો" ધર્મ કરી લેવા જેવો છે. પહેલાં તો એમ જાણતા હતા કે આપણે ચલાવીએ છીએ એટલે આપણે હોલવવું પડે. હવે તો ચલાવવાનું આપણે નહીં ને? હવે તો આય ભમરડા ને તેય ભમરડા! મેલ ને પીડા અહીંથી. પ્યાલા ફૂટે, કઢી ઢળે, વહુ છોકરાંને વઢતી હોય તોય આપણે આમ આડા ફરીને નિરાંતે બેસી જવું. આપણે જોઈએ ત્યારે એ કહેને કે તમે જોતા હતા ને કેમ ના બોલ્યા? અને ના હોય તો હાથમાં માળા લઈને ફેરવ્યા કરીએ એટલે એ કહેશે કે આ તો માળામાં છે. મેલોને પૈડ. આપણે શી લેવાદેવા? સ્મશાનમાં ના જવાનું હોય તો કચ કચ કરો! માટે કશું બોલવા જેવું નથી. આ તો ગાયો ભેંસોય એના બાબા જોડે રીતસર ભોં ભોં કરી લે, વધારે બોલે નહીં. ને આ મનુષ્યો તો ઠેઠ સુધી બોલ બોલ કરે. બોલે એ મૂરખ કહેવાય. આખા ઘરને ખલાસ કરી નાખે. આનો ક્યારેય પાર આવે? અનંત અવતારથી સંસારમાં ભટક્યા. ના કોઈનું ભલું કર્યું. ના પોતાનું ભલું કર્યું. જે માણસ પોતાનું ભલું કરે તે જ બીજાનું ભલું કરે.

પરાણે પ્રીત

બાબો માંદો હોય તો આપણે દવા બધી કરીએ પણ બધું ઉપલક. આપણાં છોકરાંને કેવાં માનવાં જોઈએ? ઓરમાન. છોકરાંને મારાં છોકરાં કહે અને છોકરાંય મારી મા કહે, પણ મહીં લાંબી સગાઈ

નહીં. એટલે આ કાળમાં ઓરમાઈ સગાઈ રાખજો, નહીં તો
ગયા જાણજો. છોકરાં કોઈને મોક્ષે લઇ જનારાં નથી. જો તમે
થશો તો છોકરાં ડાહ્યાં થશે. છોકરાં જોડે વહાલ તે કરાતું હશે?
વહાલ તો ગોળી મારે. વહાલ દ્વેષમાં ફરી જાય. પરાણે પ્રીત
ચલાવી લેવાનું. બહાર સારું લાગે છે તેમ કહેવાનું, પણ મહીં
કે પરાણે પ્રીતિ કરી રહ્યા છીએ. આ ન્હોય સાચી સગાઈ.
સગાઈની ક્યારે ખબર પડે કે જ્યારે આપણે એક કલાક એને
ગાળો દઈએ ત્યારે એ કલદાર છે કે નહીં એની ખબર પડે
તમારો સાચો દીકરો હોય તો તમારા મારી રહ્યા પછી એ તમ
લાગીને કહે કે, 'બાપુજી, તમારો હાથ બહુ દુઃખતો હશે!'
કહેનારો હોય તો સાચી સગાઈ રાખીએ. પણ આ તો એક
છોકરાને ટૈડકાવીએ તો છોકરો મારવા ફરી વળે! આ તો
લઈને આસક્તિ થાય છે. રિયલ છોકરો કોને કહેવાય કે બાપ
[illegible] મરી જવું

પ્રકૃતિ હોય, છોકરાંની, છોકરીઓની જુદી જુદી પ્રકૃતિ હોય. તે દરેક પ્રકૃતિનો લાભ ઉઠાવો. આ તો રિલેટિવ સંબંધ છે. વાઈફ પ રિલેટિવ છે. અરે, આ દેહ જ રિલેટિવ છે ને! રિલેટિવ એટલે એમ જોડે બગાડો તો એ છૂટાં થઈ જાય!

કોઈને સુધારવાની શક્તિ આ કાળમાં ખલાસ થઈ ગઈ માટે સુધારવાની આશા છોડી દો. કારણ કે મન, વચન, કાયાની એકા વૃત્તિ હોય તો જ સામો સુધરી શકે. મનમાં જેવું હોય તેવું વાણી નીકળે ને તેવું જ વર્તનમાં હોય તો જ સામો સુધરે. અત્યારે એવું છે નહીં ઘરમાં દરેકની જોડે કેવું વલણ રાખવું તેની નોર્માલિટી લાવી નાખો

કેટલાક તો છોકરાં 'દાદા દાદા' કહે એટલે દાદાજી મહીં મલકા અલ્યા, છોકરાં દાદા દાદા ના કરે તો શું 'મામા મામા' કરે?! છોકરાં 'દાદા' 'દાદા' કરે પણ મહીં સમજતા હોય કે દાદા એટલે થો વખતમાં જે મરી જવાના છે તે. જે કેરીઓ હવે નકામી થઈ ગ કાઢી નાખવાની થઈ એનું નામ દાદા! અને દાદો મહીં મલકાય હું દાદો થયો! આવું જગત છે!

અરે, પપ્પાને જ બાબો જઈને કાલી ભાષામાં કહે કે ' ચાલો મમ્મી ચા પીવા બોલાવે' તે બાપો મહીં એવો મલકાય મલકાય, જાણે સાંઢ મલકાયો! એક તો બાળભાષા, કાલીભાષા, 'પપ્પાજી' કહે....એટલે ત્યાં તો મોટો પ્રધાન હોય તોય તેમને નહીં. આ તો મનમાં શુંય માની બેઠો છે કે મારા સિવાય જ નથી. મેર ગાંડિયા! આ કુતરાં, ગધેડાં, બિલાડાં નથી ને? કોણ પપ્પો નથી? આ બધો કકળાટ એનો એ

સમજીને પપ્પા ના થાય એવું કંઈ ચારિત્ર કોઈનુ તો એનાં તો વધામણાં જ લેવાં પડે. બાકી બધા પપ્પા બોસે ઓફિસમાં ટૈડકાવ્યો હોય ને ઘેર બાબો 'પ' તે ઘડીયે બધું ભૂલી જાય ને આનંદ થાય. કારણ આ

એકુય છોકરાં ના હોય ને છોકરો જન્મે તો તે હસાવડાવે. ને ખૂબ આનંદ કરાવડાવે. જ્યારે એ જાય ત્યારે રડાવડાવેય એટલું માટે આપણે એટલું જાણી લેવું કે આવ્યા છે તે જાય ત્યારે શું ાય ? માટે આજથી હસવું જ નહીં. પછી ભાંજગડ જ નહીં ને ? તો કયા અવતારમાં બચ્ચાં ન્હોતાં ? કૂતરાં, બિલાડાં–બધે બચ્ચાં, ાં ને બચ્ચાં જ કોટે વળગાડયાં છે. આ બિલાડીનેય બોબીઓ ાવ છે ને!

એક આંખમાં પ્રેમ ને બીજામાં કડકાઈ

માટે દરેકમાં normality લાવી નાખો એક આંખમાં પ્રેમ ને આંખમાં કડકાઈ રાખવી. કડકાઈથી સામાને બહુ નુકસાન નથી થતું. કરવાથી બહુ નુકસાન થાય છે. કડકાઈ એટલે ક્રોધ નહીં પણ ડો. અમે પણ ધંધા પર જઈએ એટલે ફૂંફાડો મારીએ, કેમ આમ છો ? કેમ કામ નથી કરતા ?

વ્યવહારમાં જે જગ્યાએ જે ભાવની જરૂર હોય ત્યાં તે ભાવ ાન્ન ના થાય તો એ વ્યવહાર બગાડયો કહેવાય.

એક માણસ મારી પાસે આવ્યો. તે બેન્કનો મેનેજર હતો. તે કહે કે, "મારા ઘરમાં મારી વાઇફ ને છોકરાને હું એક અક્ષરે કહેતો નથી. હું બિલકુલ ઠંડો જ રહું છું." મેં તેમને કહ્યું "તમે ાામાં છેલ્લાં પ્રકારના નકામા માણસ છો. આ દુનિયામાં કશા કામનાં ો નથી." પેલો માણસ મનમાં સમજે કે હું આવું કહીશ એટલે દાદા મને મોટું ઈનામ આપી દેશે. મેર ગાંડિયા, આવું ઈનામ ાતું હશે ? છોકરો ઊંધું કરતો હોય, ત્યારે એને આપણે કેમ આવું ાું ? હવે આવું નહીં કરવાનું, એમ નાટકીય બોલવાનું; નહીં તો ાઓ એમ જ જાણે કે આપણે જે કાંઈ કરીએ છીએ તે કરેકટ જ છે. ારણ બાપાએ એકસેપ્ટ(સ્વીકાર્યું) છે. આ ના બોલ્યા તેથી તો ઘરનાં ાટી ગયાં છે. બોલવાનું બધું પણ નાટકીય. છોકરાઓને રાત્રે બેસાડીને ાવીએ, વાતચીત કરીએ. ઘરનાં બધા ખૂણામાં પૂંજો તો વાળવો

ફેમિલી ઓર્ગેનાઇઝેશન

ફેમિલી ઓર્ગેનાઇઝેશનનું જ્ઞાન છે તમારી પાસે ? આપણા હિન્દુ-
ાનને હાઉ ટુ ઓર્ગેનાઇઝ ફેમિલી એ જ્ઞાન જ ખૂટે છે. ફોરેનવાળા
ફેમિલી જેવું સમજતા જ નથી. એ તો જેમ્સ વીસ વરસનો થયો
ટલે એનાં માબાપ વિલિયમ ને મેરી જેમ્સને કહેશે, કે તું તારે જુદો
અમે બે પોપટ અને પોપટી જુદાં ! એમને ફેમિલી ઓર્ગેનાઇઝ
તાની બહુ ટેવ જ નથી ને ? અને એમનું ફેમિલી તો ચોખ્ખું જ
છે. મેરી જોડે વિલિયમને ના ફાવ્યું એટલે ડાઇવોર્સની જ વાત !
ને આપણે તો ક્યાં ડાઇવોર્સની વાત ?! આપણે તો જોડે ને જોડે જ
વાનું, કકળાટ કરવાનો ને પાછું સૂવાનુંય ત્યાં જ, એની એ જ
માં !

જાતની 'સરવે'

આ જીવન જીવવાનો રસ્તો નથી. આ ફેમિલી લાઇફ ના કહેવાય.
શાંતે ખાઓ, પીવો. ઉતાવળ શું કામ કરો છો ? માણસને શેની નેસે-
ટી (જરૂરિયાત) છે તેની પહેલાં તપાસ કરવી પડે. બીજી બધી અન-
સેસિટી. એ અનનેસેસિટીની વસ્તુઓ માણસને ગૂંચવે પછી ઊંઘની
ળીઓ ખાવી પડે !

ઘરમાં શા માટે આ લઢાઈઓ થાય છે ? છોકરાં જોડે કેમ વઢ-
ડ થાય છે ? એ બધું જાણવું તો પડે ને ? આ છોકરો સામો થાય
એને માટે ડૉક્ટરને પૂછીએ કે કાંઈ બતાવો પણ એ શી દવા
તાવે ? એની જ વૈરી એની સામે થતી હોય ને ?!

આ તો આખી જિંદગી રૂની સરવે કરે, કોઇ લવિંગની સરવે
ર, કાંઇ ને કાંઇ સરવે કરે પણ અંદરની 'સરવે' કોઈ દહાડો નથી કરી !

દાદાશ્રી : શેઠ, તમારી સુગંધ તમારા ઘરમાં આવે છે ?

શેઠ : સુગંધ એટલે શું ?

દાદાશ્રી : તમારા ઘરના બધા માણસોને તમે રાજી રાખો છે ? ઘરમાં કકળાટ થતો નથી ને ?

શેઠ : કકળાટ તો થાય છે, રોજ થાય છે.

દાદાશ્રી : તે કઈ જાતના પાકયા તમે ? ભગવાન મહાવીરને ત્યાં આવા શું કામ પાકયા ? વહુને શાંતિ ના આપી, છોકરાંને શાંતિ ના આપી. અરે, તમારી જાતને પણ શાંતિ ના આપી ! તમારે મોક્ષે જવું હોય તો મારે વઢવું પડશે અને તમારે દેવગતિમાં જવું હોય તો [illegible] સરળ રસ્તો તમને લખી આપું. પછી તો હું તમને 'આવો [illegible] પધારો' એમ કહું. મને બેઉ ભાષા આવડે. આ ભ્રાંતિની ભાષા હું ભૂલી નથી ગયો.

તુમડે તુમડે મતિર્ભિન્ના !

પહેલાં 'તુન્ડે તુન્ડે મતિર્ભિન્ના' હતી તે અત્યારે 'તુમડે તુમડે મતિર્ભિન્ના' થઈ ગઈ છે ! તુન્ડે ગયાં ને તુમડાં રહ્યાં ! [illegible] હિતાહિતનું તો કોઈ ભાન નથી. માબાપ તરીકે કેમ રહેવું તેનું ભાન નથી. એક ઘનશ્યામભાઈ હતા. તે પોતાની બૈરીને બોલાવે [illegible] 'અરે બાબાની મમ્મી કયાં ગઈ ? ત્યારે બાબાની મમ્મી મહીંથી [illegible] "કેમ શું છે ?" ત્યારે ભાઈ કહે, 'અહીં આવ, જલ્દી જલ્દી અહીં આવ. જો જો તારા બાબાને કેવું પરાક્રમ કરતાં આવડે છે. ! [illegible] બાબાને પગ ઊંચા કરીને મારાં ગજવામાંથી કેવા હતા પૈસા [illegible] [illegible] છે બાબો ! (?)'

કરાંને સારું 'એનકરેજમેન્ટ' થાય, ને શું બોલવાથી તેને નુકસાન થાય
તેનું ભાન તો હોવું જોઈએ ને?

મા ગાજર, બાપ મૂળા ને છોકરાં!!!

આ તો અનટેસ્ટેડ ફાધર અને અનસ્ટેટેડ મધર છે. બાપ મૂળો ને મા
ગાજર પછી બોલો છોકરાં કેવાં પાકે? કંઇ સફરજન ઓછાં થાય?!

એક બાપે એના છોકરાંને સહેજ જ હલાવ્યો એટલે છોકરો ફાટી
ગયો, ને બાપને કહેવા લાગ્યો કે મારે ને તમારે નહીં ફાવે પછી
બાપ છોકરાંને કહેવા લાગ્યો કે ભઇ! મેં તને કશું ખરાબ નથી કહ્યું. તું
શું કામ ગુસ્સે થાય છે? ત્યારે મેં બાપને કહ્યું કે હવે શું કામ ઓરડો
મૂઓ છો? પહેલાં હલાવ્યું શું કામ? કોઇને હલાવશો નહીં. આ
પાકાં ચીભડાં છે. કશું બોલશો નહીં. મેરી ભી ચૂપ ને તેરી ભી ચૂપ.
ખઇ પીને મોજ કરો.

પ્રશ્ન : આ છોકરાં ખરાબ લાઇને ચઢી જાય તો માબાપની
ફરજ છે ને કે એને વાળવો જોઈએ?

દાદાશ્રી : એવું છે ને કે માબાપ થઈને એને કહેવું જોઈએ.
પણ માબાપ છે જ કયાં અત્યારે?

સર્ટિફાઈડ માબાપ

પ્રશ્ન : માબાપ કોને કહેવાય?

દાદાશ્રી : માબાપ તો તેનું નામ કહેવાય કે છોકરો ખરાબ
લાઇને ચઢયો હોય છતાં ય એક દહાડો માબાપ કહેશે, "ભઇ, આ
આપણને શોભે નહીં, આ તેં શું કર્યું?" તે બીજે દહાડેથી એનું
બંધ થઇ જાય. એવો પ્રેમ જ કયાં છે? આ તો પ્રેમ વગરના માબાપ.
આ જગત પ્રેમથી જ વશ થાય. આ માબાપને છોકરાં પર કેટલો
પ્રેમ છે—ગુલાબના છોડ પર માળીનો હોય તેટલો. આને માબાપ
કેમ કહેવાય? અનસર્ટિફાઇડ ફાધર ને અનસર્ટિફાઇડ મધર-પછી
છોકરાંની શી સ્થિતિ થાય? ખરી રીતે સ્થિતિ પહેલાં ટેસ્ટિંગ કરાવીને,

સર્ટિફિકેટ મેળવીને પછી જ પરણવાની છૂટ હોવી જોઈએ. પરીક્ષા પાસ થયા વગર, સર્ટિફિકેટ વગર ગવર્મેન્ટમાં ય નોકરીએ લેતા ન તો આમાં સર્ટિફિકેટ વગર પૈણાવાય શી રીતે ? આ મા કે બાપ **તરીકેની જવાબદારી દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી કરતાં ય વધારે છે. વડાપ્રધાન કરતાં ય ઊંચું પદ છે.**

પ્રશ્ન : સર્ટિફાઈડ ફાધર મધરની વ્યાખ્યા શું ?

દાદાશ્રી : અનસર્ટિફાઈડ માબાપ એટલે પોતાના છોકરાં પોતાના કહ્યા પ્રમાણે ચાલે નહીં. પોતાના છોકરા પોતાના ઉપર ભાવ રાખે નહીં, હેરાન કરે તે માબાપ અનસર્ટિફાઈડ જ કહેવાય ને ?

છોકરાં સુધારવાની સમજ

એક સિંધીભાઈ આવેલા તે કહે કે એક છોકરો આમ કરે છે ને બીજો તેમ કરે છે. એને શી રીતે સુધારવો ? મેં કહ્યું, 'તેં એવાં છોકરાં શું કરવા લાવ્યા ? છોકરાં સારા વીણીને આપણે લઈએ ? આ હાફૂસની કેરીઓ બધી એક જાતની હોય તે બધી મી જોઈએ. ચાખી કરીને બધી લાવીએ. પણ તમે એ ખાટી લાવ્યા, ઊતરેલી લાવ્યા, તૂરી લાવ્યા. બે ગળી લાવ્યા. પછી એના રસમાં બરક આવે ખરી ? પછી વઢંવઢા કરીએ એનો શો અર્થ ? **આપણે ખા ખાટી કેરી લાવ્યા પછી ખાટીને ખાટી જાણવી તેનું નામ જ્ઞા** આપણને ખાટો સ્વાદ આવ્યો તે જોયા કરવાનું. આ પ્રકૃતિને જો કરવાની છે. કોઈના હાથમાં સત્તા નથી. **અવસ્થા માત્ર કુદરતી રચ** છે. આમાં કોઈનું કશું ચાલે નહીં, ફેરફાર થાય નહીં ને પા "વ્યવસ્થિત" છે.

પ્રશ્ન : મારવાથી છોકરાં સુધરે કે નહીં ?

દાદાશ્રી : કોઈ દહાડો સુધરે નહીં, મારવાથી કશું સુધરે નહીં આ મશીનને મારી જુઓ તો ? એ ભાંગી જાય. તેમ આ છોકરાં ભાંગી જાય. ઉપરથી સાજાસમા દેખાય પણ મહીં ભાંગી જાય. બીજા

'કરેજ' (પ્રોત્સાહિત) કરતાં ના આવડે તો પછી મૌન રહેને બા.
પીને છાનોમાનો બધાંના મોઢાં જોતો જા. આ બે પૂતળાં
ગાટ માંડે છે તેને, જોતો જા. આ આપણા કાબૂમાં નથી. આપણે
આના જાણકાર જ છીએ.

જેણે સંસાર વધારવો હોય તેણે આ સંસારમાં વઢવંઢા કરવી,
ુંય કરવું. જેને મોક્ષે જવું હોય તેને અમે શું બને છે તેને
જુઓ' એમ કહીએ છીએ.

આ સંસારમાં વઢીને કશું સુધરવાનું નથી. ઊલટો મનમાં અહંકાર
છે કે હું ખૂબ વઢયો. વઢયા પછી જુઓ તો માલ હતો તેનો તે
હોય. પિત્તળનો હોય તે પિત્તળનો જ, ને કાંસાનો હોય તે કાંસાનો
રહે. પિત્તળને માર માર કરે તો એને કાટ ચઢયા વગર રહે?
રહે. કારણ શું? તો કે 'કાટ ચઢવા'નો સ્વભાવ છે એનો. એટલે
ાન રહેવાનું. જેમ સિનેમામાં ના ગમતો સિન આવે તો તેથી કરીને
ાં આપણે જઇને પડદો તોડી નાખવો? ના. એ ય જોવાનું. બધા
ગમતા સિન આવે કઇ? કેટલાક તો સિનેમામાં ખુરશી પર બેઠા
ઠા બૂમાબૂમ કરે કે એ ય મારી નાખશે, મારી નાખશે. આ મોટાં
માણુનાં ખોખાં જોઈ લ્યો! આ તો બધું જોવાનું છે. ખાવ, પીવો,
ઓ ને મઝા કરો.

છોકરાં અને શિક્ષકો

પ્રશ્ન : આ છોકરાં શિક્ષકની સામે થઇ ગયા છે ક્યારે સુધરશે?

દાદાશ્રી : જે ભૂલના પરિણામ ભોગવે તેની ભૂલ છે.
મા ગુરુઓ જ ઘનચક્કરો પાક્યા છે તે શિષ્યો સામા થાય છે. આ
કરાં તો ડાહ્યા જ છે પણ ગુરુઓ ને માબાપ ઘનચક્કર પાક્યા છે
અને વડીલો જૂની પક્કડ પકડી રાખે પછી છોકરાં સામા થાય જ ને?
અત્યારે માબાપનું ચારિત્ર્ય એવું હોતું નથી કે છોકરાં સામા ના થાય.
આ તો વડીલોનું ચારિત્ર્ય ઘટી ગયું છે તેથી છોકરાં સામા થાય છે.

છોકરા છોકરી છે તેના તમારે માળી તરીકે, ટ્રસ્ટી તરીકે રહેવાનું છે. એને પૈણાવાની ચિંતા કરવાની ના હોય. ઘરમાં જે બની જાય તેને 'કરેક્ટ' કહેવું. ઇન્કરેક્ટ (Incorrect) કહેશો, તો કશો ફાયદો નહીં થાય. ખોટું જોનારને બળાપો થશે. એકનો એક છોકરો મરી ગયો તો કરેક્ટ છે એમ કોઈને ના કહેવાય ત્યાં તો એમ કહેવું પડે કે બહુ ખોટું થઈ ગયું. દેખાવો કરવો પડે. ડ્રામેટિક કરવું પડે. બાકી અંદર-ખાને કરેક્ટ જ છે એમ કરીને ચાલવું. પ્યાલો જ્યાં સુધી હાથમાં છે ત્યાં સુધી પ્યાલો. પછી પડી જાય ને ફૂટી જાય એટલે કરેક્ટ છે એમ કહેવું. બેબીને કહેવું કે સાચવીને ધીરે રહીને લેજે. પણ ભાંગ્યો કરેક્ટ છે એમ કહેવું. ક્રોધની વાણી ના નીકળે એટલે સામાને ના વાગે. મોઢે બોલી નાખે તે એકલો જ ક્રોધ ના કહેવાય મહીં ધુંધવાય તેય ક્રોધ છે. આ સહન કરવું એ તો ડબલ ક્રોધ છે. સહન કરવું એટલે દબાવ દબાવ કરવું તે. એ તો એક દહાડો સ્પ્રિંગ ઉછળે ત્યારે ખબર પડે. સહન શા માટે કરવાનું? આનો તો જ્ઞાનથી ઉકેલ લાવી નાખવાનો. ઉદયે શું આવી તે જોવાનું અને જાણવાનું તેમાં સહવાનું શાને માટે? આ જ્ઞાન જોવા જાણવા માટે છે.

ભાઈ: છોકરાઓને કરવાનું બહુ હોય છે.

દાદાશ્રી : છોકરાં કોઈ આપણાં બંધાયેલાં નથી. સહુસહુના બંધનમાં છે. આપણે તો એટલું કહેવું પડે કે વહેલા આવજો. પછી જ્યારે આવે ત્યારે. "વ્યવસ્થિત" વ્યવહાર બધો કરવાનો પણ કષાય-રહિત કરવાનો.

> વ્યવહાર કષાયરહિત થયો તો મોક્ષ-
> ને કષાયસહિત વ્યવહાર તે સંસાર.

ભાઈ: અમારો ભત્રીજો રોજ ૯ વાગે ઊઠે છે. કશું કામ થતું નથી.

દાદાશ્રી : આપણે તેને ઓઢાડીને કહીએ કે નિરાંતે સૂઈ જા, ભાઈ એની પ્રકૃતિ જુદી તે મોડો ઊઠે ને કામ વધારે કરે ને અક્કરમી ૪ વાગ્યાનો ઊઠ્યો હોય તોય કશું ના કરે. હું ય દરેક કામમાં હંમેશા

દાદાશ્રી : બહુ ત્યારે ધીમે રહીને કહીએ કે આમ કરો તો ...તું, પછી માનવું ના માનવું તમારી મરજીની વાત છે. તમારી ધોલ ...માને વાગે તેવી હોય અને તેનાથી સામાનામાં ફેરફાર થતો હોય ...જ ધોલ મારજો. ને જો પોલી ધોલ મારશો તો એ ઊલટો વિફરશે. ...ના કરતાં ઉત્તમ તો ધોલ ના મારવી તે છે.

ઘરમાં ચાર છોકરાં હોય તેમાં બેની કંઈ ભૂલ ના હોય તોય ...ાપ એમને ટૈડકાય ટૈડકાય કરે અને બીજા બે ભૂલો કર્યા જ કરે તો ...ણ એને કંઈ ના કરે. આ બધું, પાછળના રુટ કોઝ (મૂળ કારણ) ને ...ઈને છે.

ભાઇ : છોકરાંને ચિરંજીવી કેમ કહેતા હશે ?

દાદાશ્રી : ચિરંજીવી ના લખે તો બીજો શબ્દ પેસી જશે. આ ...છોકરો મોટો થાય ને સુખી થાય, આપણી નનામી નીકળતાં પહેલાં ...એને સુખી જોઇએ એવી ભાવના ખરી ને ? છતાં મહીં મનમાં એવી ...આશા ખરી કે આ ઘૈડપણમાં સેવા કરે. આ આંબા શા માટે ઊછરે ...છે ? કેરીઓ ખાવા. પણ આજના છોકરાં,–એ આંબા કેવા છે ? એને ...બે જ કેરીઓ આવશે ને બાપા પાસેથી બીજી બે કેરીઓ માંગશે. ...માટે આશા ના રાખશો.

એક ભાઇ કહે, કે મારો દીકરો કહે છે કે તમને મહિને સો રૂપિયા ...મોકલું. ત્યારે એ ભાઇ કહે કે મેં તો તેને કહી દીધું કે ભઇ, મારે ...તારી બાસમતીની જરૂર નથી. મારે ત્યાં બાજરી પાકે છે તેનાથી પેટ ...ભરાય છે. આ નવો વેપાર ક્યાં શરૂ કરવો ? જે છે તેમાં સંતોષ છે.

છોકરાં સાથે મિત્રાચારી

પ્રશ્ન : છોકરાંને મહેમાન ગણવા ?

દાદાશ્રી : મહેમાન ગણવાની જરૂર નથી. આ છોકરાંને સુધારવા ...માટે એક રસ્તો છે. એમની જોડે મિત્રાચારી કરો. અમે તો નાનપણથી ...આ રસ્તો લીધેલો. તે આવડાં નાનાં છોકરાં જોડે પણ મિત્રાચારી

બાપ એના માટે બૂમો પાડતો હોય! આ તો રામ આશરે ફાધર થઈ જાય છે. આમાં છોકરાંનો શો વાંક? આ છોકરાં અમારી પાસે બધી ભૂલો કબૂલ કરે. ચોરી કરે તો તેને કબૂલ કરી લે છે. આલોચના તો ગજબનો પુરુષ હોય ત્યાં જ થાય. હિંદુસ્તાનનો કંઈ અજાયબ 'સ્ટેજ'માં ફેરફાર થઈ જશે!

ભાભો ભારમાં તો વહુ લાજમાં...

બહેન : દાદા, ઘરસંસાર બધો શાંતિથી રહે ને અંતરાત્માનું સચવાય એવું કરી આપો.

દાદાશ્રી : ઘરસંસાર શાંતિમાં રહે એટલું જ નહીં પણ છોકરાં પણ આપણું જોઇને વધારે સંસ્કારી થાય એવું થાય એવું છે. આ તો બધું માબાપનું ગાંડપણ જોઇને છોકરાં પણ ગાંડા થઇ ગયા છે. કારણ માબાપના આચાર, વિચાર પદ્ધતિસર નથી. ધણીધણિયાણીય છોકરાં બેઠાં હોય ત્યારે ચેનચાળા કરે એટલે છોકરાં બગડે નહીં તો શું થાય? છોકરાંને કેવા સંસ્કાર પડે? મર્યાદા તો રાખવી જોઇએ ને? આ દેવતાનો કેવો ઓ પડે છે? નાનું છોકરું તે દેવતાનો ઓ રાખે છે ને? માબાપનાં મન 'ફ્રૅક્ચર' થઇ ગયાં છે. મન વિહ્વળ થઇ ગયાં છે. વાણી ગમે તેવી બોલે છે. સામાને દુઃખદાયી થઇ પડે તેવી વાણી બોલે છે. એટલે છોકરાંઓ ખરાબ થઇ જાય. ધણીને દુઃખ થાય ને ધણી એવું બોલે છે કે આપણને દુઃખ થાય. આ તો બધું 'પઝલ' ઊભું થઇ ગયું છે. હિંદુસ્તાનમાં આવું ના હોય. પણ આ કળિયુગનું નિમિત્ત છે એટલે આવું જ હોય, તેમાં તે 'આ' એક અજાયબ વિજ્ઞાન નીકળ્યું છે. તે જેને ભેગું થશે તેનું કામ નીકળી જશે.

પ્રશ્ન : છોકરાં વાંકા ચાલે તો શું કરવું?

દાદાશ્રી : છોકરાં વાંકે રસ્તે જાય તો તે આપણે એને જોયા કરવું ને જાણ્યા કરવું. અને મનમાં ભાવ નક્કી કરવો, અને પ્રભુને પ્રાર્થના કરવી કે આના પર કૃપા કરો.



પૂ. દાદા ભગવાનને હાર પહેરાવતા શ્રી ચન્દ્રકાંતભાઈ પટેલ

આપણે તો જે બન્યું તે 'કરેક્ટ' કહેવું. જે ભોગવે તેની ભૂ છે. બન્યું તે 'કરેક્ટ' કહીને ચાલો તો ઊકેલ આવશે. ભગવાને કહ્યું **'તું સુધર તો તારી હાજરીથી બધું સુધરશે!'**

નાનાં છોકરા—છોકરીઓને સમજાવવું કે સવારે નાહી ધોઇને સૂર્ય-પૂજા કરવી. ને રોજ ટૂંકામાં બોલે કે, **"મને તથા જગતને સદ્‌બુદ્ધિ આપો, જગતનું કલ્યાણ કરો."** આટલું બોલે તો તેમને સંસ્કાર મળ્યા કહેવાય. અને માબાપનું કર્મબંધન છૂટયું. આ તો બધું ફરજિયાત છે. મા-બાપે પાંચ હજારનું દેવું કરીને છોકરો ભણાવ્યો હોય તેમ છતાં કોઈ દિવસ છોકરો ઉદ્ધતાઇ કરે તો, બોલી ના બતાવાય કે અમે તને ભણાવ્યો. એ તો આપણે 'ડયુટી બાઉન્ડ' હતા. ફરજિયાત હતું. ફરજિયાત હતું તે કર્યું. આપણે આપણી ફરજ બજાવવી.



"વરકન્યા, સાવધાન!"

યજમાનનું પહેલેથી જ હિત તાકે એનું નામ પુરો
એનું નામ ગોર, એનું નામ ગુરુ. પૂ. દાદા એવા કરુ
પુરોહિત છે, એવા કૃપાળુ સદ્ગુરુ છે જે લઘુતમ 'અહં'
આખા જગતને યજમાન માને છે. ક્ષણેક્ષણ જાગ્રત રહે
સ-અવધાન રહેવાની એમની સહજ અવસ્થાનો બીજ
સૌ કોઈમાં કરવા તેઓ ઉત્સુક છે.

આદિ વરકન્યાથી આ જગત નિર્માયું. વરકન
હૃદયસંવાદનું જો સંગીત જ ના બજે પછી સુ
આનંદ ક્યાંથી સ્ફુરવાનો? આ પુસ્તિકામાં જાણે કે
વરકન્યાને સાવધ (be aware) કરે છે. એમાં પ
પત્ની પાસે, પત્નીએ પતિ પાસે સાધવાનું છે
શાતાદાયક અનુકૂલનો (adjustments).

સનાતન સુખ પામવા દાદાશ્રીએ તળપદી
વાણીમાં, ઉદાહરણો આપી ચાવી બતાવી છે.

સુમિત્ર શ્રી રમેશ મ. ભટ્ટે 'આપ્તવાણી'માંથી
સુંદર ચયન કર્યું છે, કવિરાજ શ્રી નવનીત સં
વિષયાનુરૂપ પદો રચી આપ્યાં છે, મહાત્મા શ્રી
ઉપાધ્યાયે એટલો પ્રેમશ્રમ કર્યો છે અને ગોલ
શ્રી ચિનુભાઈ શાહે એટલું બુદ્ધિપૂર્ણ મહા
ફક્ત લગ્નોમાં જ ચાર પ્રવેશતાં પ્રત્યેક આ પુસ્તકને

હારનો ઉપહાર

